RNI NO GUJ/GUJ/2005/23890
LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
AMRELI
www.aaspassdaily.com
LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.
● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૧૨ શનિવાર, તા.૦૬-૦૪-૨૦૨૪ અંક : ૮૮ વર્ષ : ૧૯ email :rajkot@aaspassindia.com કિંમત રૂ. ૨-૫૦ પાના - ૮

# ઈરાન ઈઝરાયલ પર હુમલો કરવાની તૈયારીમાં!

## અમેરિકાને બાજુમાં હટી જવા ઈરાનની ચેતવણી

વોશિંગ્ટન,

મધ્ય પૂર્વમાં તણાવ સતત વધી રહ્યો છે. ઈઝરાયેલ છેલ્લા ૬ મહિનાથી પેલેસ્ટાઈનના ગાઝા પર સતત હુમલા કરીને નાગરિકો જીવ લઈ રહ્યું છે, જેની દુનિયાભરમાં ટીકા કરવામાં આવી રહી છે. એવામાં ઈઝરાયલે સીરિયામાં ઈરાનની સેનાના અધિકારીઓની હત્યા કરી વધુ એક યુદ્ધની આમંત્રણ આપ્યું છે. અહેવાલો અનુસાર ઈરાને ઈઝરાયેલ પર હુમલાની ચેતવણી આપી છે, ઈરાને અમેરિકાને દુર રહેવા કહ્યું છે.આંતરરાષ્ટ્રીય મીડિયાના અહેવાલ અનુસાર ઈરાનનું કહેવું છે કે અમેરિકાએ એક બાજુ હટી જવું જોઈએ કારણ કે ઈરાન સીરિયામાં તેના વાણિજ્ય દૂતાવાસ પર ઈઝરાયલના



હુમલાનો જવાબ આપવાની તૈયારી કરી રહ્યું છે. દરમિયાન મધ્ય પૂર્વમાં ઈરાનના મુખ્ય પ્રતિનિધિ હિઝબુલ્લાહે ઈઝરાયેલને યુદ્ધ માટે તૈયાર રહેવાની ચેતવણી આપી છે. ઈરાને વોશિંગ્ટનને લખેલા એક મેસેજમાં જણાવ્યા મુજબ, “યુએસને સલાહ આપીએ છીએ કે બેન્જામિન નેતન્યાહુની જાળમાં ન ફસાય.”

યુએસ મીડિયાના અહેવાલ મુજબ, ઈરાન દ્વારા સંભવિત હુમલાને બાબતે અને મધ્ય પૂર્વમાં તણાવને ધ્યાનમાં રાખીને અમેરિકા હાઈ એલર્ટ પર છે. સુત્રોના જણાવ્યા મુજબ રાષ્ટ્રપતિ જો બાઈડેનનું વહીવટીતંત્ર ઈઝરાયેલ પરના કોઈપણ સંભવિત હુમલા અંગે ચિંતિત છે. બાઈડેન પ્રશાસને ઈરાનને સીધી માહિતી આપી હતી કે યુએસને દમાસ્કસમાં થયેલા હુમલાની કોઈ જાણકારી ન હતી. આમ અમેરિકા મધ્ય પૂર્વમાં તેની સેના અને બેઝ પર ઈરાનના હુમલા ટાળવાનો પ્રયાસ કરી રહ્યું છે.સીરિયાના દમાસ્કસમાં ઈરાની વાણિજ્ય દૂતાવાસ પર થયેલા હવાઈ હુમલામાં બે જનરલ સહિત લગભગ સાત ઈરાનીઓના મોત થયા હતા.

# અઠવાડિયામાં મોદી બીજી વાર યુપીના પ્રવાસે

## આજે પશ્ચિમ યુપીના મતદારોને રીઝવવાનો પ્રયાસ કરશે PM મોદી

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણીના પડઘમ વચ્ચે રાજકીય પક્ષો પ્રચારમાં લાગ્યા છે. આ બધાની વચ્ચે લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કાનું મતદાન થોડા દિવસોમાં શરૂ થવા જઈ રહ્યું છે. આ દરમિયાન જોરશોરથી પ્રચારમાં લાગેલા PM મોદી આજે એટલે કે ૬ એપ્રિલે તેઓ ફરી એકવાર ઉત્તર પ્રદેશના પ્રવાસે છે. મહત્વનું છે કે, એક અઠવાડિયામાં PM મોદીની આ બીજી UP મુલાકાત છે. PM મોદી સૌપ્રથમ સહારનપુરમાં ચૂંટણી રેલીને સંબોધિત કરશે ત્યારબાદ તેઓ સાંજે ગાઝિયાબાદ જશે અને રોડ શો કરશે.

BJPના પ્રદેશ મહાસચિવ ગોવિંદ નારાયણ શુક્લાના જણાવ્યા અનુસાર PM મોદી સવારે સહારનપુરમાં ચૂંટણી રેલીને સંબોધિત કરશે. આ રેલી સહારનપુર સંસદીય ક્ષેત્રના ભાજપના ઉમેદવાર રાઘવ લખનપાલ અને કૈરાના સંસદીય ક્ષેત્રના ઉમેદવાર પ્રદીપ ચૌધરીના સમર્થનમાં યોજવામાં આવી છે જેમાં PM મોદી ભાગ લઈ રહ્યા છે.

# ભાજપ પ્રદેશ કાર્યાલય પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત

## જોહર કરવાની તૈયારી અને જાહેરાત કરાતા કમલમ પર સુરક્ષાકર્મીઓ તહેનાત

અમદાવાદ,

ભાજપે પરશોત્તમ રૂપાલાને ન હટાવતા ક્ષત્રિયાણીઓએ બે દિવસના અલ્ટીમેટમ બાદ હવે જોહર કરવાની જાહેરાત કરી છે અને આ સાથે જોહર કરવાની તૈયારીઓ શરૂ કરી છે. આ જાહેરાતના પગલે કોબા ખાતેના ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સુરક્ષાકર્મીઓને ગોઠવી દેવાયા છે.

દરમિયાનમાં રાજકોટના ઉમેદવાર રૂપાલાએ ગઈકાલે આશાપુરા માતાના મંદિરે દર્શન કરી પ્રચારનો પ્રારંભ કરી દીધો છે. ઉલ્લેખનિય છે કે ક્ષત્રિય સમાજની નારાજગી સાથે આજે અને આવતીકાલે વિવિધ સ્થળોએ મિટીંગ અને સભાના આયોજન થયા છે.

# હરિયાણાના કૈથલમાં ચૂંટણી પંચની વેબસાઈટ થઈ હેક !

## AAPએ રેલી માટે મંજૂરી માંગી તો અભદ્ર ભાષામાં મળ્યો જવાબ

કૈથલ,

હરિયાણાના કૈથલમાં ચૂંટણી પંચની વેબસાઈટ હેક થઈ હોવાની સ્થિતિ બની છે. વાત જાણે એમ છે કે, અહીં આમ આદમી પાર્ટીના એક કાર્યકર્તાએ રેલીનું આયોજન કરવા માટે જિલ્લા વહીવટીતંત્ર પાસે વહીવટી પરવાનગી માંગી હતી. છછૌંની અરજી ફગાવી દેવામાં આવી હતી અને વાંધાજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સાથે બીજા સર્ટિફિકેટ પર હિરોઈનનો ફોટો લગાવીને અરજી રદ કરવામાં આવી હતી.

# આપ નેતા મનીષ સિસોદિયાને આજે કોર્ટમાંથી જામીન મળવાની આશા

## રાઉઝ એવન્યુ કોર્ટે અગાઉ ૬ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા હતા

નવીદિલ્હી,

દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ અને આમ આદમી પાર્ટીના નેતા મનીષ સિસોદિયાની જામીન અરજી પર આજે એટલે કે શનિવારે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં સુનાવણી થશે. મહત્વનું છે કે, સુનાવણીના એક દિવસ પહેલા શુક્રવારે સિસોદિયાએ તિહાર જેલમાંથી એક પત્ર લખ્યો હતો. પૂર્વ દિલ્હીમાં પોતાના વિધાનસભા ક્ષેત્ર પટપરગંજના લોકોને લખેલા પત્રમાં સિસોદિયાએ કહ્યું હતું કે, તેઓ ટૂંક સમયમાં બહાર મળશે.

# ચૂંટણી પંચે આતિશીને ભાજપ તરફથી ઓફરના નિવેદન પર નોટિસ ફટકારી

નવીદિલ્હી,તા.૫

ચૂંટણી પંચે આપ નેતા આતિષીને બીજેપી તરફથી ઓફર મળવા અંગેના નિવેદન પર નોટિસ આપી છે. ભાજપની ફરિયાદ બાદ પણ ચૂંટણી પંચે આ નોટિસ જારી કરી છે. પંચના જણાવ્યા અનુસાર, તેમને ૪ એપ્રિલે ભાજપ તરફથી ફરિયાદ મળી છે. આ ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે આતિશીએ ભાજપ વિશે ખોટું નિવેદન આપ્યું છે. તમને જણાવી દઈએ કે આતિશીએ ૨ એપ્રિલે એક નિવેદન આપ્યું હતું જેમાં તેણે બીજેપી તરફથી ઓફર મળવાની વાત કરી હતી.ચૂંટણી પંચે ભાજપમાં ન જોડાવા માટે ધમકીઓ મળવાના આરોપોની નોંધ લીધી છે અને આતિશીને નોટિસ મોકલી છે. આતિશીએ સોમવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં આ નોટિસનો જવાબ આપવો પડશે. ચૂંટણી પંચે કહ્યું છે કે નોટિસના દરેક ફકરાનો જવાબ લેખિતમાં આપવામાં આવે.

# પશ્મિના માર્ચ પહેલા લેહમાં કલમ ૧૪૪ લાગુ

## વાંગચુકનો આરોપ - ચીને ૪૦૦૦ ચોરસ કિલોમીટર જમીન હડપ કરી

લેહ,

ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકે લેહમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (ન્છઝ) સાથેના વિસ્તારોમાં પશ્મિના માર્ચ કાઢવાની જાહેરાત કરી છે. ૭ એપ્રિલે કાઢવામાં આવનાર પશ્મિના માર્ચમાં હજારો લોકો ભાગ લે તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને લદ્દાખ પ્રશાસને લેહમાં કલમ ૧૪૪ લાગુ કરી છે. આ ઉપરાંત ઈન્ટરનેટ પ્રતિબંધનો આદેશ પણ જારી કરવામાં આવ્યો છે.

આદેશ મુજબ ઈન્ટરનેટ સેવા ઘટાડીને ૨૫ કરવામાં આવશે. આ આદેશ શનિવારે સાંજે ૬ વાગ્યાથી રવિવારે સાંજે ૬ વાગ્યા



સુધી લેહ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૦ કિલોમીટરની ત્રિજ્યામાં લાગુ રહેશે.આ પશ્મિના માર્ચ લદ્દાખના તે ગોચરોમાં ચીની ઘૂસણખોરીને ઉજાગર કરવા અને પર્યાવરણીય રીતે નાજુક પ્રદેશની જમીની વાસ્તવિકતાઓને સામે લાવવા માટે કાઢવામાં આવશે. વાંગચુકે દાવો કર્યો છે કે ચીને લગભગ ૪૦૦૦ ચોરસ કિલોમીટર જમીન પર કબજો કરી લીધો છે. પશ્મિની ભરવાડો કૂચમાં જોડાશે જેઓ જણાવશે કે ગોચર પહેલા ક્યાં હતું અને આજે ક્યાં છે.

વાંગચુકે એક વીડિયો પોસ્ટ કર્યો હતો તેમણે એવો પણ દાવો કર્યો કે લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશ હોવાથી પ્રશાસનને દિલ્હીથી સૂચનાઓ મળી રહી છે. તેમણે કહ્યું- કદાચ પ્રશાસનને કોઈપણ કિંમતે શાંતિ જાળવવા માટે કહેવામાં આવ્યું છે. ૩૧ દિવસથી ઉપવાસ ચાલુ છે અને કોઈ ઘટના બની નથી.

# આસામ કોંગ્રેસના અધ્યક્ષે સીએમ સરમા વિરુદ્ધ ૧૦ કરોડનો માનહાનિનો કેસ કર્યો

ગોવાહાટી,તા.૫

આસામમાં કોંગ્રેસ અધ્યક્ષ ભૂપેન કુમાર બોરાએ સ્થાનિક કોર્ટમાં મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા વિરુદ્ધ ૧૦ કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો દાખલ કર્યો છે. કોંગ્રેસ નેતાએ દાવો કર્યો છે કે સીએમ સરમા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓને કારણે તેમની અને પાર્ટીની છબી ખરડાઈ છે.

આ કેસમાં સીએમ સરમા ઉપરાંત સ્થાનિક અખબારના સંપાદકને વાદી બનાવવામાં આવ્યા છે. બોરાએ આરોપ લગાવ્યો છે કે ઘણી વખત સીએમ સરમાના નિવેદનો દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ જલ્દી જ પાર્ટી છોડી દેશે. આનાથી જનતા સમક્ષ તેમની અને પાર્ટીની છબી ખરાબ થઈ છે. આસામના મુખ્યમંત્રીએ દાવો કર્યો હતો કે બોરા ભાજપમાં જોડાશે, પરંતુ બાદમાં વિપક્ષી પાર્ટીએ આ વાતને ફગાવી દીધી હતી.

# ... તો પાકિસ્તાનમાં ઘૂસીને આતંકીઓનો ખાત્મો કરીશું

## રાજનાથસિંહે શુક્રવારે કહ્યું કે, દેશની શાંતિને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહેલાને સરકાર બક્ષશે નહી


નવીદિલ્હી,

રક્ષા મંત્રીએ કહ્યું કે જો કોઈ આતંકવાદી દેશની શાંતિને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરશે તો અમે જડબાતોડ જવાબ આપીશું. જો તેઓ પાકિસ્તાનમાં છુપાયેલા હશે તો અમે પાકિસ્તાનમાં ઘૂસીને તેમને મારી નાખીશું. રક્ષા મંત્રી રાજનાથ સિંહે શુક્રવારે કહ્યું હતું કે, દેશની શાંતિને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહેલા આતંકવાદીઓને સરકાર બક્ષશે નહીં અને જો તેઓ પાકિસ્તાનમાં છુપાયેલા હોય તો પણ તેમને જવાબદાર ઠેરવશે.

મંત્રીએ એક ખાનગી ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું, જો આપણા પાડોશી દેશનો કોઈપણ આતંકવાદી ભારતને હેરાન કરે છે અથવા હેરાન કરવાનો પ્રયાસ કરે છે અથવા અહીં આતંકવાદી કૃત્યો કરે છે, તો અમે તેને યોગ્ય જવાબ આપીશું. જો તે પાકિસ્તાન ભાગી જશે તો અમે પાકિસ્તાનમાં ઘૂસીને તેને મારી નાખીશું. રાજનાથ સિંહની ટિપ્પણી એવા સમયે આવી છે. જ્યારે ભારતે ન્યુઝ એજન્સીનાં બ્રિટિશ અખબારના અહેવાલને નકારી કાઢ્યો છે.

બ્રિટિશ અખબારના અહેવાલમાં ભારતે પાકિસ્તાનમાં ટાર્ગેટ કિલિંગ કરવાનો દાવો કર્યો છે. રિપોર્ટમાં પાકિસ્તાની જાસૂસી સંસ્થાઓ જૈના અધિકારીઓને ટાંકીને દાવો કરવામાં આવ્યો છે કે ભારતે ’જેને તે તેના માટે દુશ્મન માને છે તેને નિશાન બનાવવાની નીતિ અમલમાં મૂકી છે.

વિદેશ મંત્રાલયે ન્યુઝ એજન્સીનાંના અહેવાલમાં લગાવવામાં આવેલા આરોપોને ’ખોટા, અને ભારત વિરોધી પ્રચાર’ ગણાવ્યા છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે અનેક પ્રસંગો પર એમ પણ કહ્યું છે કે અન્ય દેશોમાં ટાર્ગેટ કિલિંગ એ ’ભારત સરકારની નીતિ’નો ભાગ નથી. સંરક્ષણ પ્રધાને એમ પણ કહ્યું કે નવી




દિલ્હી તેના તમામ પડોશીઓ સાથે સારા સંબંધો જાળવવા માંગે છે અને ઉમેર્યું કે ભારતે ક્યારેય કોઈ દેશ પર હુમલો કર્યો નથી.

# અમેરિકામાં વધુ એક ભારતીય વિદ્યાર્થી ઉમા સત્ય ગડ્ડેનું મોત

## અમેરિકામાં ભારતીય મૂળના લોકોના મૃત્યુનો આ સતત ૧૦મો કિસ્સો

વોશિંગ્ટન,

અમેરિકામાં એક પછી એક ભારતીય વિદ્યાર્થીઓ કે ભારતીય મૂળના લોકોનો મોતનો સિલસિલો યથાવત છે. આ દરમિયાન અમેરિકાથી વધુ એક આંચકાજનક અહેવાલ સામે આવ્યા છે. અહીં વધુ એક ભારતીય વિદ્યાર્થીનું મૃત્યુ થતાં ખળભળાટ મચી ગયો છે. અમેરિકાના ઓહિયો શહેરમાં આ ઘટના બની હતી. આ મામલે ન્યુયોર્કમાં સંચાલિત ભારતીય વાણિજ્ય દૂતાવાસે કહ્યું હતું કે તપાસ ચાલી રહી છે, મૃત્યુનું કારણ હજી સુધી સામે આવ્યું નથી. ઉલ્લેખનીય છે કે અમેરિકામાં ભારતીય મૂળના લોકોના મૃત્યુનો આ સતત ૧૦મો કિસ્સો છે. ભારતીય વાણિજ્ય દૂતાવાસના અહેવાલ અનુસાર આ વિદ્યાર્થીનું નામ ઉમા સત્ય સાઈ ગડ્ડે છે. તે ઓહાયોના ક્લિવલેન્ડમાં અભ્યાસ કરી રહ્યો હતો. ભારતીય વાણિજ્ય દૂતાવાસે કહ્યું કે, ‘અમે પીડિતના પરિવાર સાથે સતત સંપર્કમાં છીએ.

અમારી સહાનુભૂતિ તેમની સાથે છે. આ મામલે તેમને તમામ સપોર્ટ કરવામાં આવશે અને વિદ્યાર્થીના મૃતદેહને ભારત પહોંચાડવામાં તમામ મદદ કરવામાં આવશે.’



# નેશન ફર્સ્ટના મંત્ર સાથે ભાજપ સેવારત છે-મોદી

## ભારતીય જનતા પાર્ટીના ૪૫માં સ્થાપના દિવસ પર નેતાઓએ અભિનંદન પાઠવ્યા

નવીદિલ્હી,

ભારતીય જનતા પાર્ટી આજે તેનો ૪૫ મો સ્થાપના દિવસ ઊજવી રહી છે. આ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, પાર્ટી રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા સહિત પાર્ટીના ઘણા નેતાઓએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરી છે અને લોકોને અભિનંદન પાઠવ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોસ્ટ કરી શુભેચ્છા પાઠવી અને કહ્યું કે, ‘નેશન ફર્સ્ટ’ના મંત્ર સાથે ભાજપ સેવારત છે. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં ૬ એપ્રિલ ૧૯૮૦ ના રોજ ભાજપની રચના થઈ હતી. આજે BJP ની મહાન વિભૂતિઓને નમન કરવાનો દિવસ છે. જેમણે વર્ષોથી પોતાની મહેનત, સંઘર્ષ અને બલિદાનથી પાર્ટીને આ ઊંચાઈ પર પહોંચાડી છે. પીએમએ લખ્યું કે, ભારતની પસંદગીની પાર્ટી છે ભાજપ, જે હંમેશાં ભ્રષ્ટાચાર, પરિવારવાદ વિરૂદ્ધ સંકલ્પબદ્ધ છે. આ સાથે પીએમ મોદીએ આશા વ્યક્ત કરી કે, જનતા વધુ એક કાર્યકાળ માટે આશીર્વાદ આપશે. NDAનો અભિન્ન અંગ હોવાનો અમને ગર્વ છે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પણ સોશિયલ મીડિયા પોસ્ટ કરી પાર્ટીના કાર્યકર્તાઓને બીજેપીના સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી હતી અને પાર્ટી માટે કામ કરી રહેલા કાર્યકરોને સલામ આપી હતી. અમિત શાહે લખ્યું, ‘ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ પર તમામ કાર્યકરોને અભિનંદન. હું એવા અસંખ્ય કાર્યકરોને સલામ કરું છું કે જેમણે બીજેપીને વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બનાવવાની યાત્રામાં પોતાનું જીવન સમર્પિત કર્યું છે. સંગઠન પ્રત્યે અતૂટ સમર્પણ અને કામ પ્રત્યેની નિષ્ઠાથી દેશવાસીઓની આશાઓ અને આકાંક્ષાઓ દિવસ-રાત મજબૂત થઈ છે. પીએમ મોદીના નેતૃત્વમાં ભાજપ ગરીબ કલ્યાણ અને સાંસ્કૃતિક વારસાના પુનઃનિર્માણનો પર્યાય બનીને ભારતના નિર્માણમાં મદદ કરી રહી છે.BJP અધ્યક્ષ JP નડ્ડાએ પણ પાર્ટીના સ્થાપના દિવસના અવસરે પોસ્ટ શેર કરી લખ્યું કે, ‘ભાજપના તમામ વરિષ્ઠ નેતાઓને નમન, જેમણે તેમના બલિદાન, સમર્પણ અને સખત મહેનતથી સંગઠનને દેશવ્યાપી વિસ્તરણ પૂરું પાડ્યું. સ્થાપના દિવસ નિમિત્તે તમામ કાર્યકરોને હાર્દિક અભિનંદન. પીએમ મોદીના નેતૃત્વમાં તમામ કાર્યકર્તાઓ વિકસિત ભારતના નિર્માણના સંકલ્પ સાથે વિજયના માર્ગ પર આગળ વધી રહ્યા છે.

# રાજ્યમાં સુરક્ષામાં વધારો : 2019ની સામે આ વર્ષે 52 લશ્કરી દળની વધુ કંપની ફાળવાઈ

ગાંધીનગર,
લોકસભાની ચૂંટણીને લઈને તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગ રૂપે, લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સેન્ટ્રલ આર્મ ફોર્સની ૨૨૫ કંપનીઓ ફાળવવામાં આવી છે. જણાવી દઈએ કે, ૨૦૧૯ ની ચૂંટણીમાં સેન્ટ્રલ આર્મ ફોર્સની ૧૭૩ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. આમ, આ વખતે ૫૨ જેટલી લશ્કરી દળોની કંપનીઓ વધુ ફાળવવામાં આવી છે.

અત્યાર સુધીમાં ૨૦ જેટલી કંપનીઓ ગુજરાત રાજયમાં ગોઠવાઈ ચૂકી છે. જેમાં સીઆરપીએફની ૫ તથા બીએસએફની ૧૦ કંપનીઓ સામેલ છે. રાજ્યના ચાર મોટા શહેરો અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં આ ટીમ યુહાત્મક લોકેશન પર મૂકી દેવામાં આવી છે. આ ઉપરાંત, અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, કચ્છ, વલસાડ, દાહોદ એમ છ જિલ્લામાં ફોકસ કરવામાં આવ્યું છે.

આગામી લોકસભાની સામાન્ય અને વિધાનસભાની પેટા ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરવા માટે ચૂંટણી પંચ દ્વારા કેટલીક મહત્વની સુરક્ષા વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આંતરરાષ્ટ્રીય બોર્ડર ચેકપોસ્ટ તેમજ અતિ સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ અર્ધલશ્કરી દળોની કંપની તેના કરવામાં આવે છે. પ્રત્યેક કંપનીમાં ૭૨ જેટલા કર્મચારીઓ હોય છે, એટલે પ્રથમ તબક્કે ૧,૪૪૦ જેટલા જવાનો સલામતી બંદોબસ્તમાં ગોઠવાઈ ચૂક્યા છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની ૧૭૩ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. રાજયમાં કુલ ૭૯ ક ં પ ન ી અ ા ` સીઆરપીએફ,બીએસએફની ૬૬ કંપનીઓ ગુજરાત કંપનીઓ ગુજરાત સ્ટેટ રિઝર્વ પોલીસ પ્લાન કંપનીઓ મળીને ૧૭૩ કંપનીને કામગીરી સોંપવામાં આવી હતી. લોકસભાની ચૂંટણીમાં ૪૬,૭૦૦૯ સિવિલ પોલીસ ૫૪,૮૭૦ હોમગાર્ડ, જીઆરડી જવાનો તેમજ ૨૫૨૦ના એસઆરપીએફના જવાનોને સલામતી બંદોબસ્તમાં ગોઠવણ કરવામાં આવી હતી.

## સખ્ત ગરમી વચ્ચે કમોસમી વરસાદની આગાહી

# આગામી ૧૦ અને ૧૧મીએ સામાન્ય વરસાદની શકયતા




અમદાવાદ,
રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી દિવસોને લઈને રાજયમાં વાતાવરણના બદલાવના સંકેત આપ્યા છે. ગરમીની વચ્ચે ગઈકાલથી આકાશમાં વાદળો ઘેરાયેલા જોવા મળ્યા. ગરમીની ઋતુમાં આગામી ૫ દિવસ વાતાવરણ સૂકું રહેશે તેમ હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું. એપ્રિલ મહિનામાં સામાન્ય રીતે ગરમીનો પારો ઉંચો જોવા મળે છે પરંતુ આ હાલમાં ગરમીમાં આંશિક ઘટાડો થયો છે.

હવામાનમાં થઈ રહેલા ફેરફારોને પગલે હવામાન વિભાગ દ્વારા ઉત્તર અને મધ્ય ગુજરાતના ભાગોમા સામાન્ય વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. ૧૧મીએ સાબરકાંઠા, બનાસકાંઠામાં હળવાથી મધ્યમ વરસાદ જોવા મળી શકે છે. જ્યારે ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર સહિતના દક્ષિણ ભાગોમાં તાપમાનમાં સામાન્ય વધારો જોવા મળી શકે છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ૧૨થી ૧૮ એપ્રિલ દરમ્યાન પંમહાલ, સાબરકાંઠા અને અમદાવાદમાં કમોસમી વરસાદની આગાહી કરી છે.

# શાળામાં હીંચકે ઝૂલતી બે સગી બહેનના મોત

## ૩ સગી બહેનોને અચાનક જોરદાર કરંટ લાગ્યો



દાંતા
દાંતા તાલુકામાંથી એક હચમચાવે એવી ઘટના સામે આવી છે. મોરડુંગરાની પ્રાથમિક શાળામાં હીંચકે ઝૂલતી ૩ સગી બહેનોને અચાનક જોરદાર કરંટ લાગ્યો હતો, જે પૈકી ૨ સગી બહેનોનાં કરુણ મોત થયાં છે, જ્યારે અન્ય એક બહેનની હાલત ગંભીર છે.

પ્રાથમિક તપાસ મુજબ આ બાળકીઓ શાળામાં અભ્યાસ કરતી નથી. સામાજિક પ્રસંગે સાંધોશીથી પરિવાર અહીં આવ્યો હતો. લોખંડના હીંચકા નજીક પાણીના બૉર્ડનું સ્ટાર્ટર હોવાથી એમાં કરંટ આવતાં આ કરૂણાંતિકા સર્જાઈ છે. બન્ને બહેનોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે માંકડી CHC ખસેડવામા આવ્યા હતા.

# બોરસદ કોર્ટમાં બે શખ્સોએ જજની ચેમ્બરમાં ઘૂસી કર્યો હુમલો

## બંને શખ્સોએ ન્યાયાધીશને મુક્કાઓ મારી શર્ટના બટન તોડી નાખ્યા

આણંદ
આણંદની બોરસદ કોર્ટમાં બે શખ્સોએ જજની ચેમ્બરમાં ઘૂસી હુમલો કરી દેતા ચકચાર મચી છે. ભરબપોરે હુમલો કરી હુમલાખોરો ફરાર થઈ જતા પોલીસે અલગ અલગ ટીમો બનાવી હુમલાખોરોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. પોલીસે બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી સીસીટીવીના આધારે હુમલાખોરોની ઓળખ મેળવવા પ્રયાસો હાથ ધર્યા છે. કોર્ટની અંદર જ જજ પર હુમલો થતા હાઈકોર્ટ દ્વારા પણ સમગ્ર મામલે અહેવાલ માગવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

આણંદ જિલ્લાની બોરસદ કોર્ટમાં શુક્રવારે બપોરે એડિશનલ ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ એમ.ડી નંદાણી પોતાની ચેમ્બર હાજર હતા ત્યારે જ બે અજાણ્યા શખ્સો ત્યાં ઘૂસી આવ્યા હતા. બંને શખ્સોએ ન્યાયાધીશને મુક્કાઓ મારી શર્ટના બટન તોડી નાખ્યા હતા. જજ પર ચેમ્બરમાં પડેલી ટીપોય ફેંકવાનો પ્રયાસ કરી તોડી નાખી હતી. બિભત્સ ગાળો અને મારી નાખવાની ધમકી આપી બંને શખ્સો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. બોરસદ કોર્ટમાં એડી.ચીફ. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ.ડી.નંદાણી પર બોરસદ કોર્ટની ચેમ્બરમાં જ હુમલો થતા કોર્ટના રજિસ્ટ્રાર એલ.એ.પંચોલી દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

શુક્રવારે બપોરે રિસેસના સમયે જજ પોતાની ચેમ્બર હતા અને તેમના પ્યુન ચા લેવા ગયા હતા ત્યારે જ બે અજાણ્યા શખ્સોએ ચેમ્બરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી હુમલો કર્યાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. આણંદ જિલ્લાના ઈન્ચાર્જ એસપી અતુલ બંસલે માહિતી આપતા જણાવ્યું હતું કે, બોરસદ કોર્ટમાં બપોરના સમયે જજ જ્યારે હાજર હતા ત્યારે બે અજાણ્યા શખ્સોએ તેમના પર હુમલો કર્યો હતો અને તુરંત ભાગી ગયા હતા. આ મામલે પોલીસે ફરિયાદ નોંધી આરોપીઓની

# બૈરા સામે મારૂં તો શું નીતિન કાકાનુંય કંઈ ઉપજતું નથી

## ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલનો એક વીડિયો વાયરલ

અમદાવાદ,
ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે નીતિન પટેલના એક નિવેદનને લઈને ટિપ્પણી કરી હતી જેની ભારે ચર્ચા થઈ રહી છે. મહેસાણા જિલ્લાના બૂથ સંમેલન દરમિયાન પાટીલનું નિવેદન ચર્ચાનો વિષય બન્યો છે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં તે કહી રહ્યા છે કે, “તમારૂ ઘરમાં ઉપજે છે, તમારી પત્ની ના તો ના પાડે ને, બહેન ના પાડે ને તો કહેજો આ મોદી સાહેબ માટે છે જરાય ના નહીં પાડે. આમ તો ઘરમાં કોઈનું ઉપજતું જ નથી. તમે બધા હા હા કરો છો, મારૂ જ નથી ઉપજતુ તમારૂ ક્યા ઉપજશે. આ નિતિન કાકાનું બહાર કેટલું ચાલે છે પણ અંદર ઘરમાં ચાલતું હોય તો પૂછી જુઓ.

# લોકસભાની ચૂંટણીના ડેટા દર્શાવે છે કે અપક્ષ ઉમેદવારો પર મતદારોનો વિશ્વાસ ઘટી રહ્યો છે




અમદાવાદ,
લોકસભાની ચૂંટણીના ડેટા દર્શાવે છે કે અપક્ષ ઉમેદવારો પર મતદારોનો વિશ્વાસ ઘટી રહ્યો છે, ૧૯૯૧ થી ૯૯ ટકાથી વધુ અપક્ષ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી દીધી છે.ભારતના ચૂંટણી પચં દ્વારા સંકલિત ડેટા દર્શાવે છે કે આઝાદી પછી, સ્વતત્રં ઉમેદવારોની સંખ્યા વધુ રહી હોવા છતાં, ચૂંટણી જીતનારાઓની સંખ્યા ૧૯૫૧માં છ ટકાથી વધુ અને ૧૯૫૭માં આઠ ટકાથી ઘટીને ૨૦૧૯ માંલગભગ ૦.૧૧ ટકા થઈ ગઈ છે. ૧૯૫૧-૫૨ની પ્રથમ ચૂંટણીમાં ૫૩૩ અપક્ષ ઉમેદવારોએ ચૂંટણી લડી હતી અને તેમાંથી ૩૭ જીત્યા હતા, લગભગ ૬.૯૦ ટકા. ચૂંટણીપંચના નિયમોમાં એવી જોગવાઈ છે કે જે ઉમેદવારો કુલ માન્ય મતોમાંથી ઓછામાં ઓછા છઠ્ઠા ભાગના મત મેળવવામાં નિષ્ફળ જાય છે તેમની ડિપોઝીટ ટ્રેઝરીમાં રીડાયરેકટ કરવામાં આવશે. ૧૯૫૧માં સામાન્ય ઉમેદવારો માટે સિક્યોરિટી ડિપોઝીટની રકમ . ૫૦૦ અને એસસીએસટી સમુદાયના ઉમેદવારો માટે . ૨૫૦ હતી. ત્યારથી આ રકમ સામાન્ય અને એસસીએસટી ઉમેદવારો માટે . ૨૫,૦૦૦ અને . ૧૨,૫૦૦ સુધી વધી છે. ૧૯૫૭માં, ૧,૫૧૯ અપક્ષ ઉમેદવારો લોકસભા ચૂંટણી લડા હતા, જેમાં ૪૨ એ જીત્યા હતા — લગભગ ૮.૭ ટકા. જો કે, આ બે ચૂંટણીઓમાં પણ ૬૭ ટકા અપક્ષ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ જ કરી હતી. જેમ જેમ ભારતની લોકશાહી વર્ષોથી અસ્તિત્વમાં આવતા અનેક પ્રાદેશિક પક્ષો સાથે વિકસતી ગઈ તેમ તેમ જીતનારા અપક્ષ ઉમેદવારોની સંખ્યા ઘટી રહી છે. ૧૯૬૨માં, ૨૦ અપક્ષ ઉમેદવારો જીત્યા હતા, જે કુલના ૪.૨ ટકા હતા, યારે ૭૮ ટકાથી વધુ લોકોએ તેમની ડિપોઝીટ ગુમાવી હતી. તત્કાલીન વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના મૃત્યુ પછી તરત જ યોજાયેલી ૧૯૮૪ની ચૂંટણીમાં ૧૩ અપક્ષ ઉમેદવારોએ જીત મેળવી હતી.

## હાર્દિક પંડ્યા સોમનાથ મહાદેવનાં દર્શને



ભારતીય ટીમના સ્ટાર ઓલ રાઉન્ડર અને મુંબઈ ઈન્ડિયન્સ ટીમના સુકાની હાર્દિક પંડ્યાએ પ્રથમ જ્યોર્તિલિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. હાર્દિક પંડ્યાએ સોમનાથ મહાદેવને પૂજા સામગ્રી અર્પણ કરી મહાદેવનો જલાભિષેક કર્યો હતો. આ અવસરે તેઓએ સોમનાથ મહાદેવની સોમેશ્વર મહાપૂજા અને ધ્વજા પૂજન કર્યું હતું. આ તકે સોમનાથ ટ્રસ્ટ તરફથી જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ મહાદેવનું સ્મૃતિ ચિત્ર અને પ્રસાદ આપી હાર્દિક પંડ્યાનું અભિવાદન કર્યું હતું.

# આવશ્યક દવાઓના ભાવમાં કોઈ વધારો કરવામાં આવશે નહીં, આ મોદીની ગેરંટી છે : માંડવીયા



ગાંધીનગર,
આવશ્યક દવાઓના ભાવમાં વધારામાં વધારાની અટકળો પર પૂર્ણવિરામ મૂકતા કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયાએ ગુરુવારે જણાવ્યું હતું કે જથ્થાબંધ ભાવ આધારિત ફુગાવામાં નજીવી વધારો થયો હોવાથી આ નાણાકીય વર્ષમાં જીવન આવશ્યક દવાઓના ભાવમાં કોઈ વધારો કરવામાં આવશે નહીં. આ મોદીની ગેરંટી છે.તેમણે જણાવ્યું હતું કે ભાવવધારાના અહેવાલો બિલકુલ ખોટા છે. દવાઓના ભાવમાં કોઈ વધારો થશે નહીં. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી દર વર્ષે હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ ના આધારે શિડ્યુલ્ડ દવાઓની ટોચની ભાવમર્યાદામાં સુધારો કરે છે. ફુગાવો વધે છે, ત્યારે ભાવમાં વધારો થાય છે અને ફુગાવો ઘટે ત્યારે ભાવ ઘટે છે. આ વર્ષે ફુગાવો વધ્યો નથી. તે માત્ર ૦.૦૦૫ છે. તેથી કંપનીઓ આ વર્ષે ભાવ વધારશે નહીં. આ મોદીની ગેરંટી છે. ડ્રગ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડર્સ ૨૦૧૩ની જોગવાઈઓ અનુસાર દવાઓને શિડ્યુલ્ડ અને નોન-શિડ્લ્યુલ્ડ ફોર્મ્યુલેશન તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

# ૧૦ પાસ યુવકે અમેરિકનોને છેતર્યા લોનની લાલચ આપી ઠગતો હતો

## રાતે ૧૨થી ૫ વાગ્યા સુધી ઘરેથી જ ફોન કરી રોજ ૩૦ લોકોને ટાર્ગેટ કરતો

જુહાપુરા
જુહાપુરાનો ધોરણ ૧૦ પાસ યુવક ફાંકડું અંગ્રેજી બોલી અમેરિકન નાગરિકોને લોનની લાલચ આપી ઠગતો હતો. પોલીસે બાતમીને આધારે તેને ઝડપી પાડ્યો હતો. ધોરણ ૧૦ સુધી ભણેલો સોહિલ પરવેઝ રાશિદ પરવેઝ શેખ (ઉં. ૨૭) અમેરિકાના લોકો સાથે ફોન પર 'મે આઈ હેલ્પ યુ' અને 'વોટ કેન આઈ ડુ ફોર યુ' તેવી વાત કરીને લોન લેવા માટે તૈયાર કરતો હતો. બેંકનો લોનનો નકલી અપ્રૂવલ લેટર બતાવીને કમિશન પેટે ગિફ્ટ વાઉચરથી ડોલરમાં પૈસા પણ લેતો હતો. આ યુવક તેના ઘરમાં જ રાતે ૧૨ વાગ્યાથી સવારે૫ વાગ્યા સુધી કોલ સેન્ટર ચલાવતો હતો. તે રોજ રાતે ૩૦ લોકો સાથે વાત કરતો હતો.

પોલીસે રેડ પાડી ત્યારે સોહિલ અમેરિકી નાગરિક સાથે જ વાત કરી રહ્યો હતો.તેની પાસેથી લેપટોપ, ૩ ફોન મળ્યા હતા. પૂછપરછમાં સોહિલે જણાવ્યું હતું કે, તે અગાઉ રખિયાલમાં કોલ સેન્ટર ચલાવતો હતો ત્યારે હબીબ શેખ નામની વ્યક્તિના સંપર્કમાં આવ્યો હતો. ત્યાર બાદ હબીબ દિલ્હી જતો રહ્યો હતો અને ત્યાંથી કોલ સેન્ટર ચલાવતો હતો. હબીબ જે એપ આપે તેમાં ૧૫૦થી ૨૦૦ અમેરિકીના ડેટા રહેતો હતો.

# વડોદરા સ્ટેશન પર વંદે ભારતમાં પત્નીને મુકવા ગયેલા પતિ ટ્રેનમાંથી ઉતરે તે પહેલાં દરવાજો બંધ થઇ ગયો

વડોદરા,
સ્વભાવિક રીતે આપણા ઘરેથી જ્યારે કોઈ ટ્રેનમાં બહાર જાય ત્યારે પરિવારજનો તેમને સ્ટેશન પર મૂકવા જતા હોય છે. જેથી લગેજ ઉપાડવામાં કોઈ મુશ્કેલી ના પડે. પરંતુ કેટલીકવાર લોકો સામાન ટ્રેનના ડબ્બામાં મુકવા માટે ચઢી જાય છે, અને કેટલીકવાર ટ્રેન ચાલવા લાગે છે અને ઉતાવળમાં ઉતરવું પડે છે. આવી ભૂલ વડોદરામાં એક વ્યક્તિને મોંઘી પડી ગઈ છે. હાલ આ ઘટના સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવી છે. જેમાં એક યુવતીએ પોતાના માતા પિતા સાથે બનેલી ઘટના જણાવી છે. વડોદરા સ્ટેશન પર વંદે ભારતમાં પત્નીને મુકવા ગયેલા પતિ ટ્રેનમાંથી ઉતરે તે પહેલાં દરવાજો બંધ થઈ જતા સુરત ઉતરી પાછા વડોદરા જવું પડ્યું હતું, પતિ ટ્રેનમાં પત્નીને સીટ સુધી મુકવા ગયો હતો. ટ્રેન સ્ટોપેજનો સમય પુરો થતાં ઓટોમેટિક દરવાજો બંધ થઈ ગયો હતો.

# પાટીલની પાંચ લાખની લીડનો પ્લાન



## ગુજરાતની ૨૬ બેઠક પરથી ૨ કરોડ ૨૨ લાખ મત અંકે કરવા માટેનું ગણિત

ગાંધીનગર,
લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠક પર ઓછામાં ઓછા ૫ લાખથી વધુ મતની લીડ મેળવવા માટે ગુજરાત ભાજપ દ્વારા વ્યૂહરચના ઘડી નાંખવામાં આવી છે. ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો રહ્યા હોય વ્યૂહરચના અનુસાર ભાજપ કામે પણ લાગી ગયું છે. જેમાં ચૂંટણીમાં જીતના પાયામાં બુથ પ્રમુખોને મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી રહી છે.લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠક પરથી ૨ કરોડ ૨૨ લાખ મત અંકે કરવા માટેનું ગણિત મંડાઈ રહ્યું છે. ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે બુથ પ્રમુખોને સંબોધતા જણાવ્યું કે નરેન્દ્ર મોદી ત્રીજી વખત પ્રધાનમંત્રી બનવા જઈ રહ્યા છે ત્યારે ગુજરાત ભાજપે પણ ત્રીજી વખત ૨૬માંથી ૨૬ બેઠક જીતીને હેટ્રીક તો સર્જવાની છે સાથે કંઈક વિશેષતા પણ કરવાની છે. જો ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૬ બેઠક જીતી શકતા હોઈએ તો લોકસભાની ૨૬ બેઠક પર ઓછામાં ઓછા ૫ લાખની લીડ મેળવી શકાય તેવો મને વિશ્વાસ છે. બુથ પ્રમુખોને સૂચવેલા પાંચ કામો સિસ્ટમ મુજબ કરવામાં આવશે તો ૫ લાખથી વધુ મતની લીડ ચોક્કસ પાર કરી શકાશે. બુથ પ્રમુખે કમિટીના ૧૪ સભ્યની બેઠક યોજીને જવાબદારી સોંપવા સાથે તેઓને આગેવાની લેવા પ્રેરિત કરવાના છે. ગુજરાતમાં ૧ કરોડ ૧૩ લાખ ભાજપના પ્રાથમિક સદસ્ય નોંધાયા છે અને ૭૪ લાખ પેજ કમિટીના સભ્યો છે. ભાજપના પ્રાથમિક સદસ્ય અને પેજ કમિટીના સભ્ય વચ્ચે ફરક એટલો છે કે એક જ ઘરમાંથી બેથી પાંચ વ્યક્તિ ભાજપના પ્રાથમિક સદસ્ય હોઈ શકે છે. પરંતુ પેજ કમિટીમાં એક ઘરમાંથી એક જ વ્યક્તિ હોય છે. ભાજપના ૭૪ લાખ પેજ કમિટીના સભ્યો છે મતલબ ગુજરાતના ૭૪ લાખ ઘરમાં ભાજપનો એક સભ્ય છે. ભાજપના ૭૪ લાખ સભ્યો છે જેઓના ઘરમાં સરેરાશ ત્રણ મત હોય કુલ ૨ કરોડ ૨૨ લાખ મત છે. જો લોકસભાની ચૂંટણીમાં ૨ કરોડ ૨૨ લાખ મતદારો દ્વારા મતદાન કરવામાં આવે તો કોંગ્રેસના ૨૬ ઉમેદવારોની ડીપોઝીટ પણ બચી શકે નહીં. હું કોઈ દાવો કરતો નથી અને ડંફાશ મારવી એ મારો સ્વભાવ નથી. મેં જે કહ્યું છે તે કર્યું છે.

# રાજીવ મોદી સામે દુષ્કર્મ કેસમાં વિદેશી યુવતીએ હ્યુમન રાઈટ કાઉન્સિલમાં ફરિયાદ નોંધાવી



અમદાવાદ
કેડીલના CMD રાજીવ મોદીની મુશ્કેલીમાં વધારો. વિદેશી બલ્ગરેરીયન યુવતીએ દુષ્કર્મ કેસમાં રાજીવ મોદી સામે હ્યુમન રાઈટ કાઉન્સિલમાં ફરિયાદ નોંધાવી. બલ્ગેરીયન યુવતી સાથે દુષ્કર્મ કેસમાં રાજીવ મોદી સામે હાઈકોર્ટના હુકમ બાદ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. રાજીવ મોદી શહેરના અગ્રણી ઉદ્યોગપતિ હોવાથી જ્યારે વિદેશી યુવતી તેમની સામે ફરિયાદ નોંધાવા ગઈ ત્યારે પોલીસ ફરિયાદ નોંધવા તૈયાર નહોતી. આખરે યુવતીએ ફરિયાદ માટે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા.

રાજીવ મોદીએ છારોડી ખાતેના ફાર્મહાઉસમાં વિદેશી યુવતી પર દુષ્કર્મ કર્યું હતું. હાઈકોર્ટની ટકોર બાદ રાજીવ મોદી સામે ફરિયાદ નોંધાતા શહેરભરમાં આ મામલાને લઈને ચકચાર મચી હતી. બલ્ગેરિયન યુવતીની હાઈકોર્ટમાં ફરિયાદ બાદ રાજીવ મોદીને બે-બે સમન્સ મોકલવામાં આવ્યા હતા. જેના બાદ ૧૫ ફેબ્રુઆરીએ રાજીવ મોદી સોલા પોલીસ સ્ટેશને હાજર થયા હતા. રાજીવ મોદી સામેના દુષ્કર્મ કેસની તપાસ માટે SIT નિમવામાં આવી હતી. તેમજ એડિશનલ પોલીસ કમિશનર ચિરાગ કોરડિયાના વડપણ હેઠળ SITએ કેસના તમામ સાક્ષીઓના નિવેદન લીધા.

# ધારી સ્થિત યોગીજી મહારાજ મહિલા કોલેજ ખાતે મતદાન જાગૃત્તિ કાર્યક્રમ: બાઈક રેલી યોજાઈ

## ધારી પ્રાંત અધિકારી તથા તાલુકા વિકાસ અધિકારીએ સહભાગી બનીને મતદાનનો સંદેશો પ્રસરાવ્યો

(અતુલ કારિયા) અમરેલીઃ

સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (SVEEં) અંતર્ગત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાન જાગૃત્તિ પ્રસરાવવાના આયોજનના ભાગરુપે કાર્યક્રમો શરુ છે. અમરેલી જિલ્લાના ધારી સ્થિત યોગીજી મહારાજ મહિલા કોલેજ ખાતે મતદાન જાગૃત્તિ કાર્યક્રમ અન્વયે યુવાઓ બાઈક રેલીમાં જોડાયા હતા. ધારી પ્રાંત અધિકારીશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીએ સહભાગી બનીને મતદાનનો સંદેશો પ્રસરાવ્યો હતો. આ પ્રસંગે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, યુવાઓએ મતદાન માટે શપથ લીધા હતા.



# પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની પરીક્ષા ચાલુ થઈ



સાવરકુંડલાઃ

સાવરકુંડલાના જેસર રોડ ખાતે આવેલ નવનિર્માણ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત પ્રિયાશી પ્લે હાઉસ અને આર.કે.પ્રાથમિક શાળામાં પ્રાથમિક વિભાગ ધોરણ ૧ થી ૭ ના વિદ્યાર્થી બાળકોની વાર્ષિક પરીક્ષા શરૂ થતા શાળાના ટ્રસ્ટી રાજેશભાઈ આસનાણી અને પ્રિન્સિપાલ કોમલબેન આસનાણી દ્વારા ભૂલકાંઓને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવ્યું હતું. આ તકે સાવરકુંડલા તાલુકા શીક્ષણાધિકારી એસ.પી.ડાંગરે શાળાના શૈક્ષણિક સ્ટાફને વિદ્યાર્થી બાળકોને ભયમુક્ત રીતે પરીક્ષા આપવા સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા આ તકે શાળા શિક્ષિકા આશાબેન સહિતના શૈક્ષણિક સ્ટાફે સુપરવિઝન કર્યું હતું

# ગીરગઢડાનાં સીમાસી ગામેથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરની અટકાયત

## દારૂનું વેચાણ કરનાર ઈસમોમાં ફફડાટ

કૈલેશ ભટ્ટ ઉનાઃ

ગીર સોમનાથ જિલ્લાક્રાઈમ બ્રાન્ચ ટીમ ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા જિલ્લામાં દારૂ જુગાર જેવી ગેરકાયદેસર ચાલતી પ્રવૃત્તિઓ બંધ કરવા સૂચના આપેલ હોય જે અન્વયેજિલ્લા એલસીબી ઇન્ચાર્જ પી.આઈએ. બી જાડેજા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.બી વોરા ની સૂચના મુજબ એલસીબી ટીમના રાજુ ગઢીયા, પ્રવીણ મોરી સહિતનાઓ ઉના ગીર ગઢડા વિસ્તારમાં પેટ્રોલિંગમાંહોયત્યારે દીવ થી કોડીનાર તરફ કારમાં દારૂનો જથ્થો સપ્લાય થવાનો હોવાની બાતમી મળતા રાજુ ગઢીયા પ્રવિણ મોરીએ ગીર ગઢડા પોલીસ મથકમાં આવતાસીમાસી ગામે વાહન ચેકિંગની કામગીરી હાથ ધરેલ હોય ત્યારે કેસરિયા ગામ તરફથી આવી રહેલ ડીડી૦૨ જી૫૬૫૬ નંબરની કારને રોકાવી તપાસ કરતા કારમાંભરેલ વિદેશી દારૂની નાના મોટી બોટલ નંગ ૧૩૮ જેની કિંમત ૧૪,૪૦૦ મોબાઈલ નંગ ૧ જેની કિંમત્ ૩,૦૦૦ તેમજ કારની કિંમત ૪ લાખ મળી કુલ ૪, ૧૭,૪૦૦ ના મુદ્દા માલ સાથે બુટલેગર દિનેશ તેજા વાઢેળ રહે કોડીનાર ને ઝડપી પાડ્યોહતો. જયારે આ દારૂનો જથ્થો પૂરો પાડનાર બુટલેગરને ઝડપી પાડવા ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમે કાર્યવાહી હાથ ધરતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.



# "ગુલમહોર" મેગેઝિનનું લોકાર્પણ



સાવરકુંડલાઃ

મનીષાબેન પંડ્યાના માર્ગદર્શન અને પ્રેરણા તેમજ ઉમેશભાઈ જોશીના સંપાદન નીચે આ સુંદર મજાનું અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારનું અનિયતકાલીન મેગેઝિન સાહિત્ય રસિકો સમક્ષ મૂકવામાં આવેલ છે. ગુજરાતી સાહિત્યના મુર્ધન્ય સાહિત્યકારો તેમજ નવોદિત લેખકોને આ અંકમાં સમાવવામાં આવ્યા છે. ગુજરાતી સાહિત્યનાં બે સુપ્રસિદ્ધ સર્જક બહેનો કાલિન્દીબહેન પરીખ અને

ભારતીબહેન ગોહિલનો સુંદર સહયોગ આ મેગેઝિનમાં સાંપડ્યો છે તેમનો પણ આ તકે આભાર માનવામાં આવેલ. ગુલમહોર મેગેઝિનના પરામર્શક તરીકે ઉદયભાઈ દેસાઈ,પરેશભાઈ મહેતા તથા કેતનભાઈ જોશીએ સેવા આપી હતી.આજના આ સમારંભમા ગુજરાત સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ ગાયક કલાકાર વિમલભાઈ મહેતા તેમના ગાયક સંગીત સાધક સુપુત્ર તેમજ લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોશીએ ખાસ ઉપસ્થિત રહી પૂ.પ્રતાપદાદાને જન્મદિવસની શુભેચ્છાઓ શ્રદ્ધાંજલી વંદન સહ પાઠવી. અમેરિકા સ્થિત આદરણીય મનિષાબેન દ્વારા પૂજ્ય પ્રતાપદાદાને ગમતા દિવ્યાંગ બાળકોને મોજ કરાવતા કાર્યક્રમમા તમામ દિવ્યાંગ બાળકોને કાળઝાળ ગરમીમાં આઈસ્ક્રીમ પીરસી ઠંડક પ્રસરાવી.

# કાણકિયા કોલેજમાં 'મતદાનનું પર્વ - દેશનું ગર્વ' સૂત્ર હેઠળ મતદાર જાગૃતિ અભિયાનનું આયોજન કરાયું

સાવરકુંડલાઃ

નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત શ્રી વી.ડી.કાણકિયા આર્ટસ અને એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ તથા તાલુકા તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આગામી લોકસભા ૨૦૨૪ની ચૂંટણીને અનુલક્ષીને મતદાર જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવેલ. કોલેજના પ્રિ.ડો.એસ.સી રવિયાએ 'મતદાનનું પર્વ- દેશનું ગર્વ' સંદર્ભે પ્રાસંગિક ઉદબોધન કરેલ.વા.પ્રિ.રીંકુબેન ચૌધરી એ કાર્યક્રમમાં ઉપસ્થિત દીપાબેન કોટક (નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી), ધારાબેન ભાલારા (નાયબ કલેકટર ), બારૈયા સાહેબ (મામલતદાર ), પરમાર સાહેબ (તાલુકા વિકાસ અધિકારી શ્રી), બોરડ સાહેબ (ચીફ ઓફિસર ), ડાંગર સાહેબ



(તાલુકા શિક્ષણ અધિકારી ) તથા જિલ્લા - તાલુકા વહીવટી તંત્રમાંથી પધારેલા તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ.તમામ મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવેલ. બીકોમ સેમેસ્ટર ૨ ની વિદ્યાર્થીની ધડુક અર્શિતા દ્વારા સાંસ્કૃતિક ગીતની રજૂઆત થયેલ તેમજ બીકોમ સેમેસ્ટર ૬ ની વિદ્યાર્થીની કવા આર્મી એ મતદાનનું મહત્વ અને યુવાનોએ તેમના મતદાનના અધિકાર વિશે કેમ જાગૃત હોવું જોઈએ? તેના પર વક્તવ્ય આપેલ.બીકોમ સેમેસ્ટર ૬ ની વિદ્યાર્થીની ખુમાણ ઉર્વશીએ લોકશાહીમાં મતદાનના મહત્વ વિશે વક્તવ્ય આપેલ. ત્યારબાદ પ્રોજેક્ટર પર ઈલેક્શન કમિશન ઓફ ઇન્ડિયા દ્વારા તૈયાર કરેલ વીડિયો ક્લિપ દ્વારા મતદાર જાગૃતિ અંગેનો સંદેશો આપવામાં આવેલ.

દીપાબેન કોટકે (નાયબ જિલ્લા વિકાસ અધિકારી ) મતદારોમાં જાગૃતિ વધારવા માટે સરકારશ્રીની તૈયારી વિશે માહિતી આપી હતી તેમજ મતદાનમાં બહેનોની ભાગીદારી વધે તે માટે પ્રયત્નો કરવા જણાવ્યું હતું. ધારાબેન ભાલારા (નાયબ કલેકટર) એ સરકાર દ્વારા મતદારને આપવામાં આવતી વિવિધ સુવિધાઓ બાબતે વાત કરી હતી.પ્રવચન બાદ ઉપસ્થિત સૌ કોઈએ ફ્લેશ મોબ ડાન્સ કરેલ તેમજ મતદાન માટે વિદ્યાર્થીઓ અને મહાનુભાવો એ શપથ ગ્રહણ કરેલ. પરમાર સાહેબે આભાર વિધિ કરેલ.કાર્યક્રમના અંતે સિગ્નેચર કેમ્પેઈન તથા સેલ્ફી કેમ્પેઈનમાં પણ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ.સમગ્ર મતદાર જાગૃતિ અભિયાનને સફળ બનાવવા કોલેજના પ્રિ.ડો.એસ.સી. રવિયાએ સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડેલ તેમજ વહીવટી તંત્રના શ્રી જીગ્નેશભાઈ વાઘાણી, કોલેજના પ્રો.પાર્થભાઈ ગેડિયા તથા સમગ્ર સ્ટાફગણે વિશેષ જહેમત ઉઠાવી ખરા અર્થમાં મતદાર જાગૃતિના કાર્યક્રમને સફળ બનાવેલ.

# ૬ એપ્રિલ:વિકાસ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ




૬ એપ્રિલએ વિકાસ અને શાંતિ માટે રમતગમતનો આંતરરાષ્ટ્રીય દિવસ એ સામાજિક પરિવર્તન, સમુદાય વિકાસ અને શાંતિ અને સમજણને પ્રોત્સાહન આપવા માટે રમતગમતની શક્તિની વાર્ષિક ઉજવણી છે. રમતગમતમાં આપણા જુસ્સા, ઉર્જા અને ઉત્સાહને સામૂહિક કારણની આસપાસ ગોઠવવાની શક્તિ છે. અને તે ત્યારે જ છે જ્યારે આશાને પોષી શકાય છે અને વિશ્વાસ પાછો મેળવી શકાય છે. બધા માટે વધુ સારું અને વધુ ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરવા માટે રમતગમતની જબરદસ્ત શક્તિનો ઉપયોગ કરવો એ આપણા સામૂહિક હિતમાં છે." ઈન્ટરનેશનલ ડે ઓફ સ્પોર્ટ ફોર ડેવલપમેન્ટ એન્ડ પીસ (IDSDP), જે દર વર્ષે ૬ એપ્રિલે થાય છે, તે સમગ્ર વિશ્વમાં સમુદાયો અને લોકોના જીવનમાં રમતગમત અને શારીરિક પ્રવૃત્તિની સકારાત્મક ભૂમિકાને ઓળખવાની તક રજૂ કરે છે. ૨૦૨૪ ની વૈશ્વિક થીમ "શાંતિપૂર્ણ અને સમાવિષ્ટ સમાજોના પ્રમોશન માટે રમત" તેની વિશાળ પહોંચ, અપ્રતિમ લોકપ્રિયતા અને સકારાત્મક મૂલ્યોના પાયાના કારણે, રમત વિકાસ અને શાંતિ માટે સંયુક્ત રાષ્ટ્રના ઉદ્દેશ્યોમાં યોગદાન આપવા માટે આદર્શ રીતે સ્થિત છે. આ સંભવિતતાની જાગૃતિ વધારવા માટે, યુએન જનરલ એસેમ્બલી દ્વારા ૬ એપ્રિલને વિકાસ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ (IDSDP) તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. આ દિવસને અપનાવવો એ યુએન દ્વારા માનવ અધિકારોની પ્રગતિ અને સામાજિક અને આર્થિક વિકાસ પર રમતગમતના હકારાત્મક પ્રભાવની વધતી જતી માન્યતા દર્શાવે છે.

-ડો.જી.આર.ગોહિલ

# એમએસએમઈ સમાધાન, ૧૬૦૦ અરજી આવી, ૩ કેસમાં ૩૪ લાખની વસૂલાત

રાજકોટઃ

૪૧ કેસમાં કાઉન્સેલિંગ કરાયું કાઉન્સેલિંગ કેન્દ્રમાં ગોકળગતિએ કામગીરી, ૪૦૦ કેસમાં વેરિફિકેશન

વેપાર-ઉદ્યોગમાં રૂ.૫૦ લાખ કે તેથી નીચેની બાકી વસૂલાત પૂરી થાય તે માટે એમએસએમઈ સમાધાન ડીલે પેમેન્ટ યોજના અંતર્ગત રાજકોટમાં કાઉન્સેલિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે તેમાં જે કામગીરી થાય છે તે ગોકળગતિએ થાય છે. કાઉન્સેલિંગ કેન્દ્ર શરૂ થતા હવે ઉદ્યોગકારોને બાકી વસૂલાત માટે ગાંધીનગર સુધીના ધક્કા બચી જાશે. આ કાઉન્સેલિંગ કેન્દ્રમાં બાકી રકમની વસૂલાત માટે ૧૬૦૦ અરજી આવી છે જેમાં ૪૦૦ કેસમાં વેરિફિકેશન થયું છે.૪૧ કેસમાં કાઉન્સેલિંગ થયું છે અને ૩ કેસમાં રૂ.૩૪ લાખની વસૂલાત કરવામાં આવી છે. રાજકોટ ઉપરાંત જામનગર, દ્વારકા, મોરબી, પોરબંદર, કચ્છના અરજદારો આ કાઉન્સેલિંગ કેન્દ્ર માટે અરજી કરી શકશે.એક કેસમાં રૂ. ૭૦ હજારની વસૂલાત બાકી હતી. આ વસૂલાત અંદાજિત દોઢ વર્ષ જૂની હતી. લેણદારે દેવાદારને અનેકવાર નાણાં ચૂકવી દેવા માટે સમજાવ્યા હતા. આમ છતાં કોઈ નિવેડો આવતો નહોતો આથી લેણદારે એમએસએમઈ સમાધાન ડિલે પેમેન્ટમાં અરજી કરી. બન્ને પક્ષે કાઉન્સેલિંગ કર્યું. જેમાં એવું જાણવા મળ્યું કે, જેને નાણાં ચૂકવવાના છે તેને હોસ્પિટલનો ખર્ચ હોવાને કારણે તેઓ બાકી નાણાં ચૂકવી નહોતા શકતા. કાઉન્સેલિંગ બાદ તેને બાકી રકમની ચૂકવણી માટે ખાતરી આપી હતી.

# અકશા ઝાખરાએ રમજાનનો પહેલો રોજો રાખી ખુદાની બંદગી કરી

સાવરકુંડલાઃ

સાવરકુંડલામાં રહેતાં ઈરફાનભાઈ ઝાખરાની લાડકવાયી દીકરી અકશા ઝાખરાએ ૮ વર્ષની ઉમરે રમજાન મહિનાનું પોતાના જીવનમાં પહેલું રોજુ રાખ્યુ હતું અને પહેલો જ રોજો રાખીને અલ્લાહની ઈબાદત કરી હતી મુસ્લિમ સમાજનો પવિત્ર રમજાન મહિનાની શરૂઆત થઈ છે ત્યારે મુસ્લિમ સમાજના લોકો સવારના ૪ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી રોજા રાખી ને અલ્લાહની ઈબાદત કરતા હોય છે તેમાં હવે નાના ભુલકાઓ પણ બાકાત રહયા નથી




તેવો પણ રોજા રાખે છે રમજાન માસની શરૂઆતમાં પહેલો રોજો સાવરકુંડલામાં રહેતા ઈરફાનભાઈ ઝાખરાની લાડકવાયી દીકરી અકશા ઝાખરાએ જીવનનો પહેલો જ રોજો રાખીને અલ્લાહની ઈબાદત કરી અને હિન્દુસ્તાનમાં કોમી એખલાસભર્યું વાતાવરણ અને ભાઈચારા સાથે દેશમાં અમન અને શાંતિ રહે તેવી દુવા માંગી હતી એમ રજાકભાઈ ઝાખરાએ એક યાદીમાં જણાવ્યું હતું

# વેરાવળ સિવિલ હોસ્પિટલ દ્વારા દર્દીના કેસ પેપરમાં પણ મતદાન જાગૃતિનો સંદેશો

## દૈનિક ૭૦૦થી વધુ દર્દી કેસ પેપરમાં સિક્કો લગાવી મતદાન જાગૃતિનો પ્રયાસ

વેરાવળ:ગીર સોમનાથ, તા.૦૫: જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અને કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શનમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે વિવિધ વિભાગો દ્વારા વિવિધ પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યાં છે.

આ જ ઉપક્રમમાં વેરાવળ સિવિલ હોસ્પિટલ દ્વારા દર્દીઓના કેસ પેપરમાં મતદાન જાગૃતિનો સિક્કો લગાવી અવશ્ય મતદાન કરવાં અનુરોધ કરી દર્દીની સેવા સાથે રાષ્ટ્રસેવાની ફરજ નિભાવવામાં આવી રહી છે.




જિલ્લાના વધુમાં વધુ મતદારો ચૂંટણીના મહાપર્વમાં સહભાગી થાય અને પોતાના અમૂલ્ય મતાધિકારનો ઉપયોગ કરે તે માટે વેરાવળ સિવિલ હોસ્પીટલ દ્વારા દૈનિક ૭૦૦ કેસ પેપરમાં મતદાર જાગૃતિનો સિક્કો લગાવીને દર્દીઓમાં મતદાન જાગૃતી ફેલાવવામા આવી રહી છે.

લોકશાહીની પ્રક્રિયામાં સહભાગી થઈ તમામ મતદારો પોતાના અમૂલ્ય મતાધિકારનો અવશ્ય ઉપયોગ કરે તેવા શુભ હેતુથી દૈનિક ૭૦૦થી વધુ કેસ પેપરમાં "અવસર લોકશાહીનો, મારા ભારતનો" અને "મતદાન અવશ્ય કરીએ" નો નારો બુલંદ કરવામાં આવી રહ્યો છે.

# રંગોળી, ક્વિઝ કોમ્પિટિશન, સેલ્ફી પોઈન્ટ દ્વારા તાલાલા ખાતે મતદાન જાગૃતિ ફેલાવવામાં આવી

ગીર સોમનાથઃ

તાલાલા મામલતદાર કચેરી તથા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીની કચેરીના સંયુક્ત ઉપક્રમે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, તાલાલા દ્વારા બસ સ્ટેશન ખાતે રંગોળી, ક્વિઝ કોમ્પિટિશન, સેલ્ફી પોઈન્ટ જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મતદાન જાગૃતિ ફેલાવી 'મતદાન અવશ્ય કરો'નો સંદેશો આપવામાં આવ્યો હતો.જિલ્લાના મતદારોમાં મતદાન પ્રત્યેની જાગૃતિ કેળવાય તે હેતુથી 'વોટ ફોર નેશન'ની થીમ અંતર્ગત સુંદર રંગોળી દ્વારા ભારતનો નકશો બનાવવામાં આવ્યો હતો. તેમજ 'નથીંગ લાઈક વોટિંગ' અને 'દસ મિનિટ દેશ કે નામ' જેવી મતદાનને લગતી વિવિધ થીમ અંતર્ગત મતદાન જાગૃતિ કાર્યક્રમને અનુલક્ષીને



સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજની વિદ્યાર્થીનીઓએ અનેકવિધ રંગોળીઓ બનાવી મતદાન જાગૃતિ અભિયાનને વેગ આપ્યો હતો.

આ ઉપરાંત, ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મતદાન જાગૃતિને લગતા અલગ-અલગ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતાં. તદુપરાંત એક સેલ્ફી પોઈન્ટ ઉભો કરવામાં આવ્યો હતો. જ્યાં તાલાળા તાલુકાના મતદારોએ સેલ્ફી લઈ સોશિયલ મીડિયાના માધ્યમ થકી પ્રસારણ કરી 'મતદાન અવશ્ય કરો'નો સંદેશ ફેલાવ્યો હતો.

# ઉનાના તડ ગામ પાસેથી ગેરકાયદે ખનિજ રેતી ભરેલા બે ટ્રેકટરો કુલ રૂ.૧૦ લાખનો મુદામાલ ઝડપાયો

ઉનાઃ

ઉના તાલુકાના દરીયાઈ કાંઠા વિસ્તારમાંથી ગેરકાયદે ખનિજ રેતી ચોરીને અટકાવવા જીલ્લા કલેકટરના આદેશથી ઉના મામલતદાર કચેરીના સ્ટાફની સયુંકત ટીમ દ્વારા ઉના તાલુકાના નવાબંદર, દેલવાડા, કાળાપાણ, તડ, નાલીયા માંડવી સહીત આજૂબાજૂના ગામમાંથી તપાસ હાથ ધરતા ગેરકાયદે ખનિજ રેતી ભરેલા ટ્રેકટરો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.



જીલ્લા કલેકટર ડી.ડી.જાડેજાના માર્ગદર્શન હેઠળ આજે ઉના મામલતદાર કચેરીના સ્ટાફની સયુંકત ટીમ દ્વારા ઉના તાલુકાના નવાબંદર, દેલવાડા, કાળાપાણ, તડ, નાલીયા માંડવી ગામ તરફ આકસ્મિત તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ચેકીંગ દરમ્યાન તાલુકાના તડ ગામેથી પસાર થતા ગેરકાયદેસર ખનિજ રેતી ભરેલી બે ટ્રેકટરો રોકાવી તપાસ કરતા રોયલ્ટી વગર ગેરકાયદેસર રીતે ખનિજ સાદી રેતીની હેરાફેરી કરતા ૨ ટ્રેકટર ટ્રોલી સાથે મળી કુલ અંદાજીત કિં. રૂ.૧૦ લાખની કિંમતનો મુદામાલ જપ્ત કરવામાં આવેલ છે. અને નિયમોનુસાર કાર્યવાહી કરવા માટે ખાણ ખનીજ ઓફિસ ગીર સોમનાથને અહેવાલ કરવામાં આવેલ છે. આમ ખનિજ રેતી ચોરી કરનાર સામે તંત્ર એ લાલ આંખ કરતા ખનિજ ખોરોમાં ફફડાટ મચી ગયેલ છે.

# તળાવો ઊંડા ઉતારવાની અને જળસ્તર ઊંચું લાવવાની કામગીરી શરૂ

સાવરકુંડલાઃ

સાવરકુંડલા તાલુકામાં જળસંચયથી જળસમૃદ્ધિ દ્વારા સાવરકુંડલા તાલુકાના નવાગામ જાંબુડા ખાતે ગ્રામજનોના સહયોગથી સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવ ઉંડા કરવાની અને જળસ્તર ઉંચુ લાવવાની કામગીરીનું સમસ્ત ગ્રામજનો દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે પાણી બચાવો અભિયાનમાં ધોળકિયા ફાઉન્ડેશનનું યોગદાન પણ સાવરકુંડલા તાલુકાના નવાગામ જાંબુડા ગામને કરવામાં આવી રહ્યો છે આ તકે તળાવો ઊંડા ઉતારવાની



અને જળસ્તર ઉંચુ લાવવા અંગેની કામગીરી અને સ્થળ નિરીક્ષણ સાવરકુંડલા લીલીયા તાલુકાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ સ્થળ પર નિરીક્ષણ કરી નવાગામ જાબુડાના ગ્રામજનોને જળક્રાંતિના ધ્યેય બદલ અભિનંદન પાઠવ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# મતદાતા સર્વોપરી છે

આ દેશમાં કોઈ નેતા કોઈ અભિનેતા કે કોઈ મહાન માનવી સર્વોપરી નથી લોકશાહીમાં જો કોઈ સર્વોપરી હોય તો તે મતદાતા છે ગરીબમાં ગરીબ માણસ પાસે પણ મતદાનની શક્તિ છે અને શક્તિ થકી તે રાષ્ટ્ર ની સર્વોત્તમ કાર્ય કરી શકે તેમ છે મતદાતા ગરીબ નથી મતદાતા પાસે પાવર છે માત્ર પરિવાર સમાજ રાજ્ય કે રાષ્ટ્રને લીડ કરાવવાની તાકાત હોય છે પરંતુ તે ભૂલી જાય છે અને પરિણામે વામણાઓ સત્તાના સિંહાસન પર બિરાજમાન થઈ જાય છે કટર ઈમાનદાર લોકો આજે સળીયા પાછળ છે. અન્ના હજારે જેવા લોકો હાસ્યામાં ધકેલાઈ જાય છે. અને સત્તાના સિંહાસન પર તેના શિષ્ય બિરાજમાન થઈ જાય છે. આ લોકો એટલા માટે જીતે છે કે તેમની પાસે નેતૃત્વની કળા છે.

ભારત વિશાળ લોકશાહી દેશ છે. લોકશાહીની સફળતા જે તે દેશ કે પ્રાંતમાં તેના સંચાલકો નેતૃત્વવર્ગ ઉપર જ નિર્ભર છે. જે ક્યાંય ન ચાલે તે તદ્દન ખોટો સિક્કો આપણે સત્તાના સિંહાસન બેસાડીએ છીએ.

એટલું જ નહિ ચલાવીએ છીએ. નેતા કે નેતૃત્વ વિશે ન તો આપણા અમુક નેતાઓને કંઈ સમજ છે કે ન તો તેને ચૂંટી કાઢનારી જનતાને. નેતૃત્વ કલા એટલે શું? નેતા એક એવો કલાકાર છે જેને નમસ્કાર કરતાં આવડે, હાથ જોડતા આવડે કે હા જી હાનાં મસ્કા મારતા આવડે. ચૂંટણીમાં મોટા મોટા વચનો દેતાં આવડે એટલે આપણા નેતાની મત મેળવવાની ક્ષમતા વધી ગઇ ગણાય. આપણે હોંશેહોંશે આ નેતાને ઊંચકીને આપણા માથે મૂકીએ છીએ. અને જે પોતાનું ઘર સંભાળી શકતો ન હોય તેને સારા રાજ્ય કે દેશની જવાબદારી સામે ચાલીને સ્વીકારી છે.

પોતાની જાતને સો ટકા પ્રમાણિક ગણાવતા લોકો જ રાજ્ય, દેશ કે સ્થાનિક વિકાસને રુંધી નાખે છે અને આપણે હાથે જ આપણી વિકાસની કબર ખોદી આવા તદ્દન બિનલાયક વ્યકિતઓની ઉપર આંધળો વિશ્વાસ મૂકી રાષ્ટ્રની ગરિમાને નુકસાન કરીએ છીએ. લોકશાહી દેશમાં જેણે નેતા બનવું હોય તેમણે નેતૃત્વ શકિત ખીલવવી રહી, અને જેની પાસે 'મતદાતા' તરીકેના પાવર છે, તેમણે યોગ્ય નેતાની પરખ- નેતાની લાયકાતો વગેરેથી માહિતગાર બની સાચા સ્વરૂપે ખરા સેવાધારી, યોગ્ય લાયક અને સક્ષમ નેતૃત્વશકિત પુરબહારમાં જેની ખીલેલી હોય તેવી જ વ્યકિત ઉપર મહોર મારવી જોઈએ. તો જ તંદુરસ્ત લોકશાહીનું નિર્માણ થઈ શકે અને આપણે અને આપણી ભાવી પેઢી તે લોકશાહીના અમૃતફળ આપી શકીએ.

# મહારાજા શ્રીતખ્તસિંહજીના સમયના જાહેરકામો

## પુલનું નામ આપવામાં આવ્યું કૈસરે હિન્દ પુલ રાણી વિક્ટોરિયાએ તખ્તસિંહજીના વિદ્યાપ્રેમની કદર કરી તેમને એલ.એલ.ડી.ની પદવી એનાયત કરી હતી

### ભાવનગર ૩૦૦

- બળદેવસિંહ ગોહિલ



ઇ.સ.૧૮૬૫ સુધી કાઠિયાવાડમાં એક પણ પાકોરસ્તો બંધાયો નહોતો. ધુળીયા રસ્તાઓ હતા. નદીઓ ઉપર પુલો નહોતા. કાઠિયાવાડ-સૌરાષ્ટ્રમાં આવવા માટે બે મુખ્ય માર્ગ હતાં. એક દરિયામાર્ગે—ઘોઘા-મહુવા-ઉના-પ્રભાસ-માંગરોળ-પોરબંદર-દ્વારિકાનો હતો અને બીજો ધોરીમાર્ગ વઢવાણ-સાયલા-ભાડલા-સરધાર-રાજકોટ-જેતપુર થઈ જૂનાગઢનો હતો. તે પણ કાચો. ઇ.સ.૧૮૬૫માં તે વખતના પોલિટિકલ એજંટ કર્નલ કીટીંજની રાહબરી નીચે રસ્તાઓ વ્યવસ્થિત બાંધવાની શરૂઆત થઈ હતી. સૌથી વધારે અને સારા રસ્તાઓ અને કામો ભાવનગર રાજયમાં થયા હતા.

ભાવનગર શહેર અને મહાલોમાં મુખ્ય ગામોમાં વસ્તી અને વિસ્તાર વધવાની સાથે માણસો અને માલની અવરજવર વધી જતાં, જયાં જરૂર પડી ત્યાં આસપાસની દુકાનો-મકાનોને વળતર આપી રસ્તાઓ પહોળા કરવામાં આવ્યા હતા. ભાવનગરમાં આંબાચોક તથા લાતીવાળા ભાગમાં ભયંકર આગ લાગેલી. ત્યાં વળતર આપી કેટલાક મકાનો પડાવી સાંકડા અને ગીચ વિસ્તારમાં રસ્તાઓ પહોળા કરવામાં આવ્યા. ઉપરાંત ગામોને તથા મહાલોને ભાવનગર સાથે જોડતા રસ્તાઓ બાંધવામાં આવ્યા. પ્રજાસુખાકારી માટે દવાખાના, મુસાફરી બંગલા, ધર્મશાળાઓ, કુવાઓ વગેરે બાંધવામાં આવ્યા. ભાવનગર શહેરની વસ્તી વધતાં શહેરની બહાર પરાઓ વસી જતાં ગઢની દીવાલો તોડી પ્રજાને અવરજવારની સરળતા કરી આપી હતી. ભાવનગર બંદરની સુધારણા કરવા માટે કેટલાક બાંધકામો હાથ ધરી સ્ટીમરો છેક ડેક સુધી આવી શકે તેવો પ્રબંધ કરાયો હતો. ભાવનગર રાજયના ઇજનેર મિ. પ્રોકટર સિમ્સ હતા. તેમણે તખ્તસિંહજીની બાંધકામની ઇચ્છાને ધ્યાને રાખી આ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું હતું. પ્રજાની સુખાકારી માટેના તથા રાજયને રમણીય બનાવવાના અનેક બાંધકામો હોશભેર કર્યા હતા. રાજયે પીપાવાવ પાસે "વિક્ટર પોર્ટ" બાંધવાનું નક્કી કર્યું ત્યારે ત્યાં પોર્ટના ડેક, ગોડાઉન, રસ્તાઓ, ઓફિસો, પાણીની લાઇન, રેલ્વે લાઇન વગેરેના બાંધકામમાં ઈજનેરશ્રી સિમ્સે ખૂબ રસ લીધો હતો. તખ્તસિંહજીના રાજયકાળ પછી ભાવસિંહજીના સમયે છેક ઇ.સ. ૧૯૦૦ સુધી આ કામો ચાલ્યા હતા. વિક્ટર પોર્ટ જાહેર બાંધકામોના શિલ્પી એવા શ્રી સિમ્સ કોલેરાથી પોર્ટમાં જ અવસાન પામ્યા હતા.

ઇ.સ. ૧૮૭૭માં ઇંગ્લાન્ડના રાણી વિક્ટોરિયાને કૈસર-એ-હિન્દ (હિંદની સામ્રાજ્ઞી)નું બિરુદ આપવામાં આવ્યું. ત્યારે દિલ્હીમાં વાઇસરોય લોર્ડ લીટને ભવ્ય દરબાર ભર્યો હતો. આ પ્રસંગની સ્મૃતિમાં બ્રિટિશ સત્તા પ્રત્યેના પોતાના મૈત્રીભાવને દર્શાવવા તખ્તસિંહજીએ રાજકોટમાં આજી નદી ઉપર પુલ બાંધવા માટે રૂપિયા ૧,૧૪,૦૦૦ આપ્યા હતા. પુલનું નામ કૈસરે હિન્દ પુલ આપવામાં આવ્યું. જે આજે રાજકોટથી અમદાવાદ જવા માટેના મુખ્ય માર્ગ ઉપર આવેલો છે. જે માણસો અને વાહન વ્યવહારથી ધમધમે છે. તખ્તસિંહજી તો ભાવનગરના રાજયકર્તા હોવા છતા રાજકોટમાં બે મહત્વના બાંધકામો માટે તેમણે ખર્ચ આપ્યો હતો. (૧) રાજકુમાર કોલેજમાં એક વિંગ બાંધવા માટે રૂપિયા એક લાખ અને (૨) કૈસરે હિન્દ પુલ બાંધવા માટે રૂપિયા ૧લાખ ૧૪હજાર, આ બંને બાંધકામોનું ઉદઘાટન ૧૯-૮-૧૮૭૯ના કાઠિયાવાડના પોલિટિકલ એજંટ કર્નલ બાર્ટનના હસ્તે થયું હતું. (લોકમુખે ચર્ચાય છે કે તખ્તસિંહજી રાજકુમાર કોલેજના ટ્રસ્ટી હોવાને નાતે રાજકોટ મિટિંગમાં ગયા હતા. તે પહોચ્યા ત્યારે આજી નદી ઉપર પુલ બાંધવા માટે રકમ નોંધવા એક કાગળ ફરતો હતો તેમાં સૌ રાજાઓએ પોતાની રીતે પોતે આપવા માગતા હોય તે રકમ લખવાની હતી. તખ્તસિંહજીએ પુછ્યું ત્યારે જણાવવામાં આવ્યું કે રાજકોટની આજી નદી ઉપર પુલ બાંધવાની જરૂર છે. આપણે રાજકોટ આવવામાટે આડચણ થાય છે. તખ્તસિંહજીએ પોતાના હાથમાં કાગળ આવતા ફાડી નાખ્યો અને નમ્રભાવે કહ્યું આ રાજા-મહારાજાઓની બેઠક છે તેમાં આવા ફંડ ફાળા કરવાના ન હોય. નદી ઉપરનો પુલ ભાવનગર બાંધાવી આપશે.) તે ઉપરાંત જૂન ૧૮૮૩માં તખ્તસિંહજીએ ઇંગ્લેન્ડના નોર્થબૂકના કલ્બના ફંડમાં એક લાખ રૂપિયા આપ્યા હતા.

ઈંગ્લેન્ડના રાણી કૈસર હિન્દ વિક્ટોરિયાના પૌત્ર પ્રિન્સ આલ્બર્ટ વિક્ટર ઇ.સ.૧૮૯૦માં ભારતની મુલાકાતે આવ્યા હતા. ત્યારે તેમને ભાવનગરની મુલાકાત લેવાનું નિમત્રણ તખ્તસિંહજીએ આપ્યું હતું. નિમંત્રણ સ્વીકારીને આલ્બર્ટ ભાવનગર આવ્યા ત્યારે તેમનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. ભાવનગર રાજયની આ મુલાકાતની સ્મૃતિરૂપે રાજુલા નજીક પીપાવાવ ગામ પાસેની ખાડી ઉપર એક નવું બંદર ખોલવાનું અને તેનું નામ "પ્રિન્સ આલ્બર્ટ વિક્ટર પોર્ટ" રાખવાનું જાહેર કરવામાં આવ્યું હતું. જો કે તેનું ખાતમુહૂર્ત તખ્તસિંહજીના પુત્ર ભાવસિંહજી બીજાના કાર્યકાળ દરમિયાન ૨૬-૦૩-૧૮૯૦ના રોજ થઈ શક્યું હતું.

મહારાજા તખ્તસિંહજી ધર્મિષ્ઠ રાજવી હતાં. તેમના સમયમાં જાહેર બાંધકામ ખાતાએ કરેલી કામગીરી પ્રશંસનીય રહી હતી. તેમના સમયમાં કેટલાક નવા દેવાલયો બંધાયા હતાં. જેમાં ઇ.સ.૧૮૯૩માં તેમના નામ ઉપરથી બાંધવામાં આવેલું ટેકરી ઉપરનું તખ્તેશ્વર મહાદેવનું મંદિર જેનો ટૂક ઇતિહાસ આ પ્રમાણે છે. (તખ્તેશ્વર મહાદેવ મંદિર)

સદીઓ પહેલા ભાવનગરમાં એક ઘટના બનેલી. ઝૂંઝા ભરવાડની ગાયો જતલોકો હાંકી ગયા. ઝપા ઝપી માં ઝૂંઝો ભરવાડ મરાયો. આ દ્રશ્ય જોઈને ભરવાડણ કકળતી આંતરડીએ બોલી જતડાઓ ભાગવું હોય તેટલું ભાગજો તમે ભાવનગરનું પાદર નહીં વટી શકો. ગાયો ભગાડી જવાના સમાચાર વડવા ગામના જાડેજા રાજપૂતોને મળ્યા. તેઓ ગૌરક્ષામાટે તૈયાર થયા. બીજા લોકોએ કહ્યું ગાયો ભરવાડની છે. તમે શામાટે મરવા જાઓ છો? જાડેજાઓએ કહ્યું અમારા પૂર્વજોએ બ્રાહ્મણ, ગાયો, અબળાઓ માટે માથા આપેલા છે. અમે પણ માથા આપીશું ગાયોને બચાવીશું. ઝતોને આગળ જતાં પડકાર્યા. કેટલાક જાડેજા અને ઝતો સામસામાં ધીંગાણામાં મરાયા. ગાયો છોડાવી. ઝૂંઝાને અગ્નિસંસ્કાર દેવાની તૈયારીઓ થતી હતી ત્યારે તેની પત્ની બોલી ઝૂંઝાને અન્ય જગ્યાએ લઈ જવાને બદલે અહી ચિતા ખડકાવો. અમે બંને એક સાથે સ્વર્ગે જઈશું. કોઈએ કહ્યું તારે શામાટે મરવું. તૂતો નાતરું કરી શકીશ. બાઈ બોલી ઝૂંઝો શૂરવીરતાથી મર્યો છે, મારે તેને સંગાથ આપવો છે. તાડીકાની ધાર ઉપર અગ્નિદાહ દેવાયો. પ્રશ્નોરા બ્રાહમણ બોર્ડિંગ પાસે ઝૂંઝા ભરવાડ, ભરવાડણનો અને બાજુમાં ગાયનો પાળિયો આવેલો છે. ગાયો માટે બલિદાન આપનારા ૧૮ જાડેજા રાજપૂતો કામ આવેલા તેના પાળીયા અનંતવાડી વિસ્તારમાં આવેલા છે. તાડીકાનીધાર તરીકે ઓળખાતી ધારપર તોપ રાખવામાં આવેલ. બોપોરે ૧૨કલાકે તે તોપ ફોડવામાં આવતી જેનાથી લોકોને સમયનો ખ્યાલ આવતો. આ ધારપર ઈ.સ. ૧૮૯૩માં મંદિર બંધાવવામાં આવ્યું. જેનું નામ તખ્તેશ્વર રાખવામાં આવ્યું. આ મંદિરના બાંધકામની જવાબદારી એન્જીનીયર મી.પ્રોક્ટર સીમ્સને સોપવામાં આવેલ હતી. મી. સીમ્સ ખુબજ ઉત્સાહિ અને કાર્યનિષ્ઠ વ્યક્તિ હતા. તેમણે ખુબજ વફાદારીથી જવાબદારી નિભાવેલ.

ભલું ભલું ભાવેણું શહેર, દરિયો ગાજે છે,
ત્યાં તખ્તેશ્વર મહાદેવ, જટામાં ગંગા છે.

મહારાજા તખ્તસિંહજીને ઇ.સ.૧૮૭૭માં જી.સી.એસ.આઈ. નો ખિતાબ મળ્યા પછી તખ્તસિંહજીને ઇંગ્લેન્ડની મુલાકાત લેવાની તથા ત્યાના રાણી વિક્ટોરિયાને મળવાની ઈચ્છા હતી. તેવામાં જ તેમને ઈંગ્લેન્ડ આવવાનું નિમંત્રણ મળતા તેઓ ઇ.સ. ૧૮૯૩-૯૪માં ઈંગ્લેન્ડના પ્રવાસે ગયા હતા. તેમની સાથે ડોક્ટર બરજોરજી બહેરામજી ગયા હતા, મહારાણી વિક્ટોરિયાએ તખ્તસિંહજીના વિદ્યાપ્રેમ અને સંસ્કારીતાની કદર કરી તેમને એલ.એલ.ડી. (ડોક્ટર ઓફ લોઝ)ની માનદ પડાવી એનાયત કરી હતી. તત્કાલીન સમયમાં આવી ડિગ્રી બહુજૂજ વ્યકિતઓને જ અપાતી. આમ મહારાણી વિક્ટોરીયાની રૂબરૂ મુલાકાતનું તથા એલ.એલ.ડી.ની માનદ પદવી મેળવવાનું બેવડું બહુમાન મેળવનાર તખ્તસિંહજી ભારત પાછા ફર્યા ત્યારે મુંબઇમાં તેમનું સન્માન અને સત્કાર કરવા માટે એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો. ઉપરાંત તખ્તસિંહજીએ મહારાણીની રૂબરૂ મુલાકાત લઈ તેમના પ્રત્યે પોતાના આદર અને સ્નેહ દર્શાવ્યા તે બદલ મહારાણીએ પ્રસન્ન થઈ તેમણે સ્વહસ્તે લખેલો પત્ર તથા પોતાનો હીરાજડિત ફોટો તેમને ભેટરૂપે મોકલ્યા હતા.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** તમારો ખોવાયેલો આત્મવિશ્વાસ અને ઊર્જા આ અઠવાડિયામાં ફરી પાછા ફરશે. પરિણામે, જો તમને પહેલાં કોઈ નિર્ણય લેવામાં મુશ્કેલી આવી રહી હતી, તો તે પણ હવે દૂર થઈ જશે અને તમે તમારી સમજણ બતાવીને, યોગ્ય નિર્ણય લઈ શકશો. આ અઠવાડિયે શક્ય છે કે તમે ધંધામાં સારો નફો મેળવી શકો, જેથી તમે કોઈ મોટા પૈસા કમાવામાં સફળ થઈ શકો. પરંતુ પૈસાની ઝગઝગાટ સામે, તમારે થોડી કાળજી લેવાની જરૂર રહેશે. આવી ઉતાવળમાં, પૈસાથી સંબંધિત કોઈ નિર્ણય ન લો. ખાસ કરીને જ્યારે મહત્વપૂર્ણ આર્થિક સોદાની વાટાઘાટો કરતી વખતે, તમારે થોડો સમય કાડીને, યોગ્ય રીતે વિચારવાની જરૂર રહેશે. આ અઠવાડિયે તમારું જ્ઞાન તમારી આસપાસના લોકોને અસર કરશે. ખાસ કરીને આ અઠવાડિયે, તમે તમારા સારા સ્વભાવને લીધે તમારા ઘરની નજીકના કોઈપણ વિજાતીય વ્યક્તિને પણ આકર્ષિત કરી શકશો. પ્રેમની દ્રષ્ટિએ, તમારી રાશિના જાતકો માટે આ અઠવાડિયું સામાન્ય કરતા સારું રહેશે. કારણ કે યોગ બનાવવામાં આવી રહ્યા છે કે આ રાશિના તે મૂળના લોકો પ્રેમની અનુભૂતિથી અસ્પૃશ્ય હતા, તેઓને આ સમયે કંઈક ખાસ મળી શકે છે.

**વૃષભ - (બ, વ, ઉ)** અઠવાડિયે, તમને ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ થવાની સંભાવના છે, તેથી યોગથી શરૂ કરો અને શરૂઆતથી જ તમારા રોજિંદામાં કસરત કરો. કારણ કે તમારી સાવચેતી તમારા માટે વધુ સારો વિકલ્પ સાબિત થઈ શકે છે. જો પૈસા કે જમીન સંબંધિત કોઈ બાબત કોર્ટમાં સસ્પેન્ડ કરવામાં આવી હતી, તો આ અઠવાડિયે, તેનો નિર્ણય તમારા પક્ષમાં આવશે. જેની સાથે તમને માત્ર પૈસા જ નહી મળે, પરંતુ તમારી નબળી આર્થિક સ્થિતિ પણ ઘણી હદ સુધી પાટા પર આવી જશે. સ્વજનો સાથેના તમારા સંબંધોને નવજીવન આપવામાં તમને આ અઠવાડિયે વિશેષ સફળતા મળશે. વળી, ઘરેલુ બાબતો અને લાંબા સમયથી બાકી રહેલા ઘરકામ માટે આ સમય સારો સપ્તાહ સાબિત થશે. જો તમે હજી પણ એકલા હો, અને કોઈ વિશેષની રાહ જોતા હો, તો તમને આ અઠવાડિયે કેટલાક સારા સંકેતો મળી શકે છે. કારણ કે કોઈ અજાણ્યા વ્યક્તિ માટે તમારા જીવનમાં પ્રવેશ કરવો, તમારા હૃદયમાં પ્રેમની ભાવનાઓ ઉગાડવાનું શક્ય છે. તમારી સામાજિક સન્માન વધવાની સંભાવના છે, કારણ કે આ અઠવાડિયા દરમિયાન તમે ઘણી પરોપકારી પ્રવૃત્તિઓમાં સામેલ થશો, જેના પરિણામે તમને કારકિર્દીની પ્રગતિ મળશે. તમારી રાશિના વિદ્યાર્થીઓને આ અઠવાડિયામાં શિક્ષણમાં સારા માર્ક્સ મેળવવા માટે વધુ મહેનત કરવી નહી પડે.

**મિથુન - (ક, છ, ઘ) :-** જો તમે તમારા તાણથી છૂટકારો મેળવવા માંગતા હો, તો તમારે કર્ણપ્રિયા સંગીતનો આશરો લેવાની જરૂર પડી શકે છે. આ અઠવાડિયે, તમને અચાનક પૈસા પ્રાપ્ત થશે. જેની મદદથી તમે તમારી આર્થિક સ્થિતિને ઘણી હદ સુધી મજબૂત કરી શકશો, અને પરિણામે તમે તમારા ઘરના સભ્યને આર્થિક મદદ કરવાનું પણ નક્કી કરી શકો છો. તમારા કૌટુંબિક જીવનમાં આ અઠવાડિયે, તમે અન્ય લોકો પાસેથી વધુ અપેક્ષા કરશો. જેના કારણે પરિવારના સભ્યો તમારી સાથે થોડી ત્રાસ અનુભવી શકે છે, આ ફક્ત તમને મુશ્કેલીનું કારણ બનશે. તેથી, શરૂઆતમાં તમારી અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને, કોઈ પણ બાબતે બીજા પર દબાણ ન કરો. જો તમે કોઈને એકપક્ષી રૂપે પ્રેમ કરો છો, તો તમારે આ અઠવાડિયે તેમની સાથે તમારા હૃદયની વાત અથવા તેમની સાથે વધુ બોલવાનું ટાળવું જોઈએ. નહીં તો પ્રેમીની સામે તમે જે કંઈ પણ કરો છો તે ફક્ત તમારા માટે જ કામ કરશે. જે વસ્તુ બનાવતા પહેલા જ બગાડી શકે છે. જે લોકો ભાગીદારીમાં વેપાર કરે છે તેમને સલાહ આપવામાં આવે છે કે આ દરમિયાન જો કંઇક ખોટું થાય તો તમારે બાબતોને સ્પષ્ટ રાખવાની જરૂર છે અથવા બહાર નીકળવાની વ્યૂહરચનાની યોજના કરવાની જરૂર પડી શકે છે, કારણ કે આ અઠવાડિયે ભાગીદારી માટે ફક્ત વધુ ફળદાયી છે. જ્યારે તમે પણ જાતે જ સાબિત થશો. વ્યવસાયમાં વિસ્તરણ કરવાનો પ્રયાસ કરતા જોવામાં આવશે.

**કર્ક - (ડ, હ) :-** આ અઠવાડિયામાં કેટલાક કારણોસર, તમારે અચાનક સફર પર જવું પડી શકે છે. આ યાત્રા તમારા માટે ખૂબ જ કંટાળાજનક સાબિત થશે. આવી સ્થિતિમાં, જો શક્ય હોય, તો તમારા માટે વધુ સારું રહેશે કે તમે આ મુસાફરી પાછળથી મુલતવી રાખો. આ અઠવાડિયે અચાનક ભારે નફા સાથે, તમે તમારા નાણાં મોટા નિવેશમાં રોકાણ કરવા વિશે નિર્ણય લઈ શકો છો. પરંતુ અત્યારે તમને સૂચના આપવામાં આવી છે કે ઉતાવળમાં કોઈ રોકાણ ન કરો. કારણ કે શક્ય છે કે જો તમે બધા સંભવિત જોખમોની તપાસ નહીં કરો, તો પછી તમે ભવિષ્યમાં નુકસાન થવાની સંભાવના વધી શકે છે. આ અઠવાડિયે, તમારા પરિવારમાં ઉત્સવપૂર્ણ વાતાવરણ રહેશે અને બધા સભ્યો ખુશ દેખાશે. પરિવારના લોકોની ખુશી જુઓ, તમારા ચહેરા પર સ્મિત પણ આવશે અને તમે પારિવારિક સુખ પ્રાપ્ત કરવામાં સફળ થશો. આ અઠવાડિયે કોઈ પણ ખાસ વ્યક્તિના હૃદય સાથે વાત કરવી તમારા માટે પ્રતિકૂળ સાબિત થઈ શકે છે.

**સિંહ - (મ, ટ) :-**આ અઠવાડિયે કોઈપણ, કોઈપણ સંજોગોમાં, તમને પજવશે અને પજવી શકે છે, તમારું સ્વાસ્થ્ય બગાડી શકે છે. આવી સ્થિતિમાં, તમારે જૂની બાબતોને યાદ રાખવી, કોઈ નજીકના અથવા મિત્ર સાથે ન ફસાઇ જવું અને પોતાને અને તમારા મનને શક્ય તેટલું આરામ કરવાનો પ્રયાસ કરવો શ્રેષ્ઠ રહેશે. ગ્રહોની સ્થિતિ અનુસાર, તમારી રાશિના લોકો માટે, આર્થિક દ્રષ્ટિકોણથી, આ અઠવાડિયે સરેરાશ કરતા વધુ સારા પરિણામ સાથે આવવાનું સાબિત થશે. આ ઉપરાંત સમાજમાં તમારી સ્થિતિને મજબૂત કરવા અને સંપત્તિમાં વધારો કરવા માટે, આ સમયે ઘણી અદભૂત તકો પ્રદાન કરવાની સંભાવના છે. આ અઠવાડિયે તમારું જ્ઞાન તમારી આસપાસના લોકોને અસર કરશે. ખાસ કરીને આ અઠવાડિયે, તમે તમારા સારા સ્વભાવને લીધે તમારા ઘરની નજીકના કોઈપણ વિજાતીય વ્યક્તિને પણ આકર્ષિત કરી શકશો. આ અઠવાડિયે, તમે તમારા પ્રેમીને તમારા મિત્રો અથવા નજીકના મિત્રો સાથે પરિચય કરવાનું નક્કી કરી શકો છો.

**કન્યા - (પ, ઠ, ણ) :-** આરોગ્યની દ્રષ્ટિએ, સમય ખાસ સારો રહેશે અને તમારા સારા સ્વાસ્થ્યના બળ પર, તમે તમારા પરિવારના સભ્યોની પણ ખૂબ કાળજી લેશો. જેનાથી પરિવારમાં પણ તમારું માન વધે તેવી સંભાવના છે. એકંદરે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સપ્તાહ તમારા માટે સારો રહેશે. આ અઠવાડિયે, તમને અચાનક પૈસા પ્રાપ્ત થશે. જેની મદદથી તમે તમારી આર્થિક સ્થિતિને ઘણી હદ સુધી મજબૂત કરી શકશો, અને પરિણામે તમે તમારા ઘરના સભ્યને આર્થિક મદદ કરવાનું પણ નક્કી કરી શકો છો. આ અઠવાડિયે, તમારું મન દાનના કાર્યમાં વધુ જોડાશે, જેના કારણે તમે તમારા પરિવાર સાથે ધાર્મિક કાર્યક્રમ યોજવાનું પણ નક્કી કરી શકો છો. આની સાથે તમે તેમજ પરિવારના સભ્યો આંતરિક શાંતિનો અનુભવ કરશો અને મનમાં સકારાત્મક વિચારો ઉત્પન્ન થશે. આ અઠવાડિયે, પ્રેમની આગાહી મુજબ, તમારી અને તમારા પ્રેમિકા વચ્ચેની ક્રિયા પ્રતિક્રિયામાં સુધારણા સાબિત થશે. આ સુમેળને લીધે, તમે આ પવિત્ર સંબંધમાં તમને આવતી બધી સમસ્યાઓ દૂર કરી શકશો, અને આ તમને તમારા પ્રેમી સાથે સુંદર સમય પસાર કરવાની તક પણ આપશે.

**તુલા - (ર, ત) :-** આરામ કરવા અને નજીકના મિત્રો અને પરિવાર સાથે ખુશીની થોડી ક્ષણો પસાર કરવા. કારણ કે તે તમારા આરોગ્ય જીવન પર સકારાત્મક અસર થવાની શક્યતાને વધારશે. આ અઠવાડિયે, ધ્યાનમાં રાખો કે, તમને આકર્ષિત કરતી બધી રોકાણ યોજનાઓમાં દોડાદોડ ન કરો, આરામની ઊંડાઈથી જાણવાનો પ્રયાસ કરો. કારણ કે અત્યારે કોઈપણ પગલું ભરવું આર્થિક રીતે નુકસાનકારક હોઈ શકે છે. તેથી, કોઈપણ નિર્ણય પર પહોંચતા પહેલા, નિષ્ણાતની સલાહ લો. આ અઠવાડિયે તમને તમારા જીવનમાં કોઈ સારા સમાચાર મળશે, જેથી તમે આનંદ અને મિત્રો સાથે પાર્ટી કરીને તમારી ખુશીની ઉજવણી કરશો. પરંતુ તે દરમિયાન, દારૂ પીવા અને ઘરે આવવાથી પરિવારના સભ્યો પરેશાન થઈ શકે છે. તેથી આનંદ કરીને તમારી છબીને ઘરે બગાડશો નહીં, અને એવું કાંઈ પણ કરવાનું ટાળો કે જેનાથી પરિવારમાં શરમ આવે. આ અઠવાડિયે આવી ઘણી સંભાવનાઓ હશે, જ્યારે તમને રોમાંસ માટે પૂરતા અને ઘણા શુભ પ્રસંગો મળશે. કારણ કે આ સમય દરમિયાન તમે તમારા પ્રેમી સાથે એકલો સમય વિતાવતા જોશો. પરંતુ આ ફક્ત ટૂંકા સમય માટે જ શક્ય બનશે.

**વૃશ્ચિક - (ન, ય) :-** સ્વાસ્થ્ય માટે ભૂલ ન કરો, તેને કાયમ માટે સાચી માનવાની ભૂલ ન કરો. આવી સ્થિતિમાં, તમારા જીવન અને આરોગ્યનો સન્માન કરો અને સારી રીતભાત અપનાવો. નહિંતર, તમારે ભવિષ્યમાં થોડી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આ રાશિના લોકો માટે આ અઠવાડિયું નાણાકીય દ્રષ્ટિએ ખૂબ જ સારી રીતે ચાલવાની અપેક્ષા છે. કારણ કે, ગ્રહોની સ્થિતિ અને દિશા આ સમયે તમારા માટે ખૂબ અનુકૂળ સ્થિતિમાં હોય તેવું લાગે છે. આવા કિસ્સામાં, તમે કોર્ટ સંબંધિત મિલકત અથવા જમીનના કિસ્સામાં પણ સફળતા પ્રાપ્ત કરી શકો છો. પરિવારના નાના સભ્યો સાથે આ અઠવાડિયે સમય વિતાવવો તમારા માટે ખાસ કરીને સારો રહેશે. કારણ કે તેમની સાથે સમય પસાર કરવાથી તમે ખૂબ તાજું અનુભવો છો અને તે જ સમયે, તે તમને તેમના જીવન સાથે સંબંધિત ઘણી પરિસ્થિતિઓ વિશે જાણવાની તક પણ આપશે. આ સમયે તમે તેમને કોઈપણ સમસ્યાથી દૂર કરવામાં સફળ થશો, જેનાથી પરિવારમાં તમારું માન વધશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ અઠવાડિયાની શરૂઆત તમારા સ્વાસ્થ્ય જીવન માટે અનુકૂળ હોવાનું કહી શકાય નહીં. જો કે, તે સપ્તાહના અંતમાં સુધારણા જોશે. તેથી અઠવાડિયાની શરૂઆતમાં, આરોગ્ય વિશે વધુ જાગૃત રહેવું વધુ સારું છે. જે ઉદ્યોગપતિઓએ નફો મેળવવા માટે ભૂતકાળમાં સોદો કર્યો હતો, તેઓને આ અઠવાડિયે મોટો શુભ સંકેત મળી શકે છે. કારણ કે શક્ય છે કે તમારો સોદો સફળ થાય, જેથી તમે જલ્દી પૈસા કે નફો મેળવવાની ઘણી સંભાવનાઓ જોઈ શકો. આ અઠવાડિયામાં તમને સુચના આપવામાં આવે છે કે પરિવારના સભ્યો સાથે ચર્ચાના કિસ્સામાં ધીરજ ન ગુમાવો. શક્ય છે કે કોઈ વાતની ચર્ચા કરતી વખતે, તમારા અને સભ્યો વચ્ચેના મંતવ્યો હોઈ શકે, જેના પછી તમારું કુટુંબ નાની બાબત સાથે રાઈનો પર્વત બનાવી શકે. તેથી, જો તમે તેમને તક ન આપો, તો પછી આ મામલો પોતે જ હલ થઈ શકે છે. લવ કુંડળી મુજબ આ અઠવાડિયે તમારી વચ્ચે પરસ્પર સમજણ ખૂબ સારી રહેશે અને તમે એકબીજાને સારી ભેટો પણ આપશો. તમે ક્યાંક લાંબી ડ્રાઇવ પર ફરવા પણ જઈ શકો છો.

**મકર - (ખ, જ) :-** આ અઠવાડિયામાં તમારે તમામ પ્રકારની મુસાફરી કરવી જોઈએ, નહીં તો તમે કંટાળો અને તાણ અનુભવો છો. જેની નકારાત્મક અસર તમારા સ્વાસ્થ્ય પર પણ જોવા મળશે. આ અઠવાડિયે તમારા માતાપિતાની સહાયથી તમે તમારા ભૂતકાળના કોઈ પણ આર્થિક સંકટમાંથી બહાર નીકળવામાં સમર્થ હશો. જેના કારણે તમે ફક્ત તમારી માનસિક તણાવથી છૂટકારો મેળવશો નહીં, પરંતુ તમારી સ્થિતિ સુધાર્યા પછી તમે યોગ્ય દિશામાં તમારા પ્રયત્નો કરવામાં પણ સફળ થશો. આ અઠવાડિયે શક્ય છે કે પરિવારમાં અન્ય સભ્યો વચ્ચે પારિવારિક ઝઘડો થઈ શકે છે, જેના કારણે કૌટુંબિક શાંતિ પણ ખલેલ પહોંચાડી શકે છે. જો કે, આ સમય દરમિયાન તમને સૂચના આપવામાં આવે છે કે અન્યની બાબતમાં દખલ ન કરો, નહીં તો તમે તેમના વિવાદમાં ફસાઈ શકો છો. તમારી રાશિના પ્રેમીઓ પ્રકૃતિ દ્વારા જુસ્સાદાર અને સંભાળ રાખે છે. આ જ કારણ છે કે તેઓ એક સફળ પ્રેમી બની શકે છે અને આ રીતે આ અઠવાડિયામાં પ્રેમીઓ તેમના પ્રેમી પાસેથી સાંભળશે. કારણ કે આ સમય દરમિયાન તેઓ તમારી સંભાળ લેતા જોવા મળશે.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-** આ અઠવાડિયામાં તેના કરતા ઓછા પ્રયત્નો કર્યા પછી જ તમને સ્વસ્થ જીવન મળશે. કારણ કે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સમયમાં, તમને ખૂબ નસીબ મળશે. તે સારી રીતે સમજી શકાય છે કે તમારી રાશિ સાઇનના લગભગ તમામ વતની, કે જ્યારે પણ તેઓ સખત મહેનત કરે છે અને સાચી દિશામાં પ્રયાસ કરે છે, ત્યારે તેઓને કદાચ સારો નાણાકીય લાભ મળે છે. તમારી વિચારસરણીમાં સકારાત્મકતા લાવવા અને તમારા પ્રયત્નોને તે જ દિશામાં મૂકવા માટે તમારે આ અઠવાડિયામાં કંઈક આવું જ કરવાની જરૂર પડશે. કારણ કે માત્ર ત્યારે જ તમે યોગ્ય તકોનો લાભ લઈને પૈસા કમાવવા માટે સક્ષમ હશો. આ અઠવાડિયે, પરિવારના સભ્યો સાથે બહાર જમવા અથવા મૂવી જોવાથી તમને આરામ મળશે અને તમને ખુશ રાખશે. ઉપરાંત, આ અઠવાડિયું તમને જોઈતા લોકો સાથે ભેટો વહેવારવા માટે વિશેષ સારું બનશે. પ્રેમીઓ માટે આ સારો સમય નથી. કારણ કે તમારા સાથીને આ સમયે તમારી સાથે વાતચીત કરવામાં અસ્વસ્થતા અનુભવાય છે.

**મીન-(દ, ચ, ઝ, થ) :-**આ અઠવાડિયે તમે ઘણા ગુપ્ત ્રોતો અને સંપર્કોથી સારી કમાણી કરશો. પરંતુ આ સમય દરમિયાન તમારા ઘરના ખર્ચમાં વધારો તમારા માટે બચત વધારે મુશ્કેલ બનાવશે. તેથી તમારા માટે વધુ સારું રહેશે કે તમે તમારા વધારાના પૈસા સુરક્ષિત સ્થળે રાખો અને ફક્ત ખરાબ સ્થિતિમાં જ તેનો ઉપયોગ કરો. આ અઠવાડિયે ક્ષેત્રમાં વધારે કામ કરવાથી તમે પારિવારિક સુખથી વંચિત રહી શકો છો. જો કે, જો તમે તમારા માનસિક તાણથી છૂટકારો મેળવવા માંગતા હો, તો તમારે ઘરના સભ્યો સાથે થોડો સમય પસાર કરવો પડશે. તો કાંઈ પણ કામ કરીને તમારો સમય ઘરના લોકોને આપો. આ અઠવાડિયે, પ્રેમમાં પડતા આ રાશિના લોકોના જીવનમાં એક સુંદર વારો આવી શકે છે. તમે સમજી શકો છો કે તમારો લવમેટ તમારા માટે કેટલો મહત્વપૂર્ણ છે અને આ અનુભૂતિ દ્વારા તમે તેમને તમારા જીવનસાથી બનાવવાની સંપૂર્ણ યોજના બનાવી શકો છો. તમે તમારા પ્રિયજન સાથે પાર્ટીમાં ભાગ લઈ શકો છો. આ સમયે, તમારે તમારા કાર્ય અને પ્રાથમિકતાઓ પર વધુ ધ્યાન આપવાની જરૂર રહેશે. કારણ કે આ સમયે તમારી કાર્યક્ષમતા અને રચનાત્મકતા વિસ્તરશે. આવી સ્થિતિમાં, તેનો યોગ્ય લાભ લઇને, દરેક તકમાંથી તમારી કારકિર્દી નક્કી કરો. જો તમે કોઈ સારી અને મોટી કોલેજમાં પ્રવેશ મેળવવા માટે ઘરેથી ભાગવાનું વિચારતા હતા, તો આ સમયે સંભાવના થોડી વધુ અનુકૂળ લાગે છે. તેથી આ માટે, ઘણા વિદ્યાર્થીઓએ તેમના શિક્ષકોનો ટેકો લેવાની જરૂર રહેશે. જો કે, આ સમય દરમ્યાન કોઈપણ કારણોને લીધે શોર્ટ-કટ લેવાનું ટાળો, નહીં તો તમારે જીવનભર પસ્તાવો કરવો પડી શકે છે.

# લોકોમાં સૂર્યગ્રહણ જોવાનો ક્રેઝ કેનેડામાં લાખોની ભીડ ઉમટશે

**ઓન્ટારિયો પ્રાંતનો નાયગ્રા પ્રદેશ સૂર્યગ્રહણ જોવા આવતા લોકોનું સ્વાગત કરવામાં વ્યસ્ત**

પ્રાંત

કેનેડાના ઓન્ટારિયો પ્રાંતનો નાયગ્રા પ્રદેશ સૂર્યગ્રહણ જોવા આવતા લોકોનું સ્વાગત કરવામાં વ્યસ્ત છે. આ સમયગાળા દરમિયાન અહીં ૧૦ લાખથી વધુ પ્રવાસીઓ આવવાની આશા છે. ૮ એપ્રિલે પૂર્ણ સૂર્યગ્રહણ થશે. કેનેડાના આ પ્રાંતમાં ૧૯૭૯ પછી આ પહેલું સૂર્યગ્રહણ હશે. નાયગ્રા ધોધને 'નેશનલ જિયોગ્રાફિક' ચેનલ દ્વારા સૂર્યગ્રહણ જોવા માટે શ્રેષ્ઠ સ્થળોમાંનું એક જાહેર કરવામાં આવ્યું છે.

નાયગ્રા ધોધના મેયર જિમ ડાયોડાટીએ માર્ચની શરૂઆતમાં જણાવ્યું હતું કે તેમને અપેક્ષા છે કે સૂર્યગ્રહણ દરમિયાન શહેરમાં એક જ દિવસમાં સૌથી વધુ પ્રવાસીઓ જોવા મળશે. નાયગ્રાની સ્થાનિક સંસ્થાએ પણ આ અંગે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગંભીર ટ્રાફિક જામ, ઈમરજન્સી સેવાઓની ભારે માગ અને મોબાઈલ ફોન નેટવર્કની સમસ્યાઓને કારણે ગુરુવારે એક દિવસ માટે કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. સંપૂર્ણ સૂર્યગ્રહણ ઉત્તર અમેરિકા, મેક્સિકો, અમેરિકા અને કેનેડામાંથી પસાર થશે.

# ફોર્બ્સે ભારતીય અબજોપતિઓની યાદીમાં ૨૫ નવી હસ્તીઓનો સમાવેશ કર્યો : રેણુકા જગતિયાની એન્ટ્રી

વોશિંગ્ટન,

ફોર્બ્સે ભારતીય અબજોપતિઓની યાદી જાહેર કરી છે અને તેમાં ૨૫ નવી હસ્તીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એક નામ એવું છે જે આજ સુધી ક્યારેય સાંભળવામાં નથી આવ્યું . જે છે રેણુકા જગતિયાની જેમણે અબજોપતિઓની યાદીમાં નવી એન્ટ્રી કરી છે. રેણુકા જગતિયાની દેશના અમીરોની યાદીમાં ૪૪મા ક્રમે છે અને તેમની કુલ સંપત્તિ લગભગ ૫ બિલિયન ડોલર એટલે કે ૪૦ હજાર કરોડ હોવાનો અંદાજ છે. આજે રેણુકા અબજોપતિઓની યાદીમાં સામેલ છે. તમને જણાવી દઈએ કે એક સમય હતો જ્યારે તેના પતિ લંડનના રસ્તા પર કેબ ચલાવી પોતાનું ગુજરાન કરતા હતા આજે અબજોપતિઓની યાદીમાં તેમની એન્ટ્રી થઈ છે ત્યારે ચાલો જાણીએ કેવી રીતે તે આટલા આમીર થયા. રેણુકા જગતિયાની ફોર્બની ટોપ ૧૦૦ ભારતીય ધનિકોની યાદીમાં ૪૪મા સ્થાને છે. રેણુકા જગતિયાની લેન્ડમાર્ક ગ્રુપના ઝઈ છે અને તેમની સંપત્તિ ઈ૪.૮ બિલિયન અથવા લગભગ ૪૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. લેન્ડમાર્ક ગ્રુપનો બિઝનેસ ઘણા દેશોમાં ફેલાયેલો છે. તેનું મુખ્યાલય દુબઈમાં છે અને આ કંપનીની સ્થાપના રેણુકાએ તેના સ્વર્ગસ્થ પતિ મિકી જગતિયાની સાથે મળીને કરી હતી.



# રાજકોટમાં શનિ-રવિ આઈપીએલ ફેન પાર્ક



## દર્શકોને મોજ - મસ્તી સાથે બિગ સ્ક્રીન પર મેચ નિહાળવાનો લહાવો

રાજકોટ,

રમતપ્રેમી અને રાજકોટનાં આંગણે તા. ૬ અને ૭ શનિવાર - રવિવારે આઈપીએલ ફેન પાર્કનું ભવ્ય આયોજન થયું છે. આ બે દિવસ દરમિયાન ક્રિકેટ ચાહકોને બિગ સ્ક્રીન પર ઢોલ - નગારાના તાલે અને રાસ-ગરબાની રમઝટ વચ્ચે મેચ જોવા મળશે. આઈપીએલ ફેન પાર્ક રેસકોર્સના ક્રિકેટ મેદાન પર યોજાશે અને દર્શકોને નિઃશુલ્ક પ્રવેશ મળશે.

શનિવારે સાંજે ૭-૩૦થી રાજસ્થાન રોયલ્સ વિ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુનો મેચ રમાશે. આ મેચ પહેલા ૫-૦૦ વાગ્યાથી દર્શકોને આઈપીએલ ફેન પાર્કમાં પ્રવેશ મળવાનું શરૂ થઈ જશે. દર્શકોને ખાણી-પીણીના સ્ટોર્સનો પણ લહાવો મળશે. ટેટૂ કલાકારો પણ હાજર હશે. રવિવારે બે મેચ હોવાથી દિવસભર આઈપીએલ ફેન પાર્કમાં રમઝટ ચાલુ રહેશે. રવિવારે પહેલા મેચમાં મુંબઈ સામે દિલ્હી હશે જ્યારે બીજા મેચમાં લખનઉની ટક્કર ગુજરાત સામે થશે.

# સૌથી મોંઘા ખેલાડીથી મયંક યાદવનો પગાર ૧૨૩ ગણો ઓછો : તેમ છતાં વિકેટ લેવામાં આગળ



મુંબઇ

આઈપીએલ ૨૦૨૪ની શરુઆત થયાને હજુ ૧૦ દિવસથી વધુનો સમય થયો છે, પરંતુ આ ૧૦ દિવસમાં જે એક નામ સૌથી વધુ ચર્ચામાં છે. તે છે મયંક યાદવનું, આ ખેલાડીએ પોતાની બોલિંગથી આઈપીએલ ૨૦૨૪માં ધમાલ મચાવી છે, મયંક યાદવની બોલિંગ લોકો આંખો બંધ કરીને પણ જોઈ શકે છે. તેમના બોલથી બેટ્સમેનો માટે મુશ્કિલ સાબિત થઈ રહ્યા છે. લખનૌ સુપર જાયન્ટસની ટીમમાં એક એવો હિરો છે જેની ચમક આજે દુર દુર સુધી ફેલાયેલી છે. અમે વાત કરી રહ્યા છીએ મંયક યાદવની.મયંક યાદવને લખનૌ સુપર જાયન્ટસની ટીમે ૨૦ લાખ રુપિયામાં ખરીદ્યો હતો. ત્યારબાદ તેમણે આઈપીએલમાં પોતાનું ડેબ્યુ પંજાબ કિંગ્સ વિરુદ્ધ કર્યું હતુ. આ મેચમાં તેમણે બોલિંગથી સૌ કોઈના મોંઢા બંધ કરી દીધા છે. તેમજ તે ટીમ માટે સૌથી મોટા મેચ વિનર તરીકે સામે આવ્યો છે.

# ફિલ્મ 'પુષ્પા ધ રુલ'ના ટીઝરની તારીખ જાહેર કરાઈ

મુંબઈ,

૨૦૨૪નું વર્ષ સિક્વલ ફિલ્મો માટે ધમાકેદાર રહેવાનું છે. આ ફિલ્મ એક સાથે અનેક થિયેટરોમાં ધમાલ મચાવશે. અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પા ધ રૂલ (પુષ્પા ૨) પણ આ યાદીમાં સામેલ છે. આ ફિલ્મની ચાહકો બે વર્ષથી રાહ જોઈ રહ્યા છે. દરમિયાન, ફિલ્મના ટીઝરની રિલીઝ ડેટનું અનાવરણ કરવામાં આવ્યું છે. ... ગત વર્ષે ... અલ્લુ અર્જુન સ્ટારર પુષ્પા ૨ને લઈને એક ટીઝર વીડિયો રિલીઝ કરવામાં આવ્યો હતો. દરમિયાન, થોડા દિવસો પહેલા ફિલ્મની રિલીઝ ડેટનું અનાવરણ કરવામાં આવ્યું હતું. દરમિયાન, મેકર્સ અલ્લુ અર્જુનના ચાહકોને વધુ એક સરપ્રાઈઝ આપવા જઈ રહ્યા છે. સાઉથનો સુપરસ્ટાર અલ્લુ અર્જુન થોડા દિવસો પછી પોતાનો ૪૨મો જન્મદિવસ ઉજવવા જઈ રહ્યો છે. આ અવસરને વધુ ખાસ બનાવવા માટે પુષ્પા ૨ ની ટીમ ફિલ્મનું બીજું ટીઝર રિલીઝ કરવા જઈ રહી છે. પુષ્પા ૨નું ટીઝર રિલીઝ ૨ એપ્રિલ, મંગળવારે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. ફિલ્મનું નવું પોસ્ટર રિલીઝ કરીને નિર્માતાઓએ ફિલ્મના ટીઝરની રિલીઝ ડેટનું અનાવરણ કર્યું છે.'

# અભિષેકની આતશબાજીથી હૈદરાબાદની ગાડી પાછી પાટા પર



## ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઈને સતત બીજો આંચકો મળ્યો

મુંબઈ

બિગ-હિટર્સ ધરાવતી સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમે અહીં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ સામેની મૅચને જાણે વન-સાઇડ ટ્રાફિક જેવી બનાવી દીધી હતી. પૅટ કમિન્સની આ ટીમે છ વિકેટે આસાનીથી વિજય મેળવીને ગાડી પાછી પાટા પર લાવીને ટોચની ટીમો (કોલકાતા, રાજસ્થાન)ને ચેતવી દીધી હતી. હૈદરાબાદ ટૉપ-ફાઈવમાં છે અને એણે થોડા દિવસ પહેલાં મુંબઈ સામે આઈપીએલના હાઈએસ્ટ ટીમ-સ્કોર (૨૭૭/૩) સાથે હલચલ મચાવી દીધા પછી હવે ચેન્નઈ સામેની મૅચથી બોલિંગમાં પણ ક્ષમતા બતાવી દીધી છે.

ચેન્નઈએ આપેલો ૧૬૬ રનનો લક્ષ્યાંક હૈદરાબાદે ૧૮.૧ ઓવરમાં માત્ર ચાર વિકેટના ભોગે મેળવી લીધો હતો. એમાં એઇડન માર્કરમ (૫૦ રન, ૩૬ બૉલ, એક સિક્સર, ચાર ફોર)ની હાફ સેન્ચુરીએ વિજય સરળ બનાવી દીધો હતો. એક જીવતદાન મેળવનાર ટ્રેવિસ હેડ (૩૧ રન, ૨૪ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) અને આક્રમક મૂડમાં રમેલા સાથી ઓપનર અભિષેક શર્મા (૩૭ રન, ૧૨ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) વચ્ચે ૪૬ રનની જે ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી એમાં ૩૭ રન અભિષેકના હતા. હવે ચેન્નઈ સોમવારે ઘરઆંગણે કોલકાતા સામે અને હૈદરાબાદ મંગળવારે મુલ્લાનપુરમાં પંજાબ સામે રમશે.



# આલિયા ફિલ્મ 'લવ એન્ડ વોર'માં જાઝ સિંગરના રોલમાં જોવા મળશે

મુંબઈ,

વર્ષ ૨૦૨૪ની શરૂઆતમાં સંજય લીલા ભણસાલીએ 'લવ એન્ડ વોર' નામની ફિલ્મની જાહેરાત કરી હતી. આ ફિલ્મમાં રણબીર કપૂર, વિકી કૌશલ અને આલિયા ભટ્ટ જોવા મળશે. જાહેરાત બાદ આ ફિલ્મ સાથે જોડાયેલી માહિતી સમયાંતરે બહાર આવતી રહે છે. ફેબ્રુઆરીમાં એવી માહિતી મળી હતી કે રણબીર ફિલ્મમાં ગ્રે પાત્ર ભજવવાનો છે. તે જ સમયે, જે લોકો આ ફિલ્મમાં આલિયાનો રોલ કેવો હશે તે જાણવાની રાહ જોઈ રહ્યા છે, હવે તેમના માટે મોટી માહિતી આવી છે. પીપિંગમૂનના રિપોર્ટ અનુસાર આલિયા આ ફિલ્મમાં જાઝ સિંગરના રોલમાં જોવા મળશે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે 'હાઈવે', 'હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા' જેવી ફિલ્મો કર્યા બાદ તે આ રોલ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ તેની કારકિર્દીનું સૌથી જટિલ પાત્ર હશે. 'લવ એન્ડ વોર' એક એવી ફિલ્મ બનવા જઈ રહી છે જેની વાર્તા કાલાતીત હશે અને પ્રેમ, વફાદારી અને બલિદાનની થીમ પર આધારિત હશે. આ ફિલ્મની સ્ટોરી શું હશે તે અંગે હજુ સુધી કોઈ માહિતી સામે આવી નથી, પરંતુ ફિલ્મની જાહેરાત બાદ એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે લવ ટ્રાયંગલ પર આધારિત સ્ટોરી બતાવવામાં આવશે. અન્ય એક રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ભણસાલીની આ ફિલ્મ ૧૯૬૪માં રિલીઝ થયેલી રાજ કપૂરની ફિલ્મ 'સંગમ'ની અનઓફિશિયલ રિમેક હશે. ભણસાલીએ આ ફિલ્મ માટે અગાઉથી તૈયારીઓ શરૂ કરી દીધી હતી. ઉત્પાદનનું કામ નવેમ્બર-ડિસેમ્બરમાં શરૂ થવાની ધારણા છે. આ ફિલ્મ ક્રિસમસ ૨૦૨૫માં સિનેમાઘરોમાં રિલીઝ થશે. જો કે, આ દિવસોમાં સંજય લીલા ભણસાલી પણ તેની પ્રથમ વેબ સિરીઝ 'હીરામંડી' માટે ચર્ચામાં છે.

# જો લગ્નના કાયદાઓ બદલાશે નહીં, તો એક દિવસ જાપાનમાં દરેકની સરનેમ એક હશે

ટોક્યો,

જાપાનમાં થયેલા એક સંશોધન બાદ એક વિચિત્ર દાવો કરવામાં આવી રહ્યો છે. રિસર્ચ અનુસાર, જો લગ્નના કાયદામાં કોઈ ફેરફાર નહીં થાય તો એક દિવસ જાપાનમાં દરેકની સરનેમ એક જ હશે. આ કાયદા હેઠળ યુગલોને સરનેમ રાખવાની છૂટ છે. તોહોકુ યુનિવર્સિટીના પ્રોફેસર હિરોશી યોશિદાની આગેવાની હેઠળના સંશોધનનો અંદાજ છે કે જો જાપાન પરિણીત યુગલો પર સમાન અટક પસંદ કરવા દબાણ કરવાનું ચાલુ રાખશે, તો વર્ષ ૨૫૩૧ સુધીમાં દરેક જાપાની પુરુષ "સાતો-સાન" તરીકે ઓળખાશે. વિશ્વની મોટા ભાગની મોટી અર્થવ્યવસ્થાઓથી વિપરીત કે જેણે આ પરંપરાને નાબૂદ કરી છે, જાપાન હજુ પણ કાયદેસર રીતે વિવાહિત યુગલોને સમાન અટક રાખવાની મંજૂરી આપે છે. અહીં સામાન્ય રીતે પત્નીઓ તેમના પતિનું નામ તેમના ઉપનામ તરીકે લે છે અને જાપાનમાં સમલૈંગિક લગ્ન હજુ પણ કાયદેસર નથી. આ નામોમાં સૌથી સામાન્ય નામ 'સાતો-સાન' છે. સાતો પહેલાથી જ દેશમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી અટક છે, જે માર્ચ ૨૦૨૩ના સર્વે અનુસાર કુલ વસ્તીના ૧.૫ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે અટક 'સુઝુકી' બીજા સ્થાને છે. પ્રોફેસર યોશિદાએ કહ્યું, જો દરેક વ્યક્તિ સાતો બની જાય, તો આપણને આપણા પહેલા નામ અથવા નંબરથી બોલાવવા પડશે.

# ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' ૧૦ એપ્રિલથી સિનેમાઘરોમાં આવશે

મુંબઈ,

બસ હજુ થોડા દિવસો રાહ જુઓ. ઘણા સમયથી ચર્ચામાં રહેલી અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ ૧૦ એપ્રિલથી સિનેમાઘરોમાં આવશે. અક્ષય-ટાઈગર 'બડે મિયાં છોટે મિયાં' બનીને લોકોનું મનોરંજન કરશે. આ એક એક્શન થ્રિલર ફિલ્મ છે, તેને વધુ શક્તિશાળી બનાવવા માટે, દક્ષિણ સિનેમાના લોકપ્રિય અભિનેતા પૃથ્વીરાજ સુકુમારનને વિલન તરીકે કાસ્ટ કરવામાં આવ્યો છે. જે ફિલ્મનું ટ્રેલર આવ્યું તેમાં ઘણી જ એક્શન જોવા મળી હતી. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે ફિલ્મ રિલીઝ થયા પછી લોકો તરફથી કેવો પ્રતિસાદ મળે છે અને ફિલ્મ બોક્સ ઓફિસ પર કેવું પ્રદર્શન કરે છે. હાલમાં આ ફિલ્મના નિર્માતાએ તેની કમાણી અંગે મોટો દાવો કર્યો છે. ખરેખર, 'બડે મિયાં છોટે મિયાં'ને અલી અબ્બાસ ઝફર, જેકી ભગનાની અને વાશુ ભગનાની પ્રોડ્યુસ કરી રહ્યા છે. હાલમાં જ જેકીએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તેની સાથે વાશુ પણ જોવા મળી રહ્યો છે. બંને ફિલ્મને લઈને ઉત્સાહિત લાગે છે. જ્યારે વાશુ ભગનાની કહે છે, "છોટે મિયાં ચિંતા ન કરો, વિશ્વભરમાં ૧૧૦૦ કરોડ રૂપિયાની પુષ્ટિ થઈ ગઈ છે.

# અભિનેત્રી સોનાક્ષી સિન્હા 'સન ઓફ સરદાર ૨'માં અજય દેવગણ સાથે જોવા મળશે ?



મુંબઇ,

સિક્વલ અથવા ફ્રેન્ચાઇઝી ફિલ્મોમાં, ઘણીવાર એવું જોવા મળે છે કે નિર્માતાઓની પ્રાથમિકતા મૂળ ફિલ્મના કલાકારો સાથે ફ્રેન્ચાઇઝીને આગળ લઈ જવાની હોય છે. ઘણા ફિલ્મ નિર્માતાઓએ નવા કલાકારો સાથે ફ્રેન્ચાઇઝીને આગળ ધપાવી છે, પરંતુ પછી તેઓએ આખી વાર્તા શરૂઆતથી શરૂ કરવી પડી.

હવે આ બંને ફિલ્મોની સિક્વલ ફિલ્મોની તૈયારીઓ ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે. મળતી માહિતી પ્રમાણે અભિનેતા આવતા વર્ષથી આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. અભિનેતા સંપૂર્ણપણે નવી ટીમ સાથે સન ઓફ સરદાર ૨ બનાવશે. આમાં ડિરેક્ટરથી લઈને કાસ્ટ સુધીની આખી ટીમ નવી હશે. અહેવાલો અનુસાર, સન ઓફ સરદાર ૨ મૂળ ફિલ્મમાંથી માત્ર અજય દેવગન જ જોવા મળશે. અભિનેત્રી સોનાક્ષી અને સંજય બંને સિક્વલમાં નહીં હોય.

માહિતીના આધારે અજય દેવગન આ વર્ષે જૂનથી લંડનમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. તો પંજાબી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા ડિરેક્ટર વિજય કુમાર અરોરા સાથે ફિલ્મ સન ઓફ સરદાર ૨ માટે વાતચીત થઈ છે. સન ઓફ સરદાર ૨ તેની પ્રથમ હિન્દી ફિલ્મ હશે. આ ફિલ્મનું શૂટિંગ આવતા વર્ષે ૨૦૨૫ના મધ્યથી શરૂ કરવાની યોજના છે.

# રાજકોટમાં અભયભાઈ ભારદ્વાજના જન્મદિન નિમિતે પાંચ ભુદેવોને પરશુરામ એવોર્ડ એનાયત

રાજકોટ, પરશુરામ યુવા સંસ્થાભન રાજકોટ દ્વારા બીએપીએસ સ્વોમીનારાયણ મંદિર, કાલાવડ રોડ ખાતે સંસ્થાઈના આદ્યસ્થાયપક શ્રી અભયભાઈ ભારદ્વાજના જન્મસદિવસ નિમિત્તે પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહ ૨૦૨૪નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષ પણ અભયભાઈના જન્મદિવસ નિમતેબ્રહ્મસમાજમાં પોતાનું યોગદાન આપનાર પાંચ ભૂદેવોને પરશુરામ યુવા સંસ્થાન દ્વારા પરશુરામ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.




પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહનો પ્રારંભ પૂ. બ્રહ્મ તીર્થ સ્વામી, ગી કોઠારી સ્વામીશ્રી, બીએપીએસ સ્વાપમિનારાયણ મંદિર, રાજકોટ, પુજયમ જેન્તિ?રામ બાપા, સંત પુરણ ધામ ધુનડા, પૂજય્ ઘનશ્યાનમજી મહારાજ, ભુવનેશ્વરી પીઠ ગોંડલ, પૂ. ચૈતન્યજ શંભુ મહારાજ, પ્રસિદ્ધ ભાગવતાચાર્ય તથા સમારોહના અધ્યએક્ષ શ્રી પુરષોત્તમ રૂપાલા, શ્રી વિજયભાઈરૂપાણી મળેલ કેબીનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, રાજ્યદસભા સાંરાદ શ્રી રામભાઈ મોકરિયા, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, ઉપહત્ત ધારાસભ્યબ શ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી રમેશભાઈ ટિલાળા, શ્રીમતી દર્શિતાબેન શાહ, મેથર શ્રીમતી નયનાબેન પેઢડિયા, શહેર ભાજપ મહામંત્રી શ્રી માધવભાઈ દવે ઉપસ્થિરત રહયા હતા.

સમારોહનું સ્વાલગત અભિવાદન અભયભાઈના પુત્ર અને સમારોહના આયોજક અંશ ભારદ્વાજ દ્વારા ઉપસ્થિ ત મહેમાનો અને ભૂદેવોનું શાબ્દિવક અભિવાદન કરી, સમારોહ વિશેટુંકમાં માહિતી આપી હતી. સમારોહનું ઉદ્ઘાટન અભયભાઈના સાથી અને પરમમિત્ર શ્રી વિજયભાઈરૂપાણી પૂર્વ મુખ્યહમંત્રીશ્રીનો હસ્તે કરવામાં આવ્યુંભ હતું. ત્યારબાદ પરશુરામ યુવા સંસ્થાન દ્વારા શ્રી મનીષભાઈ માદેકા (ઉદ્યોગ ક્ષેત્રે), શ્રી સાઈરામ દવે (કલા ક્ષેત્રે), શ્રી ડો. રાજેન્દ્ર ત્રિવેદી, શ્રીમતી વિભાવરીબેન દવે અને શ્રી જગદીશભાઈ આચાર્ય (પત્રકાર ક્ષેત્રે)ને આ પાંચ બ્રહ્મ કર્મયોગીઓએ કરેલ પોતાના ક્ષેત્રેમાં વિશિષ્ટ યોગદાન અને સમાજ પ્રત્યે કરેલ ઉમદા કામોની ડોકયુમેન્ટરી રજૂ કરવામાં આવી હતી. પરશુરામ એવોર્ડ શ્રી પુરષોત્તમભાઈ રૂપાલા હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો

# સૌરાષ્ટ્ર-કચ્છમાં આછા વાદળા: પવન ફુંકાતા ગિરનાર રોપ-વે બંધ



રાજકોટ, : રાજકોટ સહિત સૌરાષ્ટ્રા-કચ્છોમાં આછા વાદળા યથાવત છે. અને આવા વાતાવરણ સાથે ગરમીનો માહોલ યથાવત છે. જુનાગઢ ગિરનાર પર સવારથી ભારે પવન ફૂંકાતા રોપ-વે સેવા બંધ રાખવાની ફરજ પડી હતી.આજે સવારે ગિરનાર પર્વત પર ઓચિંતા જ ઝંઝાવતી પવન ઉપડતા પ્રવાસીઓ મુશ્કે લીમાં મુકાઈ ગયા હતા. પવનને લઈને ગિરનાર રોપ-વે સેવા સ્થપગિત રાખવામાં આવી હતી. પવનની ગતિ સામાન્યા થયા બાદ રોપવે સેવા પૂર્વવત કરવામાં આવશે.સવારે લઘુતમ તાપમાનનો પારો ૨૨ ડિગ્રીએ સ્થિમર રહ્યો હતો. ગુરુવારે બપોરે ૩૮.૬ ડિગ્રી તાપમાન રહ્યા બાદ આજે સવારનું વાતાવરણ એકંદરે સામાન્યથ રહ્યું હતું. લઘુતમ તાપમાન ૨૨ ડિગ્રીનું નોંધાવાની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૬ રહ્યું હતું. જ્યારે પવનની પ્રતિ કલાકની ઝડપ ૪.૨ કિલોમીટરની નોંધાઈ હતી. સવારે વાતાવરણમાં ભેષનું પ્રમાણ ઘટતા અને લઘુતમ તાપમાન સ્થિ્ર રહેતા સવારથી ગરમીનું આક્રમણ શરૂ થયું હતું.

જામનગરમાં લઘુતમ તાપમાન ૨૪, મહતમ તાપમાન ૩૨.૫, ભેજનું પ્રમાણ ૮૪ ટકા, પવનની ગતિ ૯.૪ કિ.મી. રહી હતી.

# રાજકોટના વાવડીમાં એસજીવીપી ગુરૂકુલદ્વારા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ :પ્રિ-સ્કુલ ઉદ્ઘાટન સમારોહ યોજાશે

રાજકોટ:વડતાલ ધામ દ્વીશતાબ્દી મહોત્સવના ઉપક્રમે એસ.જી.વી.પી. ગુરૂકુલ રીબડા દ્વારા 'પ્રેમપ્રકાશ' સંસ્કાર કેન્દ્ર વાવડી (રાજકોટ) ખાતે નૂતન પ્રાર્થના મંદિરમાં શ્રી ઘનશ્યામજી મહારાજ, શ્રીરામ-સીતાજી અને શ્રીરાધાકૃષ્ણદેવની મૂર્તિ પ્રતિષ્ઠાનો મહોત્સવ અને પ્રિ-સ્કુલનો ઉદઘાટન સમારોહ તા. ૯ થી ૧૨ સુધી એસ.જી.વી.પી. સીટી કેમ્પસ, પુનીતનગરની પાછળ, ૧૫૦ ફુટ રીંગરોડ, વાવડી ગામ (રાજકોટ) ખાતે તા.૯ થી ૧૨ ચૈત્ર સુદ ૧ થી ચૈત્ર સુદ ૪ સુધી આ મહોત્સવ યોજવામાં આવેલ છે.ભુમિના મુખ્ય દાતા ખોડીદાસભાઈ શિવલાલભાઈ કોરાટ (હ.હર્ષભાઈ) છે. કથાના મુખ્ય યજમાન તરીકેનો લાભ અ.નિ. રસિકભાઈ તથા અ.નિ. ચતુરભાઈ કોરાટ (હ.કલ્પેશભાઈ, જયભાઈ) પરિવારે અને યજ્ઞના યજમાન તરીકેનો લાભ માયાભાઈ કોરાટ (હ.નિકુંજ) પરિવારે લીધો છે.

# રાજકોટ મનપાની આવતા સપ્તાહેથી એડવાન્સ મિલકત વેરામાં વળતર યોજના: મહિલા મિલ્કતધારકને ૧૦% વળતર

## ઓનલાઈન પેમેન્ટ કરનારને વધુ ૧-૧ ટકો સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં તા. ૩૧ મે સુધી એડવાન્સા મિલ્કત વેરો ભરનાર ધારકને ૧૦% વળતર

રાજકોટ,મહાનગરપાલિકા દ્વારા અગાઉના વરસોની માફક જ સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં પણ એડવાન્સ મિલ્કત વેરાની રકમ ભરપાઈ કરનાર કરદાતાઓને વળતર આપવાની યોજના આવતા સપ્તાહે એટલે કે તા.૮ એપ્રિલ બાદ શરૂ કરવા વેરા શાખા દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું મનપા તંત્રના સતાવાર સુત્રોએ જણાવ્યું હતુ.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષમાં તા.૩૧ મે સુધી એડવાન્સ્ મિલ્કત વેરો ભરનાર મિલ્કત ધારકને ૧૦% વળતર તથા મહિલા મિલ્કત ધારકોને વધારાના ૫% વળતર એટલે કે ૧૫% અને તા.૩૦ જુન સુધી એડવાન્સર મિલ્કત વેરો ભરનાર મિલ્કકત ધારકને ૫% અને મહિલા મિલ્કત ધારકને ૧૦% વળતર આપવાનું મંજુર કરાયેલ છે. આ બંને યોજનામાં ઓનલાઈન મિલ્કકત વેરો ભરનાર મિલ્કતધારકને વિશેષ ૧% વળતર આપવામાં આવશે. આ ઉપરાંત સતત ત્રણ વર્ષથી આવી યોજનાનો દરમ્યાન સંપૂર્ણ વેરો ભરનાર કરદાતાઓને લોયાલીટી બોનસ પેટે વિશેષ ૧% આપવામાં આવશે. તેમજ ૪૦% થી વધારે ડીસેબિલીટી (શારીરિક અશકત) હોય અને તેમના જ નામે હોય તેવા રહેણાંક મિલ્કજતોને વિશેષ ૫% વળતર આપવામાં આવશે.

# મતદાન જરૂર કરો અને કરાવો : રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન અંગે જાગૃતિની કવાયત

રાજકોટ, લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે ૧૦ - રાજકોટ સંસદીય મત વિસ્તારમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષી તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન. કે. મુછારના નેતૃત્વમાં મતદાન અંગે જાગૃતિની કવાયત હાથ ધરવામાં આવી છે. જેમાં સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શનમાં 'મતદાન જરૂર કરો અને કરાવો'ની નેમ સાથે વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી અંતરિયાળ વિસ્તારથી લઈને મહાનગર સુધી તમામ મતદારોને મતદાન માટે સતત પ્રેરિત કરવામાં આવી રહ્યાં છે.

૬૭ - વાંકાનેર વિધાનસભા મતદાર વિભાગમાં પ્રાંત અધિકારીશ્રી સિદ્ધાર્થભાઈ ગઢવીના દિશાનિર્દેશ અનુસાર જાતિ આધારિત ૧૦%થી વધારે તફાવત ધરાવતા કુચિયાદડ ગામ ખાતે ભાગ નંબર ૨૧૧ તથા ૫૦%થી ઓછું મતદાન ધરાવતા ઘંટેશ્વર ખાતે ભાગ નંબર ૨૯૮ તથા ૨૯૯માં મતદાન વધારવા માટે ગામલોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. લોકશાહીને સશકત કરવા માટે મતાધિકારનો સમજપૂર્વક ઉપયોગ કરવાની જાણકારી આપી હતી. તેમજ મતદાનના દિવસે મતદાનને પ્રાથમિકતા આપવાની પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી.

૬૮ - રાજકોટ પૂર્વ વિધાનસભા મતદાર વિભાગમાં જિલ્લા પુરવઠા અધિકારીશ્રી રાજેશ્રી વંગવાણીના માર્ગદર્શન હેઠળ મામલતદારની સૂચના મુજબ વોર્ડ નંબર ૦૫માં મારુતિનગર વિસ્તાર અને વોર્ડ નંબર ૧૮માં કોઠારીયા રણુજા મંદિર ખાતે વોર્ડ ઓફિસરશ્રી દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ચૂંટણી પ્રક્રિયા, મતદાન મથક, ચૂંટણીલક્ષી સેવાઓ આપતી એપ્લીકેશન્સ સહિતની બાબતો વિશે સમજૂતી આપવામાં આવી હતી. તેમજ ચૂંટણીમાં મતદાન કરવા તથા કરાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. આ તકે 'અમે અવશ્ય મતદાન કરીશું'ના શપથ લેવામાં આવ્યા હતા.

૭૧ - રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મતદાર વિભાગમાં પ્રાંત અધિકારીશ્રી વિમલભાઈ ચક્રવર્તીના સૂચનો પ્રમાણે પુરુષ અને સ્ત્રી જાતિના મતદાનમાં ૧૦% કરતા વધુ તફાવત રહેલો હોય તેવા મતદાન મથક વિસ્તારમાં મતદાન જાગૃતિની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

# રાજકોટમાં વિહિપ દ્વારા રામનવમીની શોભાયાત્રાનો રૂટ જાહેર કરાયો



રાજકોટ, વિશ્વટ હિન્દુ પરિષદ પ્રેરીત રામનવમી શોભાયાત્રાની પૂર્વ તૈયારીના ભાગ રૂપે ગત વિ.હિ.પ. કાર્યાલય ખાતે વિવિધ સંસ્થાન-મંડળો તથા વિ.હિ.પ.-બજરંગદળ-દુર્ગાવાહીનીના કાર્યકર્તાઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યુંી હતું. જેમાં વિ.હિ.પ., બજરંગદળ, દુર્ગાવાહીનીના કાર્યકર્તાઓ, સામાજીક, સેવાકીય સંસ્થાલ, મંડળોના અગ્રણીઓ વિ. બહોળી સંખ્યા.માં ઉપસ્થિત રહયા હતા તથા રાધેશ્યા,મ ગૌશાળાના રાધેશ્યામ બાપુ ઉપસ્થિનત રહયા હતા અને વિ.હિ.પ. ના હોદેદારોએ માર્ગદર્શન પુરૂ પાડયુ હતું. તા. ૯ એપ્રિલને થી તા. ૧૬ એપ્રિલને મંગળવાર સુધી શ્રીરામ કથાનું આયોજન થવા જઈ રહયું છે તેમજ રામનવમીના પાવન દિવસે એટલે કે તા. ૧૭ એપ્રિલ બુધવારે પરંપરા મુજબ દર્શનીય શોભાયાત્રાનું આયોજન વિ.હિ.પ. તથા રાધેશ્યા૧મ ગૌશાળાના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યુંા છે. આમ દર વર્ષે ભવ્ય. રીતે યોજાતી રામનવમી શોભાયાત્રા આ વર્ષે ભવ્યુ બની રહેશે.શોભાયાત્રા પણ નાણાવટી ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતેથી ધર્મસભા બાદ શરૂ થઈને રાજકોટના જાણિતા રાજમાર્ગોના રૂટ ફરીને સતયુગશ્રી રામજી ભગવાન મંદિર હળ: શ્રી ન્યોલ ભગત અન્ન ક્ષેત્ર ૐ હિં રામ જય રામ જય જય રામ ખાતે પૂર્ણાહુતી પામશે.

તેમજ રાજકોટ ખાતેના રામ ઉત્સંવ કાર્યક્રમ નિમિતે માર્ગદર્શક મંડળ જાહેર કરવામાં આવેલ હતું જેમાં રાધેશ્યાતમ બાપુ, શાંતુભાઈ રૂપારેલીયા, નરેન્દ્ર ભાઈ દવે, ભુપતભાઈ ગોવાણી, માવજીભાઈ ડોડીયા, હસુભાઈ ભગદેવ, હસુભાઈ ચંદારાણા, નિતેશભાઈ કથીરીયા, વિનુભાઈ ટીલાવતની જાહેરાત કરવામાં આવી હતી આ કાર્યક્રમના અનુસંધાને વિવિધ સમિતિ હવે પછી જાહેર કરવામાં આવશે.

# કાલે રાજકોટમાં સાહિત્યકાર ચંદ્રકાન્ત બક્ષી પ્રેમીઓનું સન્માન

રાજકોટ, ગુજરાતના સ્વપ્નસ શિલ્પી સમર્થ સાહિત્યકારના શ્રી ચંદ્રકાન્ત બક્ષી સાહિત્યા વર્તુળ, રાજકોટ તથા અરસપરસ પારિવારિક મેગેઝિન રાજકોટના સંયુકત ઉપક્રમે ગત વર્ષ ૨૦૨૩ના શ્રી ચંદ્રકાન્ત બક્ષીની ૯૧મી જન્મ જયંતિ નિમિતે ટૂંકી વાર્તા સ્પર્ધાનું આયોજન કરાયેલ, સમગ્ર ગુજરાત, મુંબઈમાંથી ૮૦ થી વધુ વાર્તાકારોએ ભાગ લીધેલો. જેના વિજેતાઓનો ત્થા ગુજરાતભરમાં વસતા વિવિધ બક્ષી પ્રેમીઓ કે જેઓએ શ્રી ચંદ્રકાન્ત બક્ષીને પોતાના જીવનમાં આત્મવસાત કરેલાં છે તેવાં ૨૨ બક્ષીપ્રેમીઓનો સન્મા્નિત કાર્યક્રમ ફકત નિમંત્રિતો માટે બહુમાળી ભવન, મીટીંગ હોલ, રેસકોર્સ ખાતે તા. ૭ ને રવિવારે સવારે ૧૦ થી ૧ દરમ્યાન યોજાનાર છે.

આ કાર્યક્રમમાં 'ફૂલછાબ'ના પૂર્વ તંત્રી શ્રી કૌશિકભાઈ મહેતા, 'ફૂલછાબ'ના તંત્રીશ્રી જવલંત છાયા, 'આજકાલ'ના તંત્રીશ્રી કાના બાંટવા, સૌ. યુનિ.ના પ્રા. દીપકભાઈ પટેલ, પૂર્વ નાયબ નિયામકશ્રી નરેન્દ્રઓભાઈ શાહ, લેખિકા વંદીતાબેન રાજયગુરૂ ત્થાા સાહિત્યં સેતુના અનુપમભાઈ દોશી ઉપસ્થિત રહેશે.વાર્તા સ્પર્ધાના નિર્ણાયકો તરીકે વાર્તાકાર સર્વ શ્રી ધર્મેન્દ્રસિંહ રાઠોડ, નટવર આહલપરા, યોગેશ પંડયા (ભાવનગર) એ સેવા આપી હતી.

# રાજકોટની ન્યુ રાજદીપ સોસાયટીમાં સ્વ-સહાય જૂથના બહેનોને કચરાનું વર્ગીકરણ, અંગે માર્ગદર્શન – તાલીમ અપાઈ



રાજકોટ, મહાનગરપાલિકા દ્વારા સ્વકચ્છઅ સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત સ્વદચ્છીતામાં મહિલાઓની સહભાગીતા અને નેતૃત્વાને મજબુત કરવા માટે મહિલાઓને?સ્વચ્છતા અંગે માહિતી માર્ગદર્શન મળી રહે તે હેતુથી મહાનગરપાલિકાનાં વોર્ડ નં.૧૧ ન્યુ રાજદીપ સોસાયટીમાં રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત સંકળાયેલ સ્વન-સહાય જૂથના બહેનોને સ્વચ્છ તા બાબતે તેમના સમુદાય, મહોલ્લાકે શેરી ફળીયાના લોકો સ્વચ્છતા પ્રત્યે સભાન બને તે માટે માહિતી માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં બહેનોનેસૂકા અને ભીના કચરાના વર્ગીકરણ અંગે માર્ગદર્શન, ૩ઇ (રીડ્યુઆઝ, રીયુઝ અને રીસાઈકલ) તથા કીચન વેસ્ટગના હોમ કોમ્પોાસ્ટીંાગ અંગેની માહિતી સિનીયર કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર એન.આર.કાથડ તથા મેનેજર એસ.કે.બથવાર દ્વારા આપવામાં આવેલ હતી.

# રાજકોટના રામવિહાર સોસાયટીમાં સ્વીપ અંતર્ગત મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

રાજકોટ, લોકશાહીના સૌથી મોટા પર્વ ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે ચૂંટણી પંચ પ્રયાસો કરી રહ્યું છે. આગામી સમયમાં લોકસભાની ચૂંટણી - ૨૦૨૪નો સૌથી મોટો અવસર આવી રહ્યો છે. આગામી તારીખ ૭ મેના રોજ ગુજરાતની તમામ ૨૬ લોકસભા સીટો પર મતદાન થશે. ગત ચૂંટણી કરતાં આ વખતે મતદાનની ટકાવારી વધે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે દેશવાસીઓને લોકસભા ચૂંટણી અન્વયે મતદાન અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

જેના ઉપક્રમે અધિક કલેકટરશ્રી અને સ્વીપના નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસા ગઢવીના માર્ગદર્શન હેઠળ ૭૧ રાજકોટ ગ્રામ્ય (અ.જા) વિધાનસભા ભાગ નંબર ૨૮ ૨૯ નાના મૌવા ખાતે આવેલ રામવિહાર સોસાયટી, સરદાર પટેલ પાર્ક ખાતે પુરુષ તથા સ્ત્રીમાં ૧૦%થી ઓછું મતદાન ધરાવતા વિસ્તારમાં મહિલાઓ દ્વારા મતદાન ટકાવારી વધે તે હેતુથી બી.એલ.ઓ.શ્રી દ્વારા તેઓને મતદાનના મહત્વ બાબતે સમજણ આપેલ તથા આગામી લોકસભા ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે બાબતેની પ્રતિજ્ઞા લેવડાવેલ હતી. આમ, સ્વીપ અંતર્ગત થયેલ કાર્યક્રમોમાં મતદાન જાગૃતિ માટે થતા કાર્યક્રમોમાં લોકોને સંપૂર્ણ જાણકારી આપવામાં આવી રહી છે જ્યારે લોકો પણ મત જાગૃતિમાં બેનર, પોસ્ટર બનાવીને સહભાગી થઈ રહ્યા છે.

# ગીર જિલ્લા ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં ઈવીએમ મશીનનું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન યોજાયું

## રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં રેન્ડમાઈઝેશન સંપન્ન




વેરાવળ, સમગ્ર ગુજરાત રાજયની સાથે ગીર સોમનાથ જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ આગામી તા. ૭ મેના રોજ યોજાનાર છે. આ અંગે જિલ્લામાં ચૂંટણીલક્ષી કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

આજે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરી ખાતે ચૂંટણીપંચની ગાઈડલાઈન મુજબ જિલ્લામાં સમવિષ્ટ કુલ ૪ વિધાનસભા વિસ્તાર માટે ઈ.એમ.એસ સોફ્ટવેર દ્વારા રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આ રેન્ડમાઈઝેશન વખતે વિવિધ રાજકીય પાર્ટીના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહ્યાં હતાં. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા ઈવીએમ રેન્ડમાઈઝેશન કરી સમગ્ર પ્રક્રિયાને આખરી કરવામાં આવી હતી તથા તેની યાદી રાજકીય પક્ષોને આપવામાં આવી હતી.

ઈવીએમમાં બેલેટ યુનિટ અને કન્ટ્રોલ યુનિટ એમ બે એકમોનો સમાવેશ થાય છે. ફર્સ્ટ રેન્ડમાઈઝેશન દરમિયાન ચૂંટણી પંચે ઠરાવેલા ધારાધોરણો પ્રમાણે પ્રત્યેક વિધાનસભા ક્ષેત્રના કુલ મતદાન મથકોની સંખ્યાના ૧૨૫ ટકા લેખે ેં- બેલેટ યુનિટ, ૧૨૫ ટકા લેખે ઝેં- કન્ટ્રોલ યુનિટ અને ૧૩૫ ટકા વીવીપેટ તકેદારીના રૂપમાં ફાળવણી થશે. ઉપરોક્ત ધારાધોરણ પ્રમાણે બેલેટ યુનિટ્સ-કન્ટ્રોલ યુનિટ્સ અને વીવીપેટની ફાળવણી કરાશે.આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર શ્રી આર.જી.આલ, નાયબ ચૂંટણી અધિકારી શ્રી પલ્લવી બારૈયા સહિત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટ જિલ્લામાં આચારસંહિતાનાં અમલીકરણમાં ૩૯૦૭થી વધુ રાજકીય પ્રચાર સામગ્રી દૂર કરાઈ

રાજકોટ,લોકસભા ચૂંટણી ૨૦૨૪ અન્વયે રાજકોટ જિલ્લા સહિત સમગ્ર દેશભરમાં આદર્શ આચાર સંહિતા અમલમાં મુકવામાં આવી છે. જે અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મુછારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ જગ્યાઓ પરથી અનધિકૃત પ્રચારાત્મક બેનર, લખાણો, પોસ્ટર, કટ આઉટ વગેરે હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

આ કામગીરી અંતર્ગત તા.૦૪ એપ્રિલ સુધીમાં ૭૪-જેતપુર, ૭૧-રાજકોટ ગ્રામ્ય અને ૭૫-ધોરાજી વિધાનસભા મતક્ષેત્રમાંથી કુલ ૩૯૦૭ થી વધુના અનઅધિકૃત રાજકીય પ્રચારાત્મક લખાણો, બેનર, પોસ્ટરોને દૂર કરવામાં આવ્યા છે. જેમાં ૭૪- જેતપુર વિધાનસભા મતવિસ્તારમાંથી જાહેર કે સરકારી મિલકતો પરથી ૭૯૭ અને ખાનગી મિલકતો પરથી ૬૦૦ કુલ ૧૩૯૭ થી વધુ અનઅધિકૃત રાજકીય પ્રચારાત્મક જાહેરાતો દૂર કરવામાં આવી છે.

આ ઉપરાંત, ૭૧ રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મતવિસ્તારમાંથી જાહેર કે સરકારી મિલકતો પરથી ૧૫૦૦ અને ખાનગી મિલકતો પરથી ૨૭૫ આમ, કુલ ૧૭૭૫ થી વધુ તથા ૭૫- ધોરાજી વિધાનસભા મતવિસ્તારમાંથી જાહેર કે સરકારી મિલકતો પરથી ૨૭૧ અને ખાનગી મિલકતો પરથી ૪૬૪ આમ, કુલ ૭૩૫ થી વધુ કેસ અંતર્ગત અનધિકૃત પ્રચારાત્મક સામગ્રી દૂર કરવામાં આવી છે, તેમ મદદનીશ ચૂંટણી અધિકારી સર્વશ્રી રાજકોટ ગ્રામ્ય, જેતપુર તથા ધોરાજી દ્વારા જણાવાયું છે.

# રાજકોટ માર્કેટ યાર્ડમાં ઘઉં - ચણાની રેકોર્ડ આવકઃ ૯ કીમી લાંબી લાઈન

## ચારેકોર ઘઉં-ચણાના ઢગલાઃ ધાણા-જીરૂ-મેથી-લસણની પણ ચિક્કાર આવક





તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં કૃષિ સીઝન બરાબર જામી છે અને શિયાળુ પાકના ઢગલા થઈ રહ્યા છે. રાજકોટનું યાર્ડ પણ વિવિધ કૃષિ જણસીઓથી ઉભરાયું હતું. ઘઉં જેવી જણસીમાં તો વિક્રમી પ્રમાણમાં માલ ઠલવાયો હતો.

માર્કેટ યાર્ડમાં આજે માત્ર ઘઉંની જ પોણા બે લાખ મગ (૩૫૦૦૦ ક્વીંટલ)ની આવક થઈ હતી. વિશાળ યાર્ડમાં ચારે તરફ ઘઉંના ઢગલા જોવા મળતા હતા. તમામ માલનું વેચાણ પણ શક્ય બન્યું હતું અને અર્ધાથી વધુ માલ પડતર રહેતા હવે નવી આવક અટકાવી દેવામાં આવી છે. હરરાજીમાં ઘઉં લોકવન ૪૭૪થી ૫૩૮ તથા ઘઉં ટુકડા ૫૦૨ થી ૫૮૦ના ભાવે વેચાયા હતાં.

ઘઉં ઉપરાંત એક લાખ મણ ચણા ઠલવાયા હતા. ચણાની પણ ચિક્કાર આવક હતી. સફેદ ચણામાં ૧૬૦૦ થી ૨૨૫૦ના ભાવે હરરાજી થઈ હતી. જંગી આવક થતી હોવાને કારણે ચણા પીળા તથા ચણા સફેદની વારાફરતી એકાંતરે હરરાજી કરવામાં આવી રહી છે.

માર્કેટ યાર્ડના સુત્રોએ કહ્યું કે વિવિધ જણસીઓની ચિક્કાર આવકો હોવાથી માલ ભરેલા વાહનોના પણ થપ્પા થઈ રહ્યા છે. ગઈરાત્રે ૮ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધીમાં ૨૦૫૦ વાહનો ખડકાયા હતા. ૯ કિ.મી. લાંબી લાઈન લાગી હતી. ચેરમેન જયેશ બોઘરા ઉપરાંત સ્ટાફ દ્વારા વારાફરતી વાહનોને સંકુલમાં લેવડાવવામાં આવ્યા હતાં.

ઘઉં-ચણા ઉપરાંત ૨૪૦૦ ક્વીંટલ મગફળીની આવક હતી. ભાવ જીણીના ૧૦૯૫ થી ૧૨૪૫ તથા જાડીના ૧૧૧૦ થી ૧૩૫૦ હતા.

એરંડામાં ૯૦૦ ક્વીંટલની આવક ભાવ ૧૦૫૦ થી ૧૧૩૮ હતા. લસણમાં ૧૩૫૦ ક્વીંટલની આવકે ભાવ ૧૧૫૦ થી ૨૮૦૦, ધાણામાં ૧૫૫૦ ક્વીંટલની આવક ભાવ ૧૩૪૦ થી ૧૯૧૧, ધાણીમાં ૧૦૦૦ ક્વીંટલની આવકે ભાવ ૧૫૬૦ થી ૨૩૯૦, જીરૂમાં ૧૩૦૦ ક્વીંટલથી આવકે ભાવ ૩૯૨૫ થી ૪૦૬૦, મેથીમાં ૩૫૦૦ ક્વીંટલની આવકે ભાવ ૯૮૦ થી ૧૩૫૦ના પડ્યા હતાં.

# પરસોતમ રૂપાલાએ મહિલાઓ સાથે ભોજન લઈ ટિફિન બેઠક કરી




તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

પરસોતમ રૂપાલાએ મહિલાઓ સાથે બેસી ભોજન કર્યું હતું. જેનાથી રૂપાલાની નવી જ રાજનીતિ જોવા મળી રહી છે. દિલ્હીથી આવ્યા બાદ રૂપાલામાં ભરપૂર આત્મવિશ્વાસ જોવા મળી રહ્યો છે અને આથી હવે ભાજપ દ્વારા રૂપાલાને હટાવવામાં આવશે તેવી વાતો હવે ઓછી ચર્ચાઈ રહી છે. જોકે રૂપાલા સાથે ક્ષત્રિય સમાજના ભાજપના કોઈ જ નેતા જોવા મળ્યા નહોતા. આ તકે રૂપાલાએ જણાવ્યું હતું કે, આજે દરેક જગ્યાએ મહિલાઓ આગળ છે અને આ સ્વાવલંબી યોજના પહેલા ભાઈઓ માટે પણ હતી. પરંતુ બાદમાં આ યોજનાનો લાભ મોટાભાગની બહેનોએ લેતા હવે આ યોજનામાં માત્ર બહેનો જ રહી છે. આ તકે તેમણે બહેનો સાથે બેસી ટિફિન બેઠક કરી હતી અને તેમની સાથે નીચે બેસી ભોજન કર્યુ હતુ. મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, હું ધારાસભ્ય હતો ત્યારથી ટિફિન બેઠક કરતો હતો અને આજે અહીં સ્વાવલંબી આત્મનિર્ભર મહિલા મિલનમાં આવવાનો મોકો મળ્યો. જેમાં મહિલાઓ સાથે સંવાદ કર્યો અને તેમની સાથે ભોજન કર્યું. અહીં રાજકોટ લોકસભાના પૂર્વ સાંસદ મોહન કુંડારિયા, રાજ્યસભાના સાંસદ રામ મોકરિયા અને ધારાસભ્ય દર્શિતાબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા. ભાવનાબેન જોષીપુરા સહિતની મહિલાઓએ રૂપાલાને જીત માટે આશીર્વાદ આપ્યા હતા.

# રાજકોટમાં માં આશાપુરા મંદિરે શિશ ઝુકાવી પ્રચારકાર્ય શરૂ કરતા પરષોતમભાઈ રૂપાલા

## મંદિરમાં માં આશાપુરાના લીધા આશિર્વાદ લીધા સાંસદ રામભાઈ મોકરીયા સહિતના આગેવાનોની ઉપસ્થિતિ




તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

લોકસભાના ઉમેદવાર શ્રી પરસોતમભાઇ રૂપાલા ગઇકાલે દિલ્હીથી રાજકોટ આગમન થયું હતું. તેઓ આજે સવારે અહિંના વિખ્યાત પેલેસ રોડ ઉપર આવેલ શ્રી આશાપુરા માતાજીના મંદિરે દર્શન કર્યા હતાં. અને ત્યાસરબાદ બીજા તબકકાનો ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે.

રાજકોટ લોકસભા મત વિસ્તા રના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા ગઇકાલે કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં હાજરી આપ્યા બાદ પોતાના મત વિસ્તાર રાજકોટમાં પરત ફર્યા છે અને તેમણે જોરશોરથી પોતાનું પ્રચારકાર્ય શરૂ કરી દીધુ છે. આજે સવારે ક્ષત્રિયોના આરાધ્યાક દેવી માં આશાપુરા મંદિર (પેલેસ રોડ) ખાતે તેઓ પહોંચ્યા હતા અને માતાજીના આશિર્વાદ માંગી પ્રચારકાર્ય શરૂ કર્યુ હતુ. તેઓ જણાવે છે કે, મને અને ભાજપને ક્ષત્રિય સમાજનો સંપૂર્ણ ટેકો પ્રાપ્ત છે. તેઓ એમ પણ જણાવે છે કે, મેં ૨ વખત હાથ જોડીને માફી પણ માંગી લીધી છે અને મને આશા છે કે, ક્ષત્રિય સમાજ મોટુ મન રાખી મને માફ કરી દેશે.અત્રે એ નોંધનીય છે કે, આગામી દિવસોમાં યોજાનાર ક્ષત્રિય સમાજના સંમેલનને હાલ તુર્ત મોકુફ રાખવામાં આવ્યુ છે. એટલું જ નહીં, ગઇકાલે પાટીદાર સમાજની ચિંતન બેઠક પણ રદ કરવામાં આવી હતી.આજે સવારે જ્યારે રૂપાલાએ આશાપુરા મંદિરની મુલાકાત લીધી તે વેળાએ તેમની સાથે ભાજપના રાજકોટના દિગ્ગજ નેતાઓ પણ હાજર રહ્યા હતા.

# રાજકોટમાં ૧૦, એપ્રીલથી સુબોધીની વચનામૃત ભાગવત મહોત્સવ

## આચાર્યપીઠે બિરાજનાર પૂ.પા.ગો.દ્વારકેશલાલજી મહારાજશ્રી વચનામૃતના માધ્યમથી ઉપસ્થિતિ ભાવિક શ્રોતાઓને તેમની તાત્વિક સાર ગર્ભિત વાણીના સરળ પ્રવાહમાં રસપાસ કરાવશે



રાજકોટ,

રાજકોટના પરમ વૈષ્ણવ પરિવારો, ભાગવત વચનામૃતના મુખ્ય મનોરથી પારસભાઈ વલ્લભભાઈ કટારિયા તથા સહ મનોરથી નટવરલાલ હરિયાણીના સેવા ઉપક્રમે રાજકોટમાં પૂ.ગો.શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના સ્વમુખે આગામી તા.૧૦-૪-૨૪થી ૧૬-૪-૨૪ સુધી દરરોજ બપોરે ૩ થી સાંજે ૭ વાગ્યા સુધી સુબોધીની અષ્ટોત્તર શત શ્રીમદ ભાગવત વચનામૃત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. રવડી બાયપાસ, મારવેલ હોસ્પિટલ રોડ, સંસ્કાર સાનિધ્યની, સંસ્કાર સીટી રામધણની બાજુમાં વિશાળ પટાંગણમાં યોજાયેલ આ પ્રેરણાદાયી ભાગવત મહોત્સવમાં સમગ્ર રાજકોટ આજ આસપાસના વિસ્તારના ધર્માનુરાગી શ્રોતાઓ વિશાળ સંખ્યામાં હાજરી આપીને લાભા લેશે.

આચાર્યપીઠે બિરાજનાર પૂ.પા.ગો.દ્વારકેશલાલજી મહારાજશ્રી જગદ્?ગુરૂ શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાગ્ટય ગૃહાધિપતિ છે અને સોમયાજી દીક્ષિત અનંત શ્રી વિભુષિત છે, તેઓ પુષ્ટિ સૃષ્ટિનું પ્રેકબળ છે. વિવિધ વચનામૃતના માધ્યમથી ઉપ સ્થિતિ ભાવિક શ્રોતાઓને તેમની તાત્વિક સાર ગર્ભિત વાણીના સરળ પ્રવાહમાં રસપાસ કરાવશે આ અલૌકિક મહોત્સવનો લાભલેવા ચંપારણય ધામ હવેલી તરફથી સર્વે ભાવિકજનોને જાહેર આમંત્રણ અપાયું છે.સાત દિવસના આ કાર્યક્રમ દરમ્યાન તા.૧૦ એપ્રિલ બુધવારે રાત્રે ૯ થી ૧૧-૩૦ રાસકિર્તન, તા.૧૨ એપ્રીલ શુક્રવારે રાત્રે ૯ વાગ્યાથી ઢાઢીલીલી, તા.૧૪ એપ્રિલ રવિવારે રાત્રે ૯ વાગ્યે ચંપારણધામ હવેલીના પાઠશાળાના બાળકો નાટ્યકૃત રજુ કરશે તા.૧૫, એપ્રીલ સોમવારે રાત્રે ૯ વાગે લોરી ઉત્સવ અને સમુહ માળાં પહેરામણી તથા તા.૧૬ એપ્રીલ મંગળવારે રાત્રે ૯ વાગ્યે ષષ્ટીપૂર્તિ અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ધર્મયોજનની વિશેષ વિગતો અને મો.નં.૯૪૨૭૨૨૦૮૩૯, ૯૮૨૫૨૧૭૧૬૪ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયુ છે.

# રાજકોટમાં રૂપાલાના સમર્થનમાં લાગેલા પોસ્ટરો તંત્રએ હટાવ્યા




રાજકોટ,

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ દ્વારા ચાલી રહેલા ઉગ્ર આંદોલન વચ્ચે ગઈ કાલે રાજકોટના જીવરાજપાર્ક વિસ્તારમાં રૂપાલાની તરફેણમાં બેનરો લગાવવામાં આવ્યા હતાં. જો કે, મંજુરી વગર લગાવવામાં આવેલા આ બેનર્સ અને પોસ્ટર્સ આજે સવારમાં જ મહાનગરપાલિકા અને ચૂંટણી તંત્ર દ્વારા ઉતારી લેવામાં આવ્યા હતાં જો કે, હાલ રૂપાલા મામલે ક્ષત્રિય સમાજ ભારે આક્રોશભેર આંદોલન ચલાવી રહ્યો છે તેવા સમયે જ જીવરાજપાર્કમાં રૂપાલાની તરફેણમાં પોસ્ટરો લગાવી ક્ષત્રિયોને ઉશ્કેરવાની રાજકીય ચાલ હોવાનું ગણાવાય છે ભાજપની મંજુરી વગર સ્થાનિક નેતાએ આ પોસ્ટરો લગાવ્યા હોવાનું કહેવાય છે અગાઉ ધારાસભાની ચૂંટણીમાં ભાજપ સામે જ મોરચો ખોલનાર નરેન્દ્ર સોલંકીએ લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાને માફ કરી દેવા ક્ષત્રિય સમાજને વિનંતી કરી હતી અને રૂપાલાની તરફેણમાં પોસ્ટરો પણ લગાવ્યા હતાં.

# રાજકોટમાં મોઢવણિક જ્ઞાતિજનો માટે યુવીએમસી પાર્ટીલોન્સનું લોકાર્પણ




રાજકોટ,

સૌરાષ્ટ્રની મોઢવણીક જ્ઞાતિની ૧૫૦ વર્ષ જૂની સંસ્થા શ્રી મોઢવણીક મહાજન દ્વારા રાજકોટ શહેરના અતિ પોશ વિસ્તાર એવા કાલાવડ રોડ પરના ન્યારી ડેમ મેઈન રોડ ખાતે અતિઆધુનિક સુવિધાઓથી સજ્જ આશરે ૪ હજાર વારમાં ભવન અને પાર્ટીલોન્સનું નિર્માણ કરવામાં આવેલ છે. જેમને સંસ્થાનાં સ્થાપક તેમજ મૂળદાતા ‘શ્રી ઉજમશીભાઈ વિરચંદભાઈ વોરા મોઢવણીક કેમ્પ એન્ડ પાર્ટીલોન્સ (યૂવીએમસી પાર્ટીલોન્સ)’ નામકરણ સાથે તાજેતરમાં મોઢવણીક જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાગટ્ય પીઠાધીસ્વર સોમયાજી દીક્ષિત, અનંત વિભૂષિત પૂ. પા. ગો. ૧૦૮ દ્વારકેશલાલજી મહોદય, ચંપારણ્યરનાં હસ્તે સમાજાપર્ણ કરવામાં આવેલ હતું. મોઢવણીક મહાજન રાજકોટ દ્વારા પાર્ટી પ્લોટ જ્ઞાતિજનોને રૂા. ૨૧ હજારનાં ટોકન દરે માટે આપવામાં આવશે. .યૂવીએમસી પાર્ટી લોન્સના લોકાપર્ણ પ્રસંગે ‘ભક્તિ કે સંગ, શ્રીજી કે સંગ’ પુષ્ટિ ભક્તિ ગીતોનાં

આ અવસરને સફળ બનાવવા મોઢવણીક મહાજન રાજકોટના પ્રમુખ ભાગ્યેશ વોરા, મેને. ટ્રસ્ટી કીરેન છાપીયા, ઉપપ્રમુખ સુનિલ વોરા, મંત્રી અશ્વિન વડોદરિયા, સહમંત્રી કેતન પારેખ, ખજાનચી નીતિન વોરા, ટ્રસ્ટીપઓ જગદીશ વડોદરિયા, સંજય મણિયાર, ઈલેશ પારેખ, ધર્મેશ વોરા,ડો. કમલેશ પારેખ, અતુલ પારેખ, જયેન્દ્ર મહેતા, કેતન વોરા, યોગેશ પારેખ, ધીરુભાઈ મહેતા, નીતિન મણિયાર, ભાવિક મહેતા રશ્મિોન શાહ, પ્રતાપ દોશી, રાજૂ મહેતા, નીતા પારેખ, છાયા વજરીયા, ક્રિષ્નામ મણિયાર, મીરા મહેતા, કુ. ખુશી પારેખ વગેરેએ જહેમત ઉઠાવેલ. તેમ મોઢવણિક મહાજન રાજકોટનાં મેનેજર સુરેશ રાજપુરોહિતની યાદી જણાવે છે.

# ભાજપની સ્થાપના પછી ભારતની એકતા, અખંડિતા અને લોકશાહીને મળ્યું : પ્રવકતા રાજુધ્રુવ

## આજે ૬ એપ્રિલના રોજ ભાજપનો ૪૪(૭૪)મો સ્થાપના દિવસ



રાજકોટ,

આગામી ૬ એપ્રિલના રોજ ભાજપનો ૪૪(૭૪)મો સ્થાપના દિવસ છે. ભાજપ સ્થાપના દિવસ નિમિત્તે સૌરાષ્ટ્ર ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે પક્ષની અખંડ એકતા યાત્રામાં પ્રદાન આપનારા નાના મોટા તમામ કાર્યકરો અને માર્ગદર્શકોને અભિનંદન સાથે શુભેચ્છા આપી છે. તેમણે કહ્યું છે કે, ૬ એપ્રિલ,૧૯૮૦ (૨૧મી ઓક્ટોબર ૧૯૫૧ ભારતીય જનસંઘ)ના રોજ સ્થપાયેલાં ભારતીય જનતા પક્ષને ૪૪ (જનસંઘ-ભાજપના સંયુક્ત ૭૪) વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. સક્ષમ નેતૃત્વ અને સમર્પિત કાર્યકર્તાઓના સંકલ્પબળ દ્વારા વિચાર, વિકાસ અને વિશ્વાસ થકી ભાજપે આજે ભારતને વૈશ્વિક સ્તર પર સન્માન સાથે વધુ મજબૂત સ્થાન અપાવ્યું છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ સમગ્ર દેશમાં કોંગ્રેસના શાસન દરમિયાન હિન્દુત્વ વિરોધી માનસિકતા ઊભી કરવાના અત્યંત બદઈરાદાભર્યા પ્રયાસો કરવામાં આવ્યા હતા. આવા સમયે જનસંઘ-ભાજપનાં સૂર્યોદયથી દેશની એકતા, અખંડિતા, રાષ્ટ્રવાદ અને લોકશાહીને નવજીવન મળી શક્યું. ઈ.સ. ૧૯૫૨ની સામાન્ય ચૂંટણીમાં લોકસભાની માત્ર ત્રણ બેઠકો મેળવનાર જનસંઘ ૧૯૬૨ સુધીમાં દેશનો પ્રમુખ રાજકીય પક્ષ બની ગયો હતો. ઈ.સ. ૧૯૬૮માં પંડિત દિનદયાળજીનાં નિધન બાદ અટલ બિહારી વાજપાઈજીએ જનસંઘની કમાન સંભાળી અટલ બિહારી વાજપાઈ વિદેશમંત્રી બન્યા હતા. થોડા વર્ષો બાદ જનસંઘના કાર્યકરોએ નભાજપથ એટલે કે ભારતીય જનતા પક્ષની સ્થાપના ૬ એપ્રિલ ૧૯૮૦ના રોજ કરી. ૪૪ (૭૪)વર્ષ બાદ આજે ભાજપ રાષ્ટ્રવાદી વિચારધારા, સુરાજ્ય શાસનપદ્ધતિ અને પરંપરાગત મૂલ્યોની જાળવણી કરનાર વિશ્વનો સૌથી મોટો રાજનૈતિક પક્ષ બની ગયો છે. ૩માંથી ૩૦૦બેઠકોએ પહોચેલી ભાજપ હવે ૪૦૦ બેઠકો જીતીને કરોડો ભારતીયોના સપનાને સંકલ્પબદ્ધ રીતે પૂર્ણ કરશે.

આ વિરાટ વિભૂતિઓની છત્રછાયામાં અટલ બિહારી વાજપાઈજી અને લાલકૃષ્ણ અડવાણીજી મૂલ્યનિષ્ઠ, નૈતિક, આદર્શ રાજનીતિના પાઠ શીખ્યા. રાષ્ટ્રવાદ, એક ભારત શ્રેષ્ઠ ભારત અને સામાજીક ભાઈચારાની વિચારધારાને આજે કેન્દ્રમાં ભાજપ સરકારના વડાપ્રધાન નરેદ્રભાઈ મોદી અને ગૃહપ્રધાન અમિતભાઈ શાહ તેમજ ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના નેતૃત્વમાં પક્ષના તમામ સનિષ્ઠ કાર્યકર્તાઓ અને અગ્રણીઓ આગળ વધારી રહ્યા છે તેમ અંતમાં રાજુભાઈ ધ્રુવે જણાવી ભાજપ સ્થાપના દિન નિમિત્તે તમામ દેશવાસીઓ – કાર્યકર્તાઓને શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા છે.

# વી આઈ એ ક્લાઉડ પ્લે મોબાઈલ ક્લાઉડ ગેમિંગ લોન્ચ કરી

## ક્લાઉડ પ્લે કોઈપણ ડાઉનલોડની જરૂરિયાત વિના એન્ડ્રોઈડ અને આઈઓએસ હેન્ડસેટ પર ઈન્સ્ટન્ટ, શ્રેષ્ઠ ગેમિંગ અનુભવ પૂરો પાડે છે

રાજકોટ

મોબાઈલ-ફર્સ્ટના ચલણના લીધે ભારતમાં ગેમિંગ ઉદ્યોગે જબરદસ્ત પ્રગતિ સાધી છે. ઈન્ડસ્ટ્રી રિપોર્ટ્સ સૂચવે છે કે ગેમિંગ એ દેશમાં એક અબજ ડોલરનું માર્કેટ બની શકે છે અને ગેમિંગ વિશ્વમાં ક્લાઉડ ગેમિંગ નવા શિખરો સર કરશે. કન્ઝ્યુમર્સના સતત વધી રહેલા રસને સંતોષવા અગ્રણી ટેલિકોમ ઓપરેટર વૈ એ પેરિસમાં હેડક્વાર્ટર ધરાવતી કેરગેમની સાથે મળીને મોબાઈલ ક્લાઉડ ગેમિંગ સર્વિસ – ક્લાઉડ પ્લે લોન્ચ કરી છે. તેના મોબાઈલ ગેમિંગ પ્રપોઝિશનને મજબૂત કરતા ક્લાઉડ પ્લે એક્શન, એડવેન્ચર, આર્કેડ, રેસિંગ, સ્પોર્ટ્સ અને સ્ટ્રેટેજી સહિતના વિવિધ ક્ષેત્રો પ્રિમિયમ એએએ ગેમ્સની વિવિધ પસંદગીઓ પૂરી પાડે છે. આ લોન્ચ કેટલોગમાં આસ્ફાલ્ટ ૯, મોર્ડન કોમ્બેટ ૫, શેડો લાઈટ, સ્ટોર્મ્ બ્લેડ્સ, રિપ્ટાઈડ, બીચ બગી રેસિંગ, ગ્રેવિટી રાઈડર અને ક્લાસિક જેવી કે કટ ધ રોપ, સબવે સર્ફર્સ અને જેટપેક જોયરાઈડ જેવી મોબાઈલ ગેમ સમાવિષ્ટ છે. આગામી સપ્તાહોમાં ગેમ્સની મજબૂત લાઈન અપ રિલીઝ થશે.

ક્લાઉડ પ્લે સબ્સ્ક્રીપ્શન આધારિત સર્વિસ છે જેની કિંમત દર મહિને રૂ. ૧૦૦ (પ્રિપેઈડ યુઝર્સ માટે રૂ. ૧૦૪) છે. યુઝર્સ સબ્સ્ક્રીપ્શન પેક ખરીદતા પહેલા ઈન્ટ્રોડક્ટરી ઓફર તરીકે નિઃશુલ્કપણે આ સર્વિસનું સેમ્પલ લઈ શકે છે. વી આઇ એ ક્લાઉડ પ્લે સાથે ગેમર્સ મલ્ટીપલ ગેમ્સ ડાઉનલોડિંગની ઝંઝટ વિના તરત જ ગેમ રમી શકે છે. તે રિચ ગ્રાફિક્સ સાથેની હાઈ-ફિડેલિટી ગેમ્સ ઓફર કરે છે અને મલ્ટીપ્લેયર ગેમિંગને સપોર્ટ કરે છે જે ન કેવળ ડિવાઈસ મેમરી બચાવે છે પરંતુ વધારાના હેન્ડસેટ અપગ્રેડની જરૂરિયાત પણ દૂર કરે છે જેથી યુઝર્સને મોટાપાયે બચત થાય

# અમરેલીમાં સીમમાં રમતા બાળકને વિફરેલી સિંહણ ઉઠાવી ગઈ, દૂર લઈ જઈ ફાડી ખાધો



## વનવિભાગને માત્ર બાળકના અવશેષો હાથ લાગ્યા

અમરેલીઃ

અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે, જેથી સિંહો તેમજ સિંહણ હવે જંગલ વિસ્તાર છોડી રહેણાંક વિસ્તારમાં લટાર મારી રહ્યા છે. જેને પગલે અનેક વખત લોકો પર હુમલો કરવાની ઘટનાઓ નોંધાઈ રહી છે. ત્યારે ગત રોજ સાવરકુંડલાના લુવારા ગામની સીમમાં રમી રહેલા ૭ વર્ષના બાળક પર એક સિંહણે હુમલો કર્યો હતો. જે બાદ દુર લઈ જઈ બાળકને ફાડી ખાંધો હતો. વનવિભાગની ટીમે તાત્કાલીક પહોંચી સિંહણ પકડવા માટે ઓપરેશન હાથ ધર્યું હતું. ત્યારે બાળકના માત્ર અવશેષો હાથ લાગ્યા હતા. તેમજ વહેલી સવારે સિંહણ મળી આવતા તેને પાંજરે પૂરી હતી.લુવારા ગામની સીમમાં બાળક સાંજના સમયે રમતો હતો. ત્યારે એક સિંહણ આવી ચડી હતી. આ બાળક કઈ સમજે તે પહેલા તો સિંહણે બાળક પર હુમલો કરી દીધો હતો. જે બાદ બાળકને દૂર સુરજવડી નદી કાંઠે સિંહણ લઈ ગઈ હતી. બીજી તરફ બાળકના પરિવારજનોને જાણ થતાં જ વનવિભાગને જાણ કરવામાં આવી હતી. જેને પગલે વનવિભાગની ટીમો દોડી આવી હતી. સિંહણને શોધવા માટે વનવિભાગે ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન સિંહણનું લોકેશન મેળવ્યું હતું. ઉપરાંત તે જ વિસ્તારમાં સિંહણના ૨ બચ્ચા પણ હતા. જેના કારણે વનવિભાગમાં ભારે દોડધામ મચી હતી.વનવિભાગ દ્વારા આખી રાત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે વનવિભાગને બાળકના કેટલાક અવશેષો મળ્યા હતા. જેથી માસૂમ બાળકનો મૃતદેહ મોડી રાતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પીએમ માટેની કાર્યવાહી હાથ ધરી હતી. ખેતીકામ કરતા પરિવારના માસૂમ બાળકને સિંહણે ફાડી ખાધો હતો, જેથી પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. વનવિભાગ દ્વારા પંચનામાની કામગીરી કરી પરિવારના નિવેદનો લઈ કાર્યવાહી હાથ ધરી છે.મોડી રાતે સાવરકુંડલા રેન્જ વનવિભાગની ટીમે સિંહણનું લોકેશન મેળવી લીધું હતું. જોકે, ૨ સિંહબાળ પણ નજીકના વિસ્તારમાં જ હતા જેના કારણે રેસ્ક્યુ ઓપરેશન રાતભર ચાલ્યું હતું. વનવિભાગની ટીમો દ્વારા અલગ અલગ વિસ્તારમાં પાંજરા ગોઠવી સિંહણને પાંજરે પુરવા માટેની કવાયત શરૂ કરી હતી. આખી રાત ઓપરેશન ચાલ્યા બાદ વનવિભાગની ટીમને વહેલી સવારે સફળતા મળી હતી અને સવારે ૫ વાગ્યા આસપાસ સિંહણ અને ૨ બચ્ચાને પાંજરે પુર્યા હતા. જેથી સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે.ગીર પૂર્વ ડી.સી.એફ.રાજદીપ સિંહ ઝાલા, ઈન્ચાર્જ એસીએફ ત્રિવેદી, રેન્જ ફોરેસ્ટ ઓફિસર પ્રતાપ ચાંદુ, ફોરેસ્ટર ટ્રેકર્સ સહિત અલગ અલગ કર્મચારીઓ અને રેસ્ક્યુ ટીમો આ ઓપરેશનમાં જોડાઈ હતી. હાલ ધારી એનિમલ કેર સેન્ટર ખાતે સિંહણ અને તેના બચ્ચાને રાખવામાં આવશે.

# માણેકવાડા સેવા સહકારી મંડળી રદ કરાશે

## મંડળીના મંત્રીએ ૨૯ લાખની ઉચાપત કરી છતા સંચાલકોએ પગલા ન લીધા, પ્રમુખ સહિત ૧૧ સભ્યોની જવાબદારી નક્કી થઈ

અમરેલીઃ

બગસરા તાલુકાના માણેકવાડા ગામે આવેલ સેવા સહકારી મંડળીના મંત્રીએ દલા તરવાડીની જેમ મંડળીમાથી મોટી રકમની ઉચાપત કર્યા બાદ સંચાલકોએ પગલા લેવાના બદલે મંત્રીને રકમ વારંવાર જમા કરાવવા મુદત આપી સાથ સહકાર આપતા આ અંગે ચોકસી અધિકારીના રીપોર્ટ બાદ હવે મંડળી રદ કરવા તથા ફોજદારી કાર્યવાહી હાથ ધરવા કામગીરી શરૂ કરાઈ છે.માણેકવાડા સેવા સહકારી મંડળી ૧૯૬૫થી નોંધાયેલી છે. અને કૃષિ ધિરાણનુ કામ કરે છે. મંડળીના મંત્રી સાગર અરવિંદભાઈ પટોળીયાએ તારીખ ૧/૪/૧૯થી ૩૧/૩/૨૧ સુધીમા ૬ સભ્યોને સ્વભંડોળમાથી બેંકની મંજુરી વગર ધિરાણ આપ્યાનુ ચોપડે ચીતરી ઉચાપત કરી હતી. આ અંગે તંત્ર સુધી રજુઆત પહોંચ્યા બાદ લાંબી તપાસ કરવામા આવી હતી. મંડળીના સંચાલકો દ્વારા મંત્રી સાગર પટોળીયા સામે કાનુની કાર્યવાહી કરવાના બદલે વારંવાર રકમ જમા કરવાની તક અપાઈ હતી.સાગર પટોળીયાએ કેટલીક રકમ જમા કરાવ્યા બાદ હજુ પણ ૨૯.૧૩ લાખની રકમ જમા કરાવી ન હતી. ૩૧/૩/૨૧ના રોજ ૬૪.૦૯ લાખની રકમ હાથ પર સીલક તરીકે હતી. ઉપરાંત ૩.૦૫ લાખનુ વ્યાજ મળી કુલ ૯૬.૨૭ લાખનો હિસાબ મળતો નથી. ચોકસી અધિકારીએ પોતાના રીપોર્ટમા સ્પષ્ટ જણાવ્યું હતુ કે મંત્રીએ નાણા જમા નહી કરાવવા છતા સંચાલકોએ કોઈ કાનુની પગલા નહી ભરી આઈપીસી કલમ ૪૦૬,૪૦૮,૪૧૭,૪૨૦ વિગેરે હેઠળ ઉચાપત કર્યાનુ સ્પષ્ટ થાય છે. અને તેમા તમામની સંયુકત જવાબદારી બને છે.જિલ્લા રજીસ્ટારે આ રીપોર્ટના આધારે આ તમામ સભ્યોને કારણ દર્શક નોટીસ પાઠવી છે અને તેમની સામે ફોજદારી ગુનો બનતો હોવાનુ જણાવી આ મંડળી રદ શા માટે ન કરવી તે અંગે આગામી ૮મી તારીખે તમામને સાંભળવાની મુદત આપી છે. ત્યારબાદ મંડળી રદ કરવાની અને મંડળીના મંત્રી અને પ્રમુખ સહિત ૧૧ શખ્સો સામે ફોજદારી કાર્યવાહી કરવા આગળની કામગીરી હાથ ધરાશે.ચોકસી અધિકારી દ્વારા આ અંગે તપાસ શરૂ કરાઈ ત્યારે મંત્રી કે જવાબદાર કમિટીના એકેય સભ્યએ તેમને કોઈ જવાબ લખાવ્યો ન હતો કે રેકર્ડ પણ રજુ કર્યુ ન હતુ.

# ભાગીદારી છુટી થતાં રૂપિયા ૭ લાખની ઉઘરાણીનાં મુદ્દે યુવાન પર એસિડ ફેંકયું

અમરેલીઃરાજુલા તાલુકાના બારપટોળી ગામના એક યુવાને દુકાનમાથી ભાગીદારી છુટી કરતા અન્ય ભાગીદારને સાત લાખ ચુકવવાના હોય તેની ઉઘરાણીના મુદે ભાગીદારના પિતા તથા અજાણ્યા શખ્સે તેના પર હુમલો કરી માથે એસીડ છાંટી ભાગી જતા ઘાયલ યુવકને સારવાર માટે દવાખાને ખસેડાયો છે.યુવાન પર એસીડથી હુમલાની આ ઘટના રાજુલા તાલુકાના બારપટોળી ગામના શિવાભાઈ બાલુભાઈ લાખણોત્રા (ઉ.વ.૩૯) સાથે બની હતી. તેઓ પોતાના મિત્ર સાથે મીની ટ્રેકટરમા કપાસ ભરી આજે સવારે રાજુલા યાર્ડમા જવા નીકળ્યાં હતા. તેઓ નવી બારપટોળીથી રાજુલા તરફ જતા ભુતડા દાદાના મંદિર પાસે પહોંચ્યા ત્યારે સમઢીયાળાનો બીજલ લક્ષ્મણભાઈ વાઘ અને એક અજાણ્યો એમ બે શખ્સોએ બાઈક પર આવી તેને આંતર્યા હતા.બીજલ વાઘે સિધુ જ તેના હાથમા રહેલી બોટલમાથી શિવાભાઈ પર એસીડ ફેંકયુ હતુ. જેના પગલે તેમના હાથ અને પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બુકાનીધારી અજાણ્યા શખ્સે તેમને ગાળો દીધી હતી અને બાદમા બાઈક પાછુ વાળી કાતર ગામ તરફ નાસી ગયા હતા. ઘવાયેલા શિવાભાઈને સારવાર માટે દવાખાને ખસેડાયા હતા. તેમણે પોલીસને જણાવ્યું હતુ કે બિજલ વાઘના પુત્ર મુકેશ સાથે તેણે રાજુલામા કાપડની દુકાન કરી હતી. અને ભાગીદારી છુટી કરતા ૧૨ લાખ મુકેશને દેવાના હતા. જે તે સમયે પાંચ લાખ ચુકવ્યા હતા. અને બાકીના ૭ લાખની ઉઘરાણી તેઓ કરતા હતા. તેના મનદુખમા આ હુમલો થયો હતો જે અંગે પોલીસે ગુનો નોંધ્યો હતો.

# ખોડિયાર ડેમમાંથી ખેડૂતોને માટી ઉપાડવાની મંજુરી, રિપેરીંગની કામગીરી ૬૦ ટકા પૂર્ણ

અમરેલીઃધારીના ખોડિયાર ડેમનું રીપેરીંગ કામ અત્યારે ચાલી રહ્યું છે. જળાશયના દરવાજા ખોલી પાણી નદીમાં વહાવી દેવામાં આવ્યું હતું. ત્યારે ખોડિયાર ડેમમાં રીપેરીંગ કામગીરીની સાથે સાથે માટી પણ ઉપાડવામાં આવશે. અહીં ખોડિયાર ડેમમાંથી ૧૨ જેટલા ખેડૂતોએ માટી ઉપાડવાની મંજુરી લીધી હતી.ધારીના ખોડિયાર ડેમમાં દરવાજા રીપેરીંગની કામગીરી અત્યોર ચાલી રહી છે. ઈજનેર શૈલેષભાઈ કાતરીયાએ જણાવ્યું હતું કે ખોડિયાર ડેમમાં ૯ દરવાજા આવેલા છે. અહીં દરવાજા રીપેરીંગ સહિતની કામગીરી શરૂ છે. અત્યારે ૬૦ ટકા કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.ડેમમાં અત્યારે ૫ ટકા જેટલું પાણી છે. માટી ઉપાડવા માટે પણ ૧૨ જેટલા ખેડૂતોને મંજુરી આપવામાં આવી છે. જો કે હજુ માટી ઉપાડવાની કામગીરી શરૂ થઈ નથી. પરંતુ જે ખેડૂતને મંજુરી આપવામાં આવી છે. તે ૩૧ મે સુધીમાં માટી ઉપાડી શકશે.ધારી ખોડિયાર ડેમના ઈજનેર શૈલેષભાઈ કાતરીયાએ જણાવ્યું હતું કે આચાર સંહિતા પહેલા ૧૨ જેટલા ખેડૂતોની માટી ઉપાડવા માટે અરજીઓ આવી હતી. જેને મંજુરી આપવામાં આવી છે. પરંતુ નવી અરજીઓને આચાર સંહિતના પગલે મંજુરી ન મળી શકે.



# પલટી ખાઈ ગયા બાદ ટ્રક ભડભડ સળગી ઉઠ્યો

બાબરાઃબાબરાના લુણકી નજીક કુતરૂ આડું પડતા બોર્ડ ભરેલ ટ્રક પલટી મારી ગયો હતો. અને સીએનજી ટ્રકમાં આગ ભભુકી ઉઠી હતી. અમરેલી ફાયર તંત્રની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. ટ્રક પલટવાની ઘટનામાં એક વ્યક્તિને ઈજા પહોંચી હતી.બાબરાના લુણકી નજીક ટ્રક નંબર જી.જે.૦૩.બી.વાય-૮૫૮૩ પસાર થઈ રહ્યો હતો. આ ટ્રકમાં બિપીનભાઈ દલુભાઈ વોરા સહિતના ત્રણ લોકો હતા. ટ્રકમાં બોર્ડ ભરેલા હતા. લુણકી નજીક પહોંચતા ટ્રક આડે કુતરૂ પડ્યું હતું. જેના કારણે ડ્રાઈવરે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. અને ટ્રક પલટી મારી ગયો હતો.સીએનજી ટ્રકમાં આગ લાગી હતી. આ ઘટનામાં અમરેલી જિલ્લા ફાયર ઓફિસર એચ.સી.ગઢવીની રાહબરી નીચે ફાયર તંત્રના ભગવતસિંહ ગોહિલ, સાગરભાઈ પુરોહિત, જગદીશભાઈ ભુરીયા, ઈન્દ્રજીતસિંહ ખુમાણ અને ધર્મેશ જુવાદરીયાએ ઘટના સ્થળે દોડી જઈ આગ પર પાણીનો મારો ચલાવી કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનીથઈ ન હતી. પરંતુ ટ્રક પલતી જતા એક વ્યક્તિને માથાના ભાગે ઈજા પહોંચી હતી.

# અપહરણના ગુનામાં સંડોવાયેલ આરોપી ઝડપાયો

અમરેલીઃઅમરેલી જિલ્લામાં પોકસો અને અપહરણ કરવાના ગુન્હાઓ સતત વધી રહ્યા છે. રાજુલા પોલીસ સ્ટેશનમાં થોડા દિવસો પહેલા પોકસો અને અપહરણનો એક ગુન્હો નોંધાયો હતો. જેમાં સગીરવયની દીકરીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ઉઠાવી જતા સાવરકુંડલાના આરોપી અનિલ ઉકાભાઈ ગંગેરા સામે પોલીસ ફરિયાદ નોંધાય હતી. ઘટનાની ગંભીરતા સમજી જિલ્લા પોલીસ વડાએ સૂચના આપતા રાજુલા પોલીસની ટીમ આરોપીને પકડવા માટે કવાયત હાથ ધરી હતી. જેમાં આરોપી વલસાડ જિલ્લાના વાપી તાલુકાના ૈૅંડ્ઢઝ્ર વિસ્તારમાંથી આરોપીને પકડી પાડ્યો અને સગીરને શોધી લવાય હતી અને અપહરણ પોકસો જેવા ગંભીર ગુન્હાનો ભેદ ઉકેલી દેવાયો છે.રાજુલા પી.આઈ. આઈ. જે.ગીડાની સૂચનાને લઈ પી.એસ. આઈ. એમ.એફ. ચૌહાણ, સર્વેલન્સ સ્કોડ જયેન્દ્રભાઈ બસીયા, મધુભાઈપોપટ, હરપાલ સિંહ ગોહિલ, મહેશભાઈ બારૈયા, રાવીરાજભાઈ વરૂ, હરેશભાઈ, ઘનશ્યામભાઈ, અંકિતાબેન, હસમુખભાઈ સહિત પોલીસ કર્મચારીઓની ટીમને ગુન્હો ડિટેક કરવામાં સફળતા મળી છે.



# બે બાઈક સામસામે અથડાતા બે મિત્રોના મોત, અન્ય બાઈક ચાલક બાઈક મૂકી ફરાર

ગોંડલઃ ગોંડલ તાલુકાનાં કમઢીયા પાસે મામદેવનાં મંદિર નજીક ગત રાત્રીનાં બે બાઈક સામસામા અથડાતા સર્જાયેલા અકસ્માતમાં જેતપુરનાં નવાગઢ તથા સરધારપુરનાં બે મિત્રોનાં ગંભીર ઈજાઓને કારણે ઘટના સ્થળે મોત નિપજ્યાં હતા. બનાવ બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બન્નેનાં મૃતદેહોને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.ગત રાત્રીનાં દશ વાગ્યાનાં સુમારે ગોંડલ-દેરડી રોડ પર આવેલા કમઢીયા ગામનાં મામાદેવના મંદિર નજીક બે બાઈક ધડાકાભેર સામસામા અથડાતા સર્જાયેલ અકસ્માતમાં જેતપુરનાં નવાગઢ ખોડીયારધામમાં રહેતા હિતેશ હરીભાઈ મકવાણા (ઉ.વ.૧૭)તથા જેતપુરના સરધારપુર રહેતા પ્રકાશ ભોવાનભાઈ મેણીયા (ઉ.વ.૨૦)ને ગંભીર ઈજાઓ પંહોચતા ઘટના સ્થળે મોત નિપજ્યાં હતા. અકસ્માતનો ભોગ બનનાર હિતેશ તથા પ્રકાશ બન્ને મિત્રો હતા. નવાગઢથી કમઢીયા મામાદેવનાં મંદિર દર્શન કરવા બાઈક પર જઈ રહ્યા હતા. બન્ને છુટક મજુરીકામ કરતા હતા. હિતેશ બે ભાઈઓનાં પરીવારમાં નાનો હતો. જ્યારે પ્રકાશ પણ બે ભાઈઓનાં પરીવારમાં નાનો હતો. અકસ્માતમાં સામેના બાઈક ચાલક અકસ્માત બાદ નાશી ગયો હોય સુલતાનપુર પોલીસે તપાસ હાથ ધરી છે.



# ખેતરમાંથી ચોરી કરેલા ૫૦ મણ ઘઉં સાથે શખ્સ ઝડપાયો

ધોરાજીઃજામકંડોરણા રોડ પર વાડી વિસ્તારમાંથી ૫૦ મણ જેટલા ઘઉ ચોરી થયાની ફરિયાદ નોંધાઈ હતી. ધોરાજી પોલીસે ૨૨ બાચકા ઘઉં તેમજ બોલેરો પીકવાન સાથે વડિયા પંથકના શખ્સની ધરપકડ કરી છે. આ બનાવ અંગેની પોલીસ મથક ખાતે થી જાણવા મળેલી વિગતો મુજબ ધોરાજીના ફરિયાદી હિરેનભાઈ નારદભાઈ પોલીસ મથક ખાતે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે,ધોરાજી જામકંડોરણા રોડ ઉપર હનુમાન વાડી પાસે રોડ કાંઠે આશરે સાત વિઘા ખેતીની જમીન છે.મેં ઘઉં વાવેલ હતા. મારો પાક તૈયાર થઈ જતા આશરે ૧૬૦ મણ જેટલા ઘઉં થયેલ. જેનો ઢગલો મારા ખેતરમાં જ પડેલ હતો આ ઘઉંનો ઢગલો વેર-વિખેર પડેલ હતાં ખેતરમાંથી બહાર રોડ સુધી કોઈ ફોરવ્હીલ વાહનના ટાયર નિશાન જોવામાં આવેલ અને આખા રસ્તે છુટા-છવાયા ઘઉં ઢોળાયેલ હતા. જે ઘઉં તે ફોરવ્હીલ વાહનમાંથે ઢોળાયેલનું મારૂ માનવું છે. બાદ ઘઉંના ઢગલે આવી જો તા આ ઘઉંના ઢગલામાંથી અંદાજે ૫૦ મણ જેટલા ઘઉં જેની કિંમત રૂ.૨૨,૫૦૦ થાય તે કોઈ ચોરી કરી લઈ ગયુ હોવા ની પોલીસ ફરિયાદ નોંધાવી હતી.ધોરાજી તાલુકા પોલીસ મથક ના પીએસઆઈ જેઠવા સહિતના પોલીસ સ્ટાફે ચોરી કરેલા ઘઉં નો જથ્થો સહિત નાં મુદામાલ સાથે શખ્સ ને ઝડપી પાડી ને કાર્યવાહી હાથ ધરી છે. આ અગે ધોરાજી તાલુકા પીએસઆઈ જેઠવા એ જણાવ્યું હતું ધોરાજી તાલુકા મથકના જામકંડોરણા રોડ ખાતે વાડી વિસ્તારમાં ૧૬૦ મણ ઘઉંના ઢગલો પડેલ હોય જે ઘઉંના ઢગલા માંથી આશરે ૫૦ મણ ઘઉં વાહનમાં ભરી કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયા ની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી જે કેસ મામલે પોલીસ સ્ટાફે સીસીટીવી કેમેરા ની ચકાસણી કરી ને બાતમીના આધારે ૨૨ બચકા ઘઉં ભરેલા બોલેરો પીકપ વાહન સાથે વડીયા પંથક રહેતા જીતુ કિશન વાઘેલા ને રૂ ૨લાખ ૭૨હજાર ના મુદ્દામાલ સાથે ઝડપી પાડીને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

# લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા જ રહેશે, અમરેલીના લોકો સાથે સ્નેહ સંવાદ કાર્યક્રમનું આયોજન

## ચૂંટણી લડવાનો સ્પષ્ટ સંકેતઃ હવે પછી બે વખત તમારે આવવાનું છે એક હું ફોર્મ ભરવા જાવ ત્યારે અને મતદાનના દિવસેઃ રૂપાલા






રાજકોટઃ

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા રાજકોટથી જ ચૂંટણી લડશે એવો સ્પષ્ટ સંકેત ખુદ પુરુષોત્તમ રૂપાલા એ જ આપી દીધો છે. રાજકોટ રહેતા અમરેલીના લોકો સાથે એક સ્નેહ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પુરુષોત્તમ રૂપાલાએ પોતાના મંતવ્ય શરૂ કરતા સાથે પહેલા જ જણાવ્યું હતું કે, હવે પછી બે વખત તમારે આવવાનું છે એક હું ફોર્મ ભરવા જાવ ત્યારે અને મતદાનના દિવસે. આ નિવેદન ઉપરથી આ વાત સ્પષ્ટ સંકેત આપવામાં આવી રહ્યો છે કે આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા જ રહેશે.રાજકોટના નવા ૧૫૦ ફૂટ રિંગરોડ પર ટીલાળા ચોક નજીક આવેલ ક્રિષ્ના ગૌશાળા ખાતે એક કાર્યક્રમનું આયોજન અંબરીશ ડેરની આગેવાનીમાં અમરેલી જિલ્લાની યુવા ભાજપની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. મૂળ અમરેલીના અને રાજકોટમાં વસતા લોકો સાથે સ્નેહ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મૂળ અમરેલીના અને રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા ઉપસ્થિત રહ્યા હતા.રાજકોટના લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે, આજે મારે આમ તો તમને બધાને વધુ કઈ કેવાની જરૂર નથી પણ એક વાત ખાસ કહું છું. બે દિવસ તમારે બધાએ ફરજિયાત આવવાનું છે. એક હું તમને સમય આપીશ એક-બે દિવસમા ફોર્મ ભરવાની તારીખ નક્કી કરીને આપીશ ત્યારે પાઘડી બાંધી તમારે બધાને આવવાનું છે. પાઘડી બાંધવાનો મતલબ એટલે કે જાનૈયા બનીને તમારે બધાએ આવવાનું છે. અને આ પછી બીજી વખત મતદાનની તારીખ આવે ત્યારે સાગમટે આવવાનું છે.વધુમાં તેમને જણાવ્યું હતું કે, મારી ઉપર ઈશ્વરીયા મહાદેવની કૃપા છે કે અંબરીશ ડેર મને મદદે આવ્યો એનાથી મોટી ભગવાનની કૃપા હોય ન શકે. અમરેલીથી પાણીની સમસ્યા કારણે જ મોટાભાગ લોકો અહીં રાજકોટ આવ્યા હશે. હું અમરેલીમાં ચીફ ઓફીસર હતો ત્યારે ૧૫ દિવસે ૧૫ મિનિટ પાણી વિતરણ થતું. કોંગ્રેસની સરકાર હતી ત્યારે ડંકીના દાર મંજૂર કરતા અને ટેક્રો ફાળવતા આ જ ઉપાય હતો. માંગ્યા વિના મા પણ ન પીરસે પરંતુ, માંગ્યા વિના આપે એ નરેન્દ્ર મોદી. મોદીએ ૨૪ કલાક વીજળી આપી, નર્મદાનું પાણી આપ્યું, આરોગ્ય ક્ષેત્રે ૧૦૮ સુવિધા આપી.રશિયા-યુક્રેન યુધ્ધ સમયે ૨૨,૦૦૦ દીકરા - દીકરીઓને બચાવી ભારત લઈ આવ્યા ત્યારે એક દીકરાએ મને કહ્યું કે, ઘરેથી બહાર નીકળો ત્યારે ત્રિરંગો લઈને બહાર નીકળજો એવી સૂચના અમને આપવામાં આવી હતી. આ ભારતનો વટ પડી ગયો કહેવાય અને વટવાળાની સાથે હમેશા રહેવાય માટે તમે અહિં મને મત આપો તે સ્વાભાવિક છે પણ ભાજપને મતદાન કરવા બધાને અપીલ કરજો.કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના નેતા અંબરીશ ડેર દ્વારા અમરેલી જિલ્લાના ૮ આગેવાનો સાથે મળી સ્નેહ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના સમર્થનમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અંબરીશ ડેરે જણાવ્યું હતું કે, રાજકોટ અને અમરેલીનો એકબીજાનો જૂનો નાતો છે. રાજકોટમાં પાણીની સમસ્યા હતી ત્યારે અમરેલીએ ટ્રેન મારફત પાણી પહોચાડ્યું હતું અને તોકતે વાવાઝોડા દરમિયાન રાજકોટ અમરેલીની મદદે આવ્યું હતું. રાજકોટમાં પાણીની તકલીફ પૂરી કરવા રાજુલા તાલુકા ધાતરવડી ડેમ ખાતેથી પાણી ભરીને ટ્રેન મારફતે પાણી પહોંચાડ્યું હતું. એટલે બધાને અપીલ કરું છું કે પુરુષોત્તમ રૂપાલાને મત આપજો અને આસપાસના લોકોને પણ ભાજપના ઉમેદવારને મત આપવા અપીલ કરજો.

# રાજવી પરિવારોનો ક્ષત્રિય સંમેલનને ટેકોઃઆજે રાજવીઓ એકઠા થશે, રાજકોટમાં રણનીતિ ઘડાશે



અમદાવાદઃપુરુષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદન મામલે ક્ષત્રિય સમાજ દ્વારા આગામી રણનીતિ ઘડવામાં આવી રહી છે. દેશભરના રાજવીઓને આંદોલનમાં જોડવાની જવાબદારી ઉતેળિયાના યુવરાજ સાહેબ ભગીરથસિંહને સોંપાઈ છે. આવતીકાલે ૬ એપ્રિલે રાજવીઓ એકત્રિત થઈ રૂપાલા વિરુદ્ધ અમદાવાદમાં પ્રેસ-કોન્ફરન્સ કરશે. એ બાદ રાજકોટમાં ક્ષત્રિય સમાજની કોર કમિટીની બેઠક મળશે અને અહીંથી આગળની રણનીતિ નક્કી કરવામાં આવશે. રાજકોટ સહિત ગોધરામાં પણ મોટા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૭ એપ્રિલને રવિવારની સાંજે ધંધુકામાં ક્ષત્રિય સમાજનું મોટું સંમેલન મળશે. તમામ કાર્યક્રમોને લઈ રાષ્ટ્રીય કરણી સેનાના પ્રમુખ મહિપાલસિંહ ગુજરાત આવશે.ઉતેળિયાના યુવરાજ સાહેબ ભગીરથસિંહે જણાવ્યું હતું કે, પુરુષોત્તમ રૂપાલા દ્વારા જે વિવાદાસ્પદ નિવેદન આપવામાં આવ્યું છે, જેને લઈ રાજવી પરિવારો ખૂબ દુઃખની લાગણી અનુભવે છે. રાજવી પરિવારોએ દેશની લોકશાહીમાં ઘણું સમર્પણ કર્યું છે. ત્યારે આ રીતના નિવેદનથી ખૂબ જ દુઃખ લાગ્યું છે. તમામ રાજવીઓનો ક્ષત્રિય સમાજને ટેકો જાહેર કરવામાં આવ્યો છે. જ્યાં જ્યાં સમાજને જરૂર પડશે ત્યાં ત્યાં અમે તેમની સાથે ઊભા છીએ. સંસ્થાઓ દ્વારા જે પણ આગામી રણનીતિ તૈયાર કરવામાં આવશે અથવા કાર્યક્રમ આપવામાં આવશે, તેમની સાથે રહીશું.